## ચોથી વાર્ષિક પુણ્યતિથિએ શ્રધ્ધાંજલી



**સ્વ. મનહરસિંહજી (કટુભા) જાલમસિંહજી પરમાર**

**સ્વ. તા. ૧૯-૦૪-૨૦૨૧**

પરિવાર જેનું મંદિર હતું, સ્નેહ જેની શકિત હતી. પરિશ્રમ જેનું કર્તવ્ય હતું પરમાર્થ જેની ભકિત હતી. ધર્મ કદી ભુલ્યા નહીં. વ્યવહાર કદી ચુકયા નહીં. પરિવાર માટે ફુલ પાથરી ગયા, એવા દિવ્ય આત્માને પ્રભુ પરમ શાંતિ આપે એ જ પ્રાર્થના.

**ગં. સ્વ. નિતાબા મનહરસિંહજી પરમાર**
**ચેતનસિંહ મનહરસિંહજી પરમાર**

**રાજદીપસિંહ મનહરસિંહજી પરમાર | સોનિયા રાજદીપસિંહ પરમાર**
**વિશ્વદીપસિંહ ચેતનસિંહ પરમાર | પંચમિ રાજદીપસિંહ પરમાર**

**પરમાર પરિવારના જય માતાજી**

ઇશ્વરનો ધન્યવાદ કેવી રીતે કરવો જોઇએ ?

## મસીહનું ધરતી પર પુનરૂત્થાન એટલે 'ઇસ્ટર'



જેમકે આપણે જાણીએ છીએ તેમ "ગુડફ્રાઇડે" ગયું અને આપણા પ્રભુ ઈસુ મસીહે કેટલીય વેદના સહી તેમને ક્રૂસ પર લટકાવવામાં આવ્યા અને વેદના સહિત તેમણે પોતાના પ્રાણનો ત્યાગ કર્યો. આપણે સૌ તેના બાલિદાનને યાદ કરીએ છીએ અને તેની કદર કરીએ છીએ. જેમ ધર્મશાસ્ત્રમાં લખેલું છે તેમ કે પહેલા દિવસે ક્રૂસ પર ચડાવી દેવાયા, બીજા દિવસે દફનાવવામાં આવ્યા અને ત્રીજા દિવસે મરણમાંથી જીવીત થયા. ઈસુનો કેવો અદભૂત અને અનોખો પ્રેમ કે આપણા સૌ માટે ફરીવાર આપણી મધ્યે આવ્યા.

તેનું વર્ણન આ પ્રકારે છે કે જેમ કે બે દિવસ વીતી ગયા અને ત્રીજા દિવસે પરોઢિયે દેખો કે મરિયમ ગંદાલેણ અને તેમના સગા સબંધીઓ ઈસુની કબર પર સુગંધિત વસ્તુઓને લઈને ગયા પરંતુ તેઓએ એ નિહાળ્યું કે કબરનો પત્થર હટી ગયો હતો અને કબર ખુલ્લી હતી અને કબરની અંદર બરાફ સમાન સફેદ વસ્તુ પહેરેલા બે દૂતો ઊભા હતાં તેમને જોઈને આ લોકો ભયભીત થયા અને જોયું કે કબર ખાલી હતી જેમાં ઈસુનું શબ ન હતું . ત્યારે દૂતોએ તેમને કહયું કે તમે જીવતાં ને મરેલામાં કેમ શોધો છો ? ઈસુ અહીયા નથી તે તો જીવીત થઈ ઉઠયાં છે. ધન્યવાદ હો પરમ પિતાનો જેમ લખેલું હતું તે પૂર્ણ થયું કે મનુષ્ય પુત્ર પાપીઓનાં હાથમાં પકડાવાશે જો ક્રૂસ પર લટકાવાશે અને ત્રીજા દિવસે જીવીત થઈ ઉઠશે. આ જ આજનું પ્રવિત્ર પર્વ છે. જેને આપણે "ઈસ્ટર" કહીએ છીએ જે હંમેશા રવિવાર મતલબ કે ગુડફ્રાઈડે પછી આવે છે હવે આપણે ઈશ્વરનો ધ્યનવાદ કેવી રીતે કરવો જોઈએ ?

શું ખુશીઓ માનવીએ નવા કપડાં પહેરીએ કેક ખાઈએ અથવા તો સારૂં ભોજન બનાવીને પરિવારમાં આનંદ મનાવીએ ? શું આજ ઈસ્ટર ની સાચી ખુશી છે ?

નહી નહી નહી ! આપણે ખુશી જરૂર મનાવીએ એકબીજાને વધામણી પાઠવીએ, પ્રેમથી આ દિવસને મનાવીએ. પરંતુ આ અધૂરો આનંદ છે. આપણે આપણા દુશ્મનોને માફ કરવાના છે. ભેદભાવને ભૂલી જઈએ આપણે એકબીજાથી નફરત કરીએ છીએ તેમ પ્રેમમાં બદલવાનું છે. આપણા પ્રભુ ઈસુ નિદોર્ષ હોવા છતા કેટલાય જુલમ સહયાં અને તેમણે આપણાં પાપ-ગુનાઓને માફ કર્યા. કેવો અદભૂત પ્રેમ ! પ્રભુ મર્યા પણ આપણા માટે અને ત્રીજા દિવસે મૃત્યપર વિજય મેળવી જીવત થયાં પણ આપણા માટે આ જ તો છે ક્રૂસ યજ્ઞ, પાપ મોચન, સિધ્ધ બલિદાન !!।

આપ સર્વને મારા અને મારા પરિવાર તરફથી ઈસ્ટરની શુભકામના

ઈશ્વર આપ સર્વને મનોકામના પૂર્ણ કરે.

**The one who Does not love**
**Does not know GoD**
**Because GoD is Love**
**so beyond All things**
**put on Love Which is the**
**pefect Bond of Unity**
**Always Be Holy and**
**Blameless in love** (૩૬-૩)

**મિસિસ આઇલીન રોબિન્સન**
મો. ૬૩૫૫૦ ૮૪૬૯૮

## નગર સેવા સદન બનાવવા સરકારી સહાયમાં વધારો આવકાર્યઃ પ્રદિપ ખીમાણી



રાજકોટ, તા.૧૯: મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજયની નગરપાલિકાઓ પોતીકા નવા નગર સેવાસદનનું નિર્માણ કરી શકે તે માટે તેમને રાજય સરકાર દ્વારા આપવામાં આવતી સહાયમાં માતબર વધારો કરવાનો નિર્ણય કર્યો છે. નગર સેવાસદનમાં પોતાના કામકાજ માટે આવતા નાગરિકોને વધુ સરળતા અને સુવિધા મળે તેવો જનસુખાકારીનો અભિગમ મુખ્યમંત્રીએ આ નિર્ણયમાં રાખ્યો છે. તેમ ભાજપના અગ્રણી શ્રી પ્રદિપ ખીમાણી જણાવે છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત અપાતી આ સહાયની રકમ વધારો કરવાના નિર્ણય સાથોસાથ એવો પણ નિર્ણય કર્યો છે કે, નગર સેવાસદનના નિર્માણમાં દિવ્યાંગજનો અને વરિષ્ઠ નાગરિકો સહિતના લોકો માટે લિફ્ટની સુવિધા તથા ઊર્જા આત્મનિર્ભરતા અને વીજબિલમાં બચત માટે સોલાર સિસ્ટમ કાર્યરત કરવાની રહેશે.

ઉપરાંત વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી પ્રેરિત 'કેચ ધ રેઈન' અભિયાનને વેગ આપવા નવા નગર સેવાસદનના બાંધકામમાં વરસાદી પાણીના સંગ્રહની સિસ્ટમ પણ ઊભી કરવાના દિશાનિર્દેશો મુખ્યમંત્રીશ્રીએ આપ્યાં છે.

તદઅનુસાર 'અ' વર્ગની નગરપાલિકાઓને હવે નવું નગર સેવાસદન બનાવવા માટે રૂ. ૬ કરોડ તથા 'બ' વર્ગની નગરપાલિકાઓને રૂ. ૫ કરોડની સહાય રાજય સરકાર આપશે.

રાજયની 'ક' અને 'ડ' વર્ગની નગરપાલિકાઓને પ્રવર્તમાન સ્થિતિએ નવું નગર સેવાસદન બનાવવા માટે રૂ. ૧ કરોડની સહાય આપવામાં આવે છે તેમાં વધારો કરીને હવે 'ક' વર્ગની નગરપાલિકાઓને રૂ. ૪ કરોડ અને 'ડ' વર્ગની નગરપાલિકાઓને રૂ. ૩ કરોડ મળવાપાત્ર થશે. તેમ પ્રદિપ ખીમાણી જણાવે છે. (૨૨.૮)

## અવસાન નોંધ

### નિલેશભાઇ હિંડોચા



રાજકોટઃ સ્વ. શાંતિલાલ હીરાલાલ હિંડોચાના પુત્ર નિલેશ શાંતિલાલ હિંડોચા (ઉ.વ. ૪૯) તે સ્વ. રસિકભાઈ હિંડોચાના નાના ભાઈના પુત્ર તેમજ કનુભાઈ હિંડોચા (પૂર્વ કર્મચારી, RMC ) ના ભત્રીજા તથા રિલેશ, મિત્રસેનના ભાઈ તથા મહેકના પિતા અને હસુભાઈ માણેક (દ્વારકા) ના જમાઈનું તા. ૧૯ ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તેમજ પિયર પક્ષની સાદડી તા. ૨૧ ને સોમવારના રોજ સાંજના ૫ થી ૬ તેમના નિવાસ સ્થાનઃ શ્યામજીકૃષ્ણ વર્મા ટાઉનશિપ, સનરાઈઝ સ્કુલ પાસે, રેલનગર, રાજકોટ ખાતે રાખેલ છે.(૬.૧૧)

### બાબુભાઇ ગુજરાતી

રાજકોટઃ સ્વ.બાબુભાઈ કાનજીભાઈ ગુજરાતી (મુળઃભાટગામ) ખાંટ-રાજપુત તેઓ શ્રી જેન્તીભાઈ તથા ભરતભાઈના પિતાશ્રી તેમજ ધીરૂભાઈ તથા રમેશભાઈ ગુજરાતીના મોટાભાઈનું તા.૧૭ના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા.૨૧ને સોમવાર સાંજે ૪ થી ૬:૩૦ તેમના નિવાસસ્થાન લોહાનગર, રામાપીરના મંદીરની સામેની શેરી, જૈન ચાલ પાછળ, ગોંડલ રોડ રાખેલ છે. (૩૫.૧૯)



**ગુજરાતી ફિલ્મનું રેકોર્ડીંગઃ** રાજકોટઃ શ્રી દિવ્યરાજ ફિલ્મસના નેજા હેઠળ બની રહેલ ફિલ્મ 'તને મારા જેવો નઈ મળે'નું ઓડીયો રેકોર્ડીંગ પુરૂ થયું છે. સંગીતકાર મનોજ વિમલ, ગાયક સૈફુદીન ત્રિવેદી અને દિવ્યાનીબેન ચક્રવર્તી તેમજ રેકોર્ડર હાર્દિકભાઈ અને ફિલ્મના નિર્માતા હંસરાજ ઠાકોર નજરે પડે છે.(૪૦.૨૨)

## JEE મેઈનનું પરિણામ જાહેરઃ ૨૪ વિદ્યાર્થીઓએ ૧૦૦ પર્સન્ટાઈલ મેળવ્યા જેમાં ૨ ગુજરાતી

અમદાવાદ, તા.૧૯: નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA)એ શુક્રવારે મોડી રાત્રે એન્જિનિયરિંગ કોલેજોમાં પ્રવેશ માટે લેવામાં આવેલી જોઈન્ટ એન્ટ્રન્સ એક્ઝામિનેશન (JEE) મેઈન ૨૦૨૫ના બીજા તબક્કાનું પરિણામ જાહેર કર્યું. JEE મુખ્ય સત્ર એક અને બીજા સત્રની પરીક્ષામાં કુલ ૨૪ ઉમેદવારોએ ૧૦૦ પર્સન્ટાઈલ મેળવ્યા છે. ગુજરાતમાં શિવેન વિકાસ તોસનીવાલ અને આદિત પ્રકાશે ૧૦૦ પર્સન્ટાઈલ રેંક મેળવીને ટોપ કર્યુ હતું.

આ વર્ષે JEE મેઈન ૨૦૨૫ બે રાઉન્ડમાં લેવામાં આવી હતી. જો કોઈ ઉમેદવાર બંને સત્રોમાં હાજર રહ્યો હોય, તો અંતિમ મેરિટ યાદી તૈયાર કરતી વખતે JEE મેઈનમાં ઉમેદવારના શ્રેષ્ઠ સ્કોરને ધ્યાનમાં લેવામાં આવશે. આ વર્ષે પરીક્ષામાં કુલ ૯,૯૨,૩૫૦ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી, જેમાંથી ૬,૮૧,૮૭૧ મહિલા ઉમેદવારો અને ૩,૧૦,૪૭૯ પુરુષ વિદ્યાર્થીઓ હતા.

પહેલા સત્રમાં ૧૪ વિદ્યાર્થીઓએ ૧૦૦ પર્સન્ટાઈલ મેળવ્યા હતા. ૨૪ ઉમેદવારોમાંથી, ૭ રાજસ્થાનના, ૩-૩ મહારાષ્ટ્ર, તેલંગાણા અને યુપીના, ૨-૨ પશ્ચિમ બંગાળ, ગુજરાત અને દિલ્હીના છે. એક-એક કર્ણાટક અને આંધ્રપ્રદેશનો છે. ૧૦૦ પર્સન્ટાઈલ મેળવનારાઓમાં ૨૧ ઉમેદવારો સામાન્ય શ્રેણીના છે. ત્યાં જ, EWS, OBC (નોન-ક્રીમી લેયર), SC શ્રેણીમાંથી એક-એક ઉમેદવારે ૧૦૦ પર્સન્ટાઈલ મેળવ્યા છે. (૨૨.૧૧)

## અવસાન નોંધ

### દેવીબેન બક્ષી

રાજકોટઃ દેવીબેન બક્ષી, (ઉ.વ.૮૩) (નિવૃત એ.જી.ઓફિસ) તે સ્વ.ગીરધરલાલ છેલશંકર બક્ષી અને સ્વ.સુધાબેનના પુત્રી, સ્વ.યોગીભાઈ, સ્વ.નૈષધભાઈ, સ્વ.પુરણભાઈ, સ્વ.રક્ષાબેન, સ્વ.પ્રકાશભાઈ તેમજ સંજયભાઈ બક્ષીના બહેન, ચિરાગ(પુના), જીતેન, કુણાલ (અમેરીકા), હિના અને સેજલના ફઈનું તા.૧૮, શુક્રવારના રોજ અવસાન થયેલ છે. સદ્ગતની પ્રાર્થનાસભા તા.૨૦ રવિવારે સાંજે ૫:૩૦ થી ૬ વાગ્યે નિરંજની સોસાયટી મિટીંગ હોલ, નિરંજની સોસાયટી, રૈયા રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.(૪૦.૨૩)

## આવતીકાલનું પંચાંગ

॥ ૐ ॥

**વિક્રમ સંવત-૨૦૮૧**
**વીર સંવત ૨૫૫૧**
**શાલિવહન શક-૧૯૪૭**
**ઇસ્વીસન-૨૦૨૫**
**તા. ૨૦-૪-૨૦૨૪ રવિવાર**
**ચૈત્ર વદ-૭**
**ભાનું સપ્તમી**
**ઇષ્ટર સન્ડે**
**ભદ્રા ૬-૪૬ સુધી**

આજના ગ્રહો
સૂર્ય-મેષ
ચંદ્ર-ધન
મંગળ-કર્ક
બુધ-મીન
ગુરૂ-વૃષભ
શુક્ર-મીન
શનિ-મીન
રાહુ-મીન
કેતુ-કન્યા
હર્ષલ-વૃષભ
નેપ્ચ્યુન-મીન
પ્લુટો-મકર



કુમારભાઈ ગાંધી
મોબાઈલ
૯૩૭૪૮ ૧૬૯૭૭
કન્સલટીંગ
એસ્ટ્રોલોજીસ્ટ

**સૂર્યોદય-૬-૨૫**
**સૂર્યાસ્ત- ૭-૦૬**
**જૈન નવકારશી- ૭-૧૩**
**ચંદ્ર રાશિ - ધન (ભ.ફ.ધ.ઢ.)**
**૧૮-૦૩ થી મકર (ખ.જ.)**
**નક્ષત્ર- પૂર્વાષાઢ**
**રાહુ કાળ ૧૭-૩૨ થી ૧૯-૦૮**
**દિશા શૂળ - પશ્ચિમ**

**માંગલિક કાર્યોનો શુભ સમય**

વિજય મુર્હુત ૧૨-૨૦ થી ૧૩-૧૧ સુધી સાંજનો શુભ સમય ૬-૦૮ થી ૯-૧૯ સુધી ૭-૦૯ થી ચલ-લાભ-અમૃત- ૧૨-૪૬ સુધી ૧૪-૨૧ થી શુભ ૧૫-૫૭ સુધી ૧૯-૦૮ શુભ-અમૃત-ચલ- ૨૩-૨૧ સુધી

**શુભ હોરા**

૭-૨૮ થી ૧૦-૩૯ સુધી ૧૧-૪૨ થી ૧૨-૪૬ સુધી ૧૪-૫૩ થી ૧૮-૦૪ સુધી ૧૯-૦૮ સુધી, ૨૦-૦૪ સુધી

**બ્રહ્માંડના સીતારા**

રોજીંદા કાર્યમાં જેઓ સતત કાળજી પૂર્વક કાર્ય કરે છે. ઈમાનદારી રાખે છે. તેઓની ખુબ જ પ્રગતિ થાય છે. જીવનમાં નોકરીમાં પ્રમોશન પ્રગતિ માટે અથવા ધંધામાં પ્રગતિ માટે રોજ ગાયત્રી મંત્રના જાપ કરવા જો શકય હોય તો સવારના બ્રહ્મ મુર્હુતમાં ઉઠીને 'ઓમ' ના જાપ કરવા. જરૂરીયાત વાળા વ્યકિતને મદદ કરવી હનુમાનજીના દર્શન રોજ કરવા. જન્મના ગ્રહોમાં જો શનિ ત્રીજા સ્થાનમાં અથવા લાભ સ્થાનમાં હોય તો આર્થિક સ્થિતિ હમેંશા ખુબ જ સારી રહે છે. જો જન્મના ચંદ્રની સાથે મંગળ હોય તો આવી વ્યકિત ખુબ જ ઉદાર વૃત્તિ ધરાવતી હોય છે.

### સોમવારનું પંચાગ

**તા. ૨૧-૪-૨૦૨૪ સોમવાર**
**ચૈત્ર વદ-૮**
**કાલાષ્ટમી**
**ભારતીય વૈશાખ મહિનો શરૂ**
**સિધ્ધિયોગ ૧૨-૩૮ થી સૂર્યોદય**
**સૂર્યોદય ૬-૨૪ સૂર્યાસ્ત ૭-૦૭**
**જૈન નવકારશી- ૭-૧૨**
**ચંદ્ર રાશિ - મકર (ખ.જ.)**
**નક્ષત્ર-ઉત્તરાષાઢ,**
**રાહુ કાળ ૭-૫૯ થી ૯-૩૪**
**દિશાશૂળઃ પૂર્વ**

**માંગલિક કાર્યોનો શુભ સમય**

વિજય મુર્હુત ૧૨-૨૦ થી ૧૩-૧૩ સાંજનો શુભ સમય ૧૯-૦૮ થી ૨૧-૧૯, ૬-૨૩ થી અમૃત- ૭-૫૯, સુધી ૯-૩૪ થી શુભ ૧૧-૧૦ સુધી ૧૪-૨૧ થી ચલ-લાભ-અમૃત-ચલ-૨૦-૩૨ સુધી ૨૩-૨૧ થી લાભ-૨૪-૪૫

**શુભ હોરા**

૬-૨૩ થી ૭-૨૭ સુધી ૮-૩૧ થી ૯-૩૪ સુધી ૧૧-૪૨ થી ૧૪-૫૩ સુધી ૧૫-૫૭ થી ૧૭-૦૧ સુધી

**બ્રહ્માંડના સીતારા**

અહીં જયોતિષના શોખીનો માટે અને તેમાં રસ ધરાવતી વ્યકિતઓ માટે મારે ખાસ તેઓને ઉપયોગી થાય તેવા લેખો લખુ છું, જેથી તેઓ અંધ શ્રધ્ધામાં ન પડે અને થોડા જાણકારી પણ મળે જો જન્મના ગ્રહોમાં જન્મનો ચંદ્ર પ્રથમ સ્થાનમાં હોય તો આવી વ્યકિતઓની નિર્ણય શકિત થોડીક ઓછી હોય શકે છે. જેથી નિર્ણય શકિત પ્રબળ બનાવવા મેડીટેશન કરવું. રોજ સૂર્ય નમસ્કાર કરવા અને કન્ફયુજન થાય તેવું ન વિચારવું. સારા મિત્રો બનાવવા સારૂ વાંચન કરવું પોતાને મનગમતા કાર્યમાં ધ્યાન દેવું મોબાઈલનો ઉપયોગ ઓછો કરવો. ખુબ જ કામ કરવું છે તેવું વિચારવું. (૫-૩)

## કાલે બગસરાનાં સ્વામી શ્રી નિર્દોષાનંદ સરસ્વતીજી આશ્રમે રકતદાન કેમ્પઃ પૂ. ભોલાનંદજીનો સત્સંગ





રાજકોટ તા. ૧૯ :. બગસરાના નદીપરા, ઝાંઝરીયા રોડ ઉપર આવેલ સ્વામી શ્રી નિર્દોષાનંદ સરસ્વતીજી સેવા સન્યાંસ આશ્રમે શ્રી મૃત્યુજયેશ્વર મહાદેવના સાનિધ્યમાં કાલે તા.૨૦ ને રવિવારે રકતદાન શિબીર તથા પૂ. સ્વામી શ્રી ભોલાનંદ સરસ્વતીજી મહારાજના સત્સંગ સમારોહનું સ્વામી શ્રી નિર્દોષાનંદ સરસ્વતીજી સત્સંગ મંડળ બગસરા દ્વારા આયોજન કરવામાં આવ્યું છે.

ટીંબીમાં આવેલ માનવ સેવા હોસ્પિટલના લાભાર્થે આયોજીત રકતદાન શિબીરમાં રકતદાતાઓને પુરસ્કારથી સન્માનીત કરાશે. તેમજ ભોજન પ્રસાદની વ્યવસ્થા કરાઇ છે.

સવારે ૮ વાગ્યે દિપ પ્રાગટય, રકતદાન શિબીરનો પ્રારંભ, ૮-૩૦ વાગ્યે ધુન, ભજન, સંકિર્તન, ૧૦ વાગ્યે પૂ. ભોલાનંદ સરસ્વતીજી મહારાજની દિવ્ય અમૃતવાણી તથા બપોરે ૧૧-૩૦ વાગ્યે ભોજન - પ્રસાદ પધારેલ સર્વે સત્સંગીજનો માટે યોજાશે.

વધુ માહિતી માટે સ્વામી શ્રી નિર્દોષાનંદજી સરસ્વીજી સેવા સંન્યાસ આશ્રમ ઉપર સંપર્ક કરવા નદીપરા, ઝાંઝરીયા રોડ, બગસરા, જિ. અમરેલી ખાતે મો. નં. ૯૪૨૭૨ ૪૫૮૫૧, મો. ૯૪૦૮૬ ૨૨૨૮૮, મો. ૯૮૨૫૭ ૩૯૮૦૮, સ્વામી શ્રી નિર્દોષાનંદ સરસ્વતીજી સત્સંગ મંડળ-બગસરા દ્વારા જણાવાયું છે. (૫-૨૧)

### કમલાબેન કાકવાણી

જેતપુર : સ્વ. નવલદાસ કિશનચંદ કાકવાણીનાં પત્ની કમલાબેન (ઉ.વ.૭૦) તે હોતચંદ (હોતુભાઈ) જીતેન્દ્રના માતુશ્રીનું તા. ૧૮ ના અવસાન થયેલ છે. બેસણું તા. ૨૦ ને રવિવારે સાંજે ૫ થી ૬.૩૦ કોટડીયા વાડી વિભાગ નંબર-૨, જેતપુર ખાતે રાખેલ છે. (૫-૨૪)

### હંસાબેન ભટ્ટ

રાજકોટઃ હંસાબેન પી.ભટ્ટ (ઉ.વ.૯૦) તે પિયુષ પી.ભટ્ટ (એ.જી.ઓફીસ, ઓડીટ), મયુર પી. ભટ્ટ (નિવૃત સુપરવાઈઝર, એકાઉન્ટસ), ચેતનભાઈ પી.ભટ્ટ (એલઆઈસી)ના માતુશ્રીનું દુઃખદ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા.૨૧ના રોજ સોમવારે સાંજે ૪ થી ૬, અષ્ટાવસુ ફલેટ, ૫-વિમલનગર, રાજકોટ ખાતે રાખવામાં આવેલ છે. (૩૫.૨૧)

### આઠમી વાર્ષિક પુણ્યતિથીએ શ્રદ્ધાંજલી



વાત્સલ્યનું એવું અનેરૂં રૂપ અમે પામ્યા,
સ્નેહ અને મમતા અઢળક અમે જીવનમાં પામ્યા,
વર્ષોના વર્ષો યાદ આવશે આપની અમીભરી નજર,
સદૈવ શિષ નમાવી યાચીએ આપની કૃપા નજર
પ્રભુ આપના આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના...

**સ્વ.વિજયાબેન ધીરજલાલ હરસોરા**
(ચૈત્રવદ-૭)
સ્વ.તા. ૧૮-૪-૧૭

**રાજેન્દ્રભાઈ ધીરજલાલ હરસોરા**
**પ્રભુભાઈ ધીરજલાલ હરસોરા**
**કિશોરભાઈ ધીરજલાલ હરસોરા**
**તથા હરસોરા પરિવાર**

SHASHI

### આજના શુભ દિવસે...



વિનુભાઈ જગડા ● ઈન્દુબેન જગડા
મો. ૯૮૭૯૫ ૭૯૩૪૧

'જીવનની યાત્રા એ કાંઈ ગુલાબથી છવાયેલી નથી, ત્યાં કાંટા પથરાયા છે' જે માણસ બીજાની પાસે અપેક્ષા રાખે છે, તે યુવાન હોવા છતાં લાકડીને ટેકે ચાલતા વૃધ્ધ જેવો છે, તે પરાવલંબી છે, પામર છે.

## બિન્દુબેન બાબુલાલ વેદનું અવસાનઃ સાંજે ઉઠમણું



રાજકોટઃ નવગામ ભાટીયા નિવાસી જોડીયાવાળા હાલ રાજકોટ બાબુલાલ દયાળજી વેદના ધર્મપત્ની બિન્દુબેન બાબુલાલ વેદ (ઉ.વ.૭૮) તે હરિક્રિષ્ન બાબુલાલ વેદ, ભાવીની મુકેશ ઉદેશી અને સૈફાલી શૈલેષ આસરના માતૃશ્રી, અ.સૌ. વર્ષાના સાસુ, યક્ષ, હિતના દાદીમાં પિનાકીનના કાકી સ્વ.બાબુલાલ પોપટલાલ આશર કોડીનાર વાળાના દિકરી શ્રીજી ચરણ પામેલ છે. તેમની સ્મશાન યાત્રા આજે તા.૧૯ના સવારે તેમના નિવાસ સ્થાન "શ્રી ક્રિષ્ન વિજય", ૧૫ પંચનાથ પ્લોટથી ખાતેથી નિકળી હતી. સદગતનું ઉઠમણું આજે તા.૧૯ના સાંજે ૫ થી ૬-૩૦ કલાકે ભાટીયા બોર્ડીંગ રેલ્વે જંકશન સામે રાજકોટ ખાતે રાખેલ છે.(૨.૧૯)

### ચોથી વાર્ષિક પૂણ્યતિથી ભાવભીની શ્રદ્ધાંજલી



સુમધુર સંબંધોની વાત થાય, ને તમે યાદ આવશો,
સુખ દુઃખ ના સાથની વાત થાય, ને તમે યાદ આવશો,
આઠે પોર આનંદની વાત થાય, ને તમે યાદ આવશો,
સ્વજનોની આંખે આંસુ ની ધાર થાય, ને તમે યાદ આવશો,
આપનું મુઠ્ઠી ઉંચેરુ જીવન હંમેશા યાદ આવશે.
હયાતિ ન હોય છતા આપની હયાતિ લાગ્યા કરશે.

**સ્વ. નટવરસિંહ પરસોતમભાઈ સોલંકી**
પૂર્વ પ્રમુખ શ્રી ગેસ્ફોર્ડ ચસ કલબ, રાજકોટ.
સ્વ.તા. ૧૯/૦૪/૨૦૨૧, સોમવાર

**સ્વ. અશ્વિનસિંહ હરીસિંહભાઈ ડોડીયા (જમાઈ)**
**કેવિનસિંહ અશ્વિનસિંહ ડોડીયા (ભાણેજ)**
**(જય ખોડીયાર વાળા)**

### ચોથી વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલી



પરિવાર જેનુ મંદિર હતુ, સ્નેહ જેની શકિત હતી, પરિશ્રમ જેનુ કર્તવ્ય હતુ, પરમાર્થ જેની ભક્તિ હતી, કર્મ સદા એવા કર્યા કે સર્વના હૃદયમાં ગુંજ્યા કરે, આપનો પ્રેમાળ સ્વભાવ અમારા માટે પ્રેરણા દાયક રહેશે. પ્રભુ આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના.

લી.

**સ્વ.પ્રવિણસિંહ વજુભા જાડેજા**
(ધ્રાફા), LIC- Rajkot.
સ્વ.તા.૧૯-૦૪-૨૦૨૧, ચૈત્ર સુદ સાતમ

**ગં.સ્વ. જશવંતબા પી. જાડેજા**
**અ.સૌ.જયશ્રીબા તખ્તસિંહ ઝાલા**
**ડૉ.જ્યોતિબા પ્રવિણસિંહ જાડેજા**

MANISH ADS

### ત્રીજી વાર્ષિક પૂણ્યતિથિ



**સ્વ. મણીબેન જીવાભાઇ ડાંગર**
**સ્વ. તા. ૧૯-૦૪-૨૦૨૨**
**ચૈત્ર વદ ત્રીજ ને મંગળવાર**

આપની હયાતી અમારી પ્રેરણા હતી. આપના આદર્શ અમારા માર્ગદર્શન હતા.

લી.

**સુખાભાઇ આલાભાઇ બાલાસરા**
**અણદાભાઇ આલાભાઇ બાલાસરા**
**વાલાભાઇ આલાભાઇ બાલાસરા**
**ચંદુભાઇ આલાભાઇ બાલાસરા**
**જીવાભાઇ ભીમાભાઇ ડાંગર**
**સંજયરાજ ચંદુભાઇ બાલાસરા**
**તથા બાલાસરા પરિવાર**

### ચોથી વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. મનહરલાલ મોહનલાલ રૂપારેલીયા**
જન્મ તા. 14/08/1941
સ્વ.તા. 19/04/2021

મળે છે દેહ માટીમાં, પણ એનું નામ રહી જાય છે.
મૃત્યુ પામે છે માનવી પોતે, પણ એનું કામ બોલી જાય છે.
આપના કર્મોનો ઉજાસ અમારી સાથે છે... અને રહેશે.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ આપે તેવી પ્રાર્થના...

**ગં. સ્વ. નિરૂબેન મનહરલાલ રૂપારેલીયા**
**હિતેષ મનહરલાલ રૂપારેલીયા ◆ ભાવિષા હિતેષ રૂપારેલીયા**
**જયેશ મનહરલાલ રૂપારેલીયા ◆ નિમિષા જયેશ રૂપારેલીયા**
**નિશા રૂપેન નથવાણી ◆ રૂપેન દિલીપભાઈ નથવાણી**
**પ્રકાશ મનહરલાલ રૂપારેલીયા**
**ચેશા ◆ દિશા ◆ હેતાંશ ◆ ધૈર્યા**
**તથા રૂપારેલીયા પરિવારના જયશ્રી કૃષ્ણ.**

M. M. RUPARELIA ✦ M. M. R. AND SONS

### તૃતિય પુણ્યતિથિએ પ્રેમાંજલી



**સ્વ. અમિતભાઈ કાંતિભાઈ ગોરવાડિયા**
સ્વ. તા.૧૯-૦૪-૨૦૨૨

મરણ કરતા સ્મરણ બળવાન છે, આપની સ્મૃતિ એક વરદાન છે, આપનો માયાળુ સ્વભાવ, લાગણી સભર ઉદાર દિલ, વિરલ આત્મબળ, વ્યવહાર કુશળતા, કુટુંબ પ્રેમ અને સંસ્કારોની સુવાસ આ સદગુણોનો સંગમ અમારા સૌના હૃદયમાં સદા જીવંત રહેશે.

**મનીષભાઈ કે. ગોરવાડીયા | આદિત્ય એ. ગોરવાડીયા**
**કલ્પેશભાઈ કે. ગોરવાડીયા | જીલ, શાન્વી, આરાધ્ય**

**રોયલ કિચનવેર પરિવાર**

### બીજી વાર્ષિક પુણ્યતિથીએ શ્રદ્ધાંજલી



**સ્વ. નાથાલાલ ચુનીલાલ દામાણી**
સ્વ.તા. ૧૯/૦૪/૨૦૨૩, બુધવાર (ગોંડલ)

આંસુની કોઈ ભાષા હોય તો, એ ભાષામાં કહીએ...
વિરહની કોઈ લિપી હોય તો એ લિપીમાં લખીએ...
જગતનું તમામ સુખ મળે, પણ કલ્પવૃક્ષ સમાન
તમારી છાયા કયાંય ન મળે... આશિષ મળ્યા તમારા,
હશે પુણ્ય કોઈ અમારા... જન્મ-જન્મ મળો તમો,
એવી અંતઃકરણની શ્રદ્ધાંજલી અમારી

**મિલન નાથાલાલ દામાણી | આશીતા મિલન દામાણી**
**રોહન મિલન દામાણી | બ્રીન્દા મિલન દામાણી**
**તથા ગજરાજ ગ્લાસ ટ્રેડર્સ પરિવાર**

### શ્રદ્ધાંજલી



**સ્વ.આર.ડી.ઝાલા**
**(રાજ-ઘનાળા)**
**(કસ્ટમ ઈન્સપેકટર)**
**સ્વ.તા.૧૯-૦૪-૨૦૦૧**

આપનું સૌમ્ય સંસ્કારી જીવન ઘડતર અને માનવીય અભીગમ અમારા જીવનમાં પથદર્શક અને પ્રેરણાત્મક બને તે જ આપના દિવ્ય આત્માને સાચી

**શ્રદ્ધાંજલી...**

| | |
|---|---|
| સ્વ. જાડેજા નવુભા રવુભા | સ્વ.દિલાવરસિંહ જીવણસિંહ ઝાલા |
| જાડેજા પ્રદ્યુમનસિંહ નવુભા | ડો.સુરેન્દ્રસિંહ ડી. ઝાલા |
| જાડેજા પ્રતાપસિંહ નવુભા | કુલદિપસિંહ એસ. ઝાલા |
| સ્વ.જાડેજા ઘનશ્યામસિંહ નવુભા | સત્યજીતસિંહ આર. ઝાલા |
| જાડેજા સુધીરસિંહ નવુભા | દેવદિપસિંહ ડી. ઝાલા |
| તથા જાડેજા પરિવાર (નાનામૌવા) | તથા ઝાલા પરિવાર (રાજ-ઘનાળા) |

ટ્રમ્પે ટેરિફનો ''બોંબ'' ફોડતા ચીન સાથે વેપાર યુધ્ધ શરૂ થયું છે: બંને દેશો વચ્ચે આર્થિક ટકરાવની સ્થિતિ

# ટેરિફ-ટેરિફ વોરમાં ભારતનાં બંને હાથમાં લાડુ



## ટ્રમ્પના ''ચાબુક''થી વિશ્વભરમાં હલચલ મચી છે: પ્રભાવિત દેશો વચ્ચે બની રહ્યાં છે નવા સમીકરણો: સ્થિતિ એવી બની છે કે ભારતને થશે લાભાલાભ

નવી દિલ્હી,તા.૧૯: અમેરિકાના રાષ્ટ્રપતિ પદ સંભાળ્યા પછી, ડોનાલ્ડ ટ્રમ્પે ઘણા એવા નિર્ણયો લીધા છે જેનાથી ખળભળાટ મચી ગયો છે. યુક્રેન યુદ્ધ હોય કે ગાઝામાં સંઘર્ષ, ટ્રમ્પે પોતાના નિર્ણયોથી દુનિયાને આશ્ચર્યચકિત કરી દીધી છે. રાષ્ટ્રપતિ ટ્રમ્પના નિર્ણયથી સમગ્ર વિશ્વને એકસાથે અસર થઈ, તે છે બધા દેશો પર પારસ્પરિક ટેરિફ લાદવાનો. બર્મુડાથી બોત્સ્વાના અને યુરોપથી ચીન સુધી, દરેક વ્યક્તિ તેનાથી પ્રભાવિત થયો. ટ્રમ્પ સરકારનો ચીન સાથે સૌથી મોટો સંઘર્ષ રહ્યો છે. અમેરિકાના આ પગલાનો વિરોધ કરતા, બેઈજિંગે પણ બદલો લેવાના ટેરિફ લાધ્યા. આ રીતે, વિશ્વની બે સૌથી મોટી અર્થવ્યવસ્થાઓ વચ્ચે સંઘર્ષની સ્થિતિ છે. ભારત જેવા દેશો માટે આ એક નફાકારક સોદો હોઈ શકે છે. ટેરિફ યુદ્ધ વચ્ચે, ભારત અને અમેરિકા દ્વિપક્ષીય વેપાર કરાર પર વાટાઘાટો કરી રહ્યા છે. બીજી તરફ, નવી દિલ્હીમાં ચીનના રાજદૂત શુ ફેઈહોંગના નિવેદનોથી બેઈજિંગના વલણમાં નરમાઈનો સંકેત મળ્યો છે. આ રીતે, જો બધું બરાબર રહેશે તો ટેરિફ યુદ્ધને કારણે ભારતને વધુ ફાયદા અને ઓછું નુકસાન થશે.

હકીકતમાં, ભારત અને ચીન વચ્ચે વેપાર ખાધ વધીને રેકોર્ડ $૯૯ બિલિયન (રૂ.૮૪૫૩૩૩ કરોડ) થઈ ગઈ છે. ભારતમાંથી તેને ઘટાડવાની સતત વાતો થઈ રહી છે, પરંતુ તે સતત વધી રહી છે. હવે ચીન દ્વારા ભારત સાથે વેપાર ખાધ ઘટાડવા અંગે સ્પષ્ટ સંકેતો આપવામાં આવ્યા છે. નવી દિલ્હીમાં ચીનના રાજદૂત શુ ફેઈહોંગે જણાવ્યું હતું કે બેઈજિંગ ભારતમાંથી આયાત વધારવા માટે તૈયાર છે. તેમણે ભારતમાં ચીની કંપનીઓ માટે ન્યાયી અને પારદર્શક વ્યવસાયિક વાતાવરણની પણ માંગ કરી છે. તમને જણાવી દઈએ કે અમેરિકા સાથે તણાવ વધ્યા બાદ, ચીન હવે નવા વેપાર ભાગીદારો શોધી રહ્યું છે, આવી સ્થિતિમાં, તેણે ભારત સાથે વેપાર ખાધ ઘટાડવા માટે આયાત વધારવાનો સંકેત આપ્યો છે.

ચીન અને અમેરિકા વચ્ચેના વેપાર તણાવ વચ્ચે, ચીને ભારત સાથે વાતચીત કરી છે. ચીને કહ્યું છે કે તે ભારતમાંથી આવતા વધુ સારા માલનું સ્વાગત કરવા તૈયાર છે. ચીન ભારતીય વ્યવસાયોને ચીની બજારમાં રહેલી તકોનો લાભ લેવામાં મદદ કરવા પણ તૈયાર છે. આનાથી ભારતની વેપાર ખાધ ઘટાડવામાં મદદ મળશે. અહેવાલો અનુસાર, ભારતની વેપાર ખાધ વધીને ૯૯.૨ બિલિયન થઈ ગઈ છે.

**ભારતની ચિંતાઓ દૂર કરવાનો પ્રયાસ**

અમેરિકા-ચીન વચ્ચે વધતા વેપાર તણાવ વચ્ચે, બેઈજિંગે નવી દિલ્હીનો સંપર્ક કર્યો છે અને કહ્યું છે કે તે ભારતમાંથી વધુને વધુ પ્રીમિયમ વસ્તુઓ આયાત કરવા તૈયાર છે. તે ભારતની વેપાર ખાધ ઘટાડવા માટે ચીની બજારમાં ભારતીય વ્યવસાયોને મદદ કરવા પણ તૈયાર છે. તાજેતરના એક અહેવાલ મુજબ, ભારત અને ચીન વચ્ચે વેપાર ખાધ વધીને રેકોર્ડ $૯૯.૨ બિલિયન થઈ ગઈ છે. ચીન સાથે અબજો ડોલરની વેપાર ખાધ હંમેશા ભારત માટે ચિંતાનો વિષય રહી છે. હવે ટાઈમ્સ ઓફ ઈન્ડિયાને આપેલા એક ઈન્ટરવ્યુમાં, ભારતમાં ચીનના રાજદૂત શુ ફેઈહોંગે કહ્યું છે કે બેઈજિંગ ભારતની ચિંતાઓને દૂર કરવા તૈયાર છે.

**ટેરિફ વોર પર ચીની રાજદૂતે શું કહ્યું?**

ચીનના રાજદૂત શુ ફેઈહોંગે પણ આશા વ્યક્ત કરી હતી કે ભારત ચીની કંપનીઓ માટે પારદર્શક અને ભેદભાવ રહિત વ્યવસાયિક વાતાવરણ પૂરું પાડશે. સ્પર્ધાને સંઘર્ષમાં ફેરવા ન દેવા જોઈએ તેવી વડા પ્રધાન નરેન્દ્ર મોદીની ટિપ્પણીનો પડઘો પાડતા, ઝુ ફેઈહોંગે કહ્યું કે સ્થિર અને સહકારી સંબંધો માટે સંવાદ ચાવીરૂપ છે. તેમણે કહ્યું કે ચીન આ વર્ષના અંતમાં યોજાનારી બ્રિક્સ સમિટ માટે વડા પ્રધાન નરેન્દ્ર મોદીનું ઉષ્માભર્યું સ્વાગત કરવા તૈયાર છે. અમેરિકાના ટેરિફ યુદ્ધ અંગે તેમણે કહ્યું કે ચીન અને ભારતની જવાબદારી છે કે તેઓ તમામ પ્રકારના એકપક્ષીય અને સંરક્ષણવાદી પગલાંનો વિરોધ કરે. વેપાર અસંતુલનના મુદ્દા પર, શુ ફેઈહોંગે જણાવ્યું હતું કે ૨૦૨૪ માં ચીનમાં નિકાસમાં મરી, આયર્ન ઓર અને કોટન યાર્ન જેવા ભારતીય ઉત્પાદનોમાં ૧૭%, ૧૬૦% અને ૨૪૦% થી વધુનો વધારો જોવા મળ્યો હતો.(૪૦.૧૮)

---

જાપાનની બાબા વાંગા તાત્સુકીએ કરી ભવિષ્યવાણી...૨૦૩૦માં કોરોના રોગચાળો પાછો આવશે તે

## વિશ્વ પર મંડરાઈ રહ્યો છે મહામારીનો ખતરો! વધારે ઘાતક પણ સાબિત થશે



ટોક્યો તા.૧૯: ભૂતકાળમાં એવી અનેક ભવિષ્યવાણીઓ થઈ હતી, જે અત્યારે સાચી પડી રહી છે. ખાસ કરીને વાત કરવામાં આવે તો બાબા વાંગા દ્વારા ભવિષ્ય ભાંખતી અનેક વાણીઓ કહેવામાં આવી હતી. જાપાનમાં આવેલા સુનામી, યુરોપમાં આવેલા ભૂંકપને લઈને પણ બાબા વેગા દ્વારા ભવિષ્યવાણી કરવામાં આવી હતી. જાપાનમાં રહેતી એક મહિલાએ એવી વાત કરી છે જેને લઈને લોકો અચરજમાં આવી રહ્યાં છે. આ મહિલાએ કોરોના મહામારીને લઈને ચોંકાવનારી વાત કહી છે.

કોરોના મહામારીના કારણે લાખો લોકોનું મોત થયું હતું, આ મહામારીએ આખી દુનિયાને ખતરામાં મુકી હતી. ત્યારે જાપાનમાં રહેતી આ મહિલાએ કહ્યું કે, આજથી પાંચ વર્ષ પછી એટલે કે ૨૦૩૦માં ફરી કોરોના મહામારી દસ્તક દેશે. એટલું જ નહીં પરંતુ આ મહામારી વધારે ઘાતક પણ સાબિત થશે તેવું પણ કહ્યું છે. મહત્વની વાત એ છે કે, આ મહિલાએ ૨૦૨૦માં કોરોના મહામારીને લઈને પહેલા પણ ભવિષ્યવાણી હતી.

નોંધનીય છે કે, જાપાની લેખક રિયો તાત્સુકીને જાપાનના બાબા વાંગા તરીકે ઓળખવામાં આવે છે. રિયો તાત્સુકીએ અગાઉ કોરોના રોગચાળાની આગાહી કરી હતી. તેમણે ૨૦૨૦માં કોરોના રોગચાળાની આગાહી કરી હતી. કહ્યું હતું કે, કોરોના એપ્રિલમાં તેની ટોચ પર હશે. મીડિયા રિપોર્ટ પ્રમાણે જાપાની મહિલા રિયો તાત્સુકીએ ૧૯૯૯ માં તેમના પુસ્તક 'ધ ફ્યુચર એઝ આઈ સી ઈટ' માં આ આગાહીઓ વિશે લખ્યું હતું. હવે રિયો તાત્સુકીએ બીજી આગાહી કરી છે, જેમાં ૨૦૩૦ માં કોરોના રોગચાળોના પાછો આવશે તેવી વાત કરી છે. તેમણે તેમના પુસ્તકમાં લખ્યું છે કે આ કોરાના અત્યારે અદ્રશ્ય થઈ જશે, અને ૨૦૩૦ માં ફરી એકવાર પાછો આવશે.

જાપાની ભવિષ્યવેત્તા રિયો તાત્સુકીની વાત કરવામાં આવે તો તેની અનેક ભવિષ્યવાણીઓ સાચી પડી છે. રિયો તાત્સુકીએ ગાયક ફ્રેડી મર્ક્યુરી અને પ્રિન્સેસ ડાયનાના મૃત્યુની ભવિષ્યવાણી કરી હતી, જે સાચી પડી હતી. રિયો તાત્સુકીએ તો આ વર્ષે જુલાઈ મહિનામાં જાપાનમાં સુનામીની આગાહી પણ કરી છે, જેમાં મોટા પાયે વિનાશ થવાની સંભાવનાઓ વ્યક્ત કરવામાં આવી છે. જેને લઈને અત્યારે જાપાન પણ ચિંતિત છે. ત્યારે હવે ફરી હવે કોરોના મહામારી અંગે કરેલી ભવિષ્યવાણીના કારણે વિશ્વના અનેક દેશો ચિંતામાં આવી ગયાં છે.(૩૫.૨)

---

મેઈડ ઈન ઈન્ડીયા પ્રોડક્ટની વધશે ડિમાન્ડ

## ચીન-અમેરિકા 'ટેરિફ વોર'માં ભારતને ફાયદો

ટ્રમ્પે બીજા દેશો કરતાં ભારત ઉપર ઓછો ટેરિફ ઝીક્યો છે

નવી દિલ્હી,તા.૧૯: અમેરિકા અને ચીન વચ્ચેનો ટેરિફ યુદ્ધ શાંત થવાના કોઈ સંકેત દેખાઈ રહ્યા નથી. આ ટેરિફ વોરને કારણે વૈશ્વિક અર્થતંત્ર, વિશ્વભરના શેરબજારો, સોનાના ભાવ અને ઘણા દેશોની અર્થવ્યવસ્થા પ્રભાવિત થઈ રહી છે. પરંતુ આ ટેરિફ વોર ભારતીય ઉત્પાદનો માટે પણ એક તક છે, ટેરિફ વોરને કારણે ભારતીય ઉત્પાદનોની માંગ વધી શકે છે.

શુક્રવારે ગુજરાતના વાપીના વેપારીઓએ જણાવ્યું હતું કે ટેરિફ વોરથી ભારતીય ઉદ્યોગોને ફાયદો થશે અને દેશના ઉત્પાદનોની માંગ સમગ્ર વિશ્વમાં વધશે. વાપીના ઉદ્યોગપતિઓએ ઉદ્યોગપતિઓને જણાવ્યું હતું કે યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના ટેરિફને કારણે વિશ્વભરના ઉદ્યોગોમાં ઉથલપાથલ મચી ગઈ છે. ભારત પર ૨૬ ટકા ટેરિફ પણ લાદવામાં આવ્યો છે, પરંતુ વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીની નીતિઓને કારણે, ભારત પર વધુ અસર થશે નહીં, કારણ કે ટ્રમ્પે વિશ્વના અન્ય દેશોની તુલનામાં ભારત પર ઓછો ટેરિફ લાધ્યો છે.

જેના કારણે વાપી અને આસપાસના ઉદ્યોગોને પરોક્ષ લાભ મળી રહ્યો છે. આના કારણે, નવા બજારો ખુલી શકે છે અને ચીન અને અન્ય દેશોની તુલનામાં ભારતને તેનો ફાયદો થઈ શકે છે. વાપી અને આસપાસના ઔદ્યોગિક વિસ્તારોમાં છ હજારથી વધુ નાના-મોટા ઉદ્યોગો કાર્યરત છે, જેમાં મુખ્યત્વે કાપડ, રસાયણ, રંગદ્રવ્ય, ફાર્મા ઉદ્યોગોનો સમાવેશ થાય છે. આ ઉદ્યોગો દેશની અંદર અને વિદેશમાં નિકાસ કરે છે અને કાચા માલની આયાત પણ કરે છે.

તેમણે કહ્યું કે અન્ય એશિયન દેશો પર ઊંચા ટેરિફને કારણે, યુએસ બજાર હવે ભારત તરફ વાળવામાં આવી શકે છે, જેના કારણે ઉદ્યોગ ભવિષ્ય વિશે આશાવાદી રહે છે. વાપીના અન્ય એક ઉદ્યોગપતિએ જણાવ્યું હતું કે રશિયા-યુક્રેન યુદ્ધ અને ઈઝરાયલ યુદ્ધને કારણે વાપીના ઉદ્યોગોમાં નિકાસમાં મંદી જોવા મળી રહી હતી.

પરંતુ હવે ટેરિફ યુદ્ધને કારણે, યુરોપિયન દેશોમાંથી અચાનક સકારાત્મક પૂછપરછ આવી રહી છે. ટ્રમ્પ દ્વારા વિશ્વભરના દેશો પર લાદવામાં આવેલા ટેરિફની વિશ્વભરના ઉદ્યોગો પર ભારે અસર પડી રહી છે, પરંતુ મોદી સરકારની મેક ઈન ઈન્ડિયા જેવી નીતિઓને કારણે, ભારત પર તેની અસર અન્ય દેશોની તુલનામાં ઓછી થશે. હવે આખી દુનિયા ભારત તરફ જોઈ રહી છે અને આવનારા સમયમાં ટેરિફ વોરથી સ્થાનિક ઉદ્યોગને ફાયદો થશે અને મંદીનો સામનો કરી રહેલા વાપીના ઉદ્યોગોને નવો વેગ મળશે.

અન્ય એક ઉદ્યોગપતિએ જણાવ્યું હતું કે વાપી અને આસપાસના વિસ્તારોના કેમિકલ, ફાર્મા, સ્પેશિયલ કેમિકલ અને ડાયકેમ ઉદ્યોગોને આનો મોટો ફાયદો થશે. ટ્રમ્પે ભારતના હરીફ દેશો જેમ કે ચીન, તાઈવાન, બાંગ્લાદેશ પર ભારત કરતાં વધુ ટેરિફ લાધ્યા છે, જેની આ દેશો પર ભારે અસર પડી રહી છે. ભારત પર ઓછા ટેરિફને કારણે, તે દેશોનું બજાર હવે ભારત તરફ વળી શકે છે જે આગામી સમયમાં વાપીના ઉદ્યોગોને મોટી તકો પૂરી પાડી શકે છે.(૪૦.૧૩)

---

## ઉત્તરાખંડમાં કાર ઊંડી ખીણમાં ખાબકી, દુર્ઘટનામાં ૫ લોકોના મોત

કારમાં સવાર લોકો લગ્ન સમારોહમાં હાજરી આપીને પરત ફરી રહ્યા હતા



ચમોલી તા.૧૯: ઉત્તરાખંડના ચમોલીમાં એક મોટી માર્ગ દુર્ઘટના સામે આવી છે. જ્યાં એક કાર ઊંડી ખીણમાં ખાબકી ગઈ. આ દુર્ઘટનામાં પાંચ લોકોના દુઃખદ મૃત્યુ થયા છે. ખરાબ હવામાનને કારણે વહીવટીતંત્રને અકસ્માતની માહિતી મોડી મળી. ભારે તોફાન અને વરસાદ વચ્ચે બચાવ કામગીરી હાથ ધરવામાં આવી હતી. ઘટનાને પગલે મુખ્યપ્રધાન ધામીએ ઊંડો શોક વ્યક્ત કર્યો છે.

બિરહી-નિજામૂલા માર્ગ પર કાર ઊંડી ખીણમાં ખાબકી મળતી માહિતી મુજબ, આ અકસ્માત બિરહી-નિજામુલા મોટર રોડ પર થયો હતો. જ્યાં ગાડી ગામ નજીક કોરેલધારમાં એક કાર ઊંડી ખીણમાં ખાબકી ગઈ. આ દુર્ઘટનામાં કારમાં સવાર પાંચેય લોકોના મોત થયા હોવાનું જાણવા મળી રહ્યું છે. ચમોલી પોલીસ સ્ટેશનની પોલીસ ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. આ વિસ્તારમાં ભારે વરસાદને કારણે બચાવ કામગીરીમાં ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો.

કારમાં સવાર લોકો લગ્ન સમારોહમાં હાજરી આપીને પરત ફરી રહ્યા હતાં જાણવામાં આવી રહ્યું છે કે આ બધા લોકો નિજામૂલા વિસ્તારમાંથી લગ્ન સમારોહમાં હાજરી આપીને પરત ફરી રહ્યા હતા. જેઓ હરમની ગામ જઈ રહ્યા હતા, પરંતુ રસ્તામાં અકસ્માતનો ભોગ બન્યા. આ ઘટના મોડી સાંજે બની હોવાનું કહેવાય છે, પરંતુ તોફાન અને વરસાદને કારણે કોઈને ઘટના વિશે માહિતી મળી શકી નહીં. (૩૫.૬)

---

## રિલાયન્સ ડિવિડન્ડ આપવાના મૂડમાં: ૨૫ એપ્રિલે જાહેરાત કરશે

નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ (Q4FY25) ના જાન્યુઆરી-માર્ચ ક્વાર્ટરના પરિણામો જાહેર કરવામાં આવશે: આ ઉપરાંત ઇક્વિટી શેર પર ડિવિડન્ડની ભલામણ કરવામાં આવશે: બોર્ડ મીટિંગ ૨૫ એપ્રિલના રોજ યોજાવાની છે



મુંબઈ,તા.૧૯: મુકેશ અંબાણીની કંપની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ તેના રોકાણકારોને ડિવિડન્ડ આપવા જઈ રહી છે. કંપનીએ આ સંદર્ભમાં બોમ્બે સ્ટોક એક્સચેન્જને જાણ કરી છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે જણાવ્યું હતું કે બોર્ડ મીટિંગ ૨૫ એપ્રિલના રોજ યોજાવાની છે. આ બેઠકમાં નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ (Q4FY25) ના જાન્યુઆરી-માર્ચ ક્વાર્ટરના પરિણામો જાહેર કરવામાં આવશે. આ ઉપરાંત, ઈક્વિટી શેર પર ડિવિડન્ડની ભલામણ કરવામાં આવશે.

રિલાયન્સઈન્ડસ્ટ્રીઝદ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર, કંપની ભંડોળ એકત્ર કરવાની પણ યોજના બનાવી રહી છે. આ યોજના એક અથવા વધુ તબક્કામાં ખાનગી પ્લેસમેન્ટ ધોરણે લિસ્ટેડ, સુરક્ષિત/અન-સિક્યોર્ડ, બિન-કન્વર્ટિબલ ડિબેન્ચર જારી કરીને ભંડોળ એકત્ર કરવાની છે.

ગુરુવારે છેલ્લા ટ્રેડિંગ દિવસે, રિલાયન્સના શેરમાં લગભગ ૩ ટકાનો વધારો જોવા મળ્યો. ટ્રેડિંગના અંતે, શેર રૂ. ૧૨૭૪.૫૫ પર બંધ થયો. આ પાછલા દિવસ કરતા ૨.૯૦% નો વધારો દર્શાવે છે. તમને જણાવી દઈએ કે શુક્રવારે ગુડ ફ્રાઈડેના કારણે શેરબજાર બંધ હતા. હવે ટ્રેડિંગ સોમવારે થશે. આ સમયગાળા દરમિયાન, રોકાણકારો રિલાયન્સના શેર પર નજર રાખશે. ૭ એપ્રિલ, ૨૦૨૫ ના રોજ આ શેર રૂ. ૧,૧૧૫.૫૫ ના નીચા સ્તરે પહોંચ્યો હતો. આ શેરનો ૫૨ અઠવાડિયાનો નીચો ભાવ છે. આ શેરનો ૫૨ સપ્તાહનો ઉચ્ચતમ ભાવ રૂ. ૧,૬૦૮.૯૫ છે.

૧૬ જાન્યુઆરીના રોજ, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે તેના ડિસેમ્બર ક્વાર્ટરના પરિણામો જાહેર કર્યા. આ ક્વાર્ટરમાં કંપનીનો નફો અપેક્ષા કરતા ૧૧.૯% વધુ વધીને ૨૧,૮૦૪ કરોડ રૂપિયા પર પહોંચી ગયો છે. Q3માં કામગીરીમાંથી આવક રૂ. ૨૪૩,૮૬૫ કરોડ થઈ, જે Q3 FY24 દરમિયાન નોંધાયેલા રૂ. ૨૨૭,૯૭૦ કરોડની સરખામણીમાં ૬.૯૭ ટકા વધુ છે.

રિલાયન્સના રિટેલ વ્યવસાયે આ ક્વાર્ટરમાં રૂ. ૯૦,૩૩૩ કરોડની આવક નોંધાવી હતી, જે ગયા વર્ષના સમાન ક્વાર્ટર કરતાં ૮.૮ ટકા વધુ છે.(૪૦.૧૬)

---

રાજ્ય સરકાર વચ્ચે સર્જાયેલી માથાકુટ બાદ નિયમ બનાવવામાં આવ્યો

## જીએસટીમાં આઈએસડીનો અમલ જ્યાં વેપાર કર્યો હશે ત્યાં જ ટેક્સ ભરવો પડશે

કંપનીની હેડ ઓફિસ હોય ત્યાં જ જીએસટી ભરવાના નિયમથી સમસ્યા હતી

નવી દિલ્હી,તા.૧૯: જીએસટી લાગુ કરવામાં આવ્યો ત્યારે આઈએસડી (ઈનપુટ સર્વિસ ડીસ્ટ્રીબ્યુશન)નો નિયમ લાવવામાં આવ્યો હતો. પરંતુ તેનુ અમલીકરણ કરવામાં આવતુ નહીં હોવાના લીધે રાજ્ય સરકારને જીએસટીની ઓછી આવક થવાની બુમરાણ સમયાંતરે ઉઠતી હતી. તેના નિવારણ માટે એક વર્ષ પહેલા આઈએસડી લાગુ કરવાની વાત કરવામાં આવી હતી. તેનો સત્તાવાર અમલ એક એપ્રિલ ૨૦૨૫થી કરી દેવામાં આવ્યો છે. તે અંતર્ગત કોઈ પણ કંપની દ્વારા દેશના કોઈ પણ રાજ્યમાં વેપાર કરતી હોય તો તે જગ્યા પર જ ટેક્સ ચુકવવો પડશે તેમજ તેનો ખર્ચ પણ તે જ રાજ્યમાં દર્શાવીને ઈનપુટ ટેક્સ ક્રેડિટ લેવી પડશે. આ કારણોસર રાજ્ય સરકારને જીએસટીની આવક ગુમાવવાની સ્થિતિમાંથી નિવારી શકાશે. આ માટે જ આઈએસડીનો અમલ કરવાની સાથે જીએસટી નંબરની સાથે આઈએસડી પણ વેપાર પ્રમાણે વહેંચણી કરવાની રહેશે.

આ કરવા પાછળનુ કારણ એવુ પણ છે કે મોટી મોટી કંપની દ્વારા અલગ અલગ રાજ્યના અલગ અલગ શહેરમાં પોતાનો વેપાર અથવા તો સર્વિસ આપે છે. પરંતુ તેનો ટેક્સ ભરવાનો આવે ત્યારે કોર્પોરેટ ઓફિસથી જ આ તમામ કાર્યવાહી કરવામાં આવતી હોય છે. તેના લીધે જે રાજ્યમાં વેપાર કરવામાં આવ્યો હોય તે રાજ્યએ જીએસટીની આવક ગુમાવવી પડતી હોય છે. તેના માટે આ નિયમ લાગુ કરવાની જાહેરાત એક વર્ષ પહેલા કરવામાં આવી હતી. તેમજ તેનો અમલ પણ પ્રાયોગિક ધોરણે પોર્ટલ પર કરી દેવામાં આવ્યો હતો. જેથી એક વર્ષ પછી એટલે કે એક એપ્રિલ ૨૦૨૫થી ફરજીયાત અમલ પણ કરી દેવામાં આવ્યો છે. આ અંગે સીએ મિહીર મોદીએ જણાવ્યુ હતુ કે કંપની દ્વારા કયા રાજ્ય અને કયા શહેરમાં કેટલો વેપાર કર્યો તેની ટકાવારી પ્રમાણે આઈટીસીની વહેંચણી કરવાની રહેશે. જેથી તે આધાર પર જ ટેક્સની ગણતરી કરીને રાજ્ય સરકારને તેની આવક થઈ શકશે. જોકે આ માટે જે તે રાજ્યમાં પહેલેથી જ જીએસટી નંબર તો લીધો જ હોય છે. પરંતુ આઈ એસડીના કારણે ટેક્સની આવક કેટલી થઈ હશે તેની ગણતરી કરવામાં પણ સરળતા રહેવાની છે.(૪૦.૭)

---

## કોરોના વિશેનું સૌથી મોટું સત્ય કોણે છુપાવ્યું? વ્હાઇટ હાઉસના 'લેબ લીક' માટે બિડેન જવાબદાર

વ્હાઇટ હાઉસે કહ્યું છે કે આ વેબસાઇટ બતાવે છે કે કોવિડ-૧૯ ખરેખર ક્યાંથી શરૂ થયો હતો: ડેમોક્રેટ રાજકારણીઓ અને મીડિયાએ વૈકલ્પિક સારવાર અને લેબ લીક થિયરીને કેવી રીતે બદનામ કરવાનો પ્રયાસ કર્યો

વોશીંગ્ટન,તા.૧૯: કોવિડ મહામારીએ સમગ્ર વિશ્વને હચમચાવી નાખ્યું હતું. જ્યારે આ વાયરસ ૨૦૧૯ ના અંતમાં ચીનના વુહાન શહેરમાં પ્રથમ વખત દેખાયો, ત્યારે તેના મૂળ વિશે ચર્ચા શરૂ થઈ. શું આ વાયરસ કુદરતી રીતે ફેલાયો હતો કે પછી કોઈ લેબમાંથી લીક થયો હતો? આ પ્રશ્ન વારંવાર ઉઠાવવામાં આવ્યો છે. હવે યુએસ વ્હાઈટ હાઉસે ફરી એકવાર આ ચર્ચાને વેગ આપ્યો છે. વેબસાઈટ પર એક નવું પેજ શરૂ કરીને, અમેરિકાએ ચીનની વુહાન લેબને વાયરસનું મૂળ ગણાવ્યું છે અને દાવો કર્યો છે કે ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ જો બિડેન અને એન્થોની ફૌસીએ આ સત્યને દબાવવાનો પ્રયાસ કર્યો હતો. આ નવા ખુલાસા સાથે, વિશ્વભરમાં કોરોના પર ફરી એકવાર ચર્ચા તેજ થઈ ગઈ છે.

ખરેખર શું થયું કે વ્હાઈટ હાઉસની વેબસાઈટમાં હવે એક નવું પેજ ઉમેરવામાં આવ્યું છે. એવો દાવો કરવામાં આવ્યો છે કે કોરોના વાયરસ ચીનના વુહાનની એક લેબમાંથી ઉદ્ભવ્યો છે. નવા પેજ પર LAB LEAK: The True Origins of COVID-19 શીર્ષક સાથે એક બેનર છે. પેજ પર દાવો કરવામાં આવ્યો છે કે ડૉ. ફૌસી અને બિડેનના નેતૃત્વ હેઠળની પાછલી સરકારે વાયરસના મૂળ સંબંધિત માહિતી છુપાવવાનો પ્રયાસ કર્યો હતો અને ઘણા વર્ષોથી મૂંઝવણ ફેલાવવામાં આવી હતી.



વ્હાઈટ હાઉસ દ્વારા જારી કરાયેલા એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે આ વેબસાઈટ બતાવે છે કે કોવિડ-૧૯ ખરેખર ક્યાંથી શરૂ થયો અને ડેમોક્રેટ નેતાઓ અને મીડિયાએ વૈકલ્પિક સારવાર અને લેબ લીક થિયરીઓને કેવી રીતે ખોટા સાબિત કરવાનો પ્રયાસ કર્યો. આ પેજમાં ધ પ્રોક્સિમલ ઓરિજિન ઓફ SARS CoV 2 નામના અહેવાલનો પણ ઉલ્લેખ છે, જેનો ઉપયોગ જાહેર આરોગ્ય અધિકારીઓ અને મીડિયા દ્વારા લેબ લીક થિયરીને ખોટી ઠેરવવા માટે વારંવાર કરવામાં આવ્યો છે. વેબસાઈટનો દાવો છે કે આ રિપોર્ટ ડૉ. ફૌસીએ પોતે ફોરવર્ડ કર્યો હતો.

આ પાના પર લખ્યું હતું કે વાયરસમાં એવા જૈવિક લક્ષણો છે જે કુદરતી રીતે જોવા મળતા નથી.

બધા ચેપગ્રસ્ત કેસો એક જ સ્રોતમાંથી ઉદ્ભવ્યા હતા, જે અગાઉના રોગચાળામાં નહોતું.

જે વુહાન લેબ વિશે વાત થઈ રહી છે, તેમાં ભૂતકાળમાં પણ કોઈપણ સલામતીના પગલાં વિના આનુવંશિક સંશોધન કરવામાં આવ્યું છે. લેબમાં કામ કરતા વૈજ્ઞાનિકો ૨૦૧૯ ના અંતમાં કોવિડ જેવા લક્ષણોથી બીમાર પડ્યા હતા. અત્યાર સુધી કોઈ વૈજ્ઞાનિક પુરાવા મળ્યા નથી જે સાબિત કરે કે વાયરસ કુદરતી રીતે ઉદ્ભવ્યો છે.(૨૨.૬)

---

દિલ્હી હાઈકોર્ટે દ્રૌપદીનો ઉલ્લેખ કરીને વ્યભિચાર કેસમાં મોટો ચુકાદો આપ્યો

## પત્નીને તેના પતિની મિલકત માનવી ખોટું છે: આ સોચ મહાભારત કાળથી પ્રચલિત છે

મહાભારતમાં જુગારમાં દ્રૌપદીની હારનો ઉલ્લેખ કરીને જસ્ટિસ નીના બંસલ કૃષ્ણાએ આ કેસમાં આરોપીઓને નિર્દોષ જાહેર કર્યો: મહાભારતના સંદર્ભમાં ન્યાયાધીશે પુરુષ અરાજકતાવાદી વિચારસરણીની ટીકા કરી

નવી દિલ્હી તા.૧૯: દિલ્હી હાઈકોર્ટે વ્યભિચારના કેસમાં એક પુરુષને મોટી રાહત આપી છે. આ કેસ એક મહિલાના પતિ દ્વારા નોંધવામાં આવ્યો હતો. આરોપ એ હતો કે તે પુરુષ તેની પત્ની સાથે અફેરમાં હતો. કોર્ટે કહ્યું કે સ્ત્રીને પુરુષની મિલકત માનવું ખોટું છે. આ વિચાર મહાભારતના સમયથી ચાલી આવે છે. જસ્ટિસ નીના બંસલ કૃષ્ણાએ ૧૭ એપ્રિલના રોજ ચુકાદો આપ્યો. આ માટે તેમણે મહાભારતનો ઉલ્લેખ કર્યો. તેણીએ સમજાવ્યું કે કેવી રીતે જૂનો વ્યભિચાર કાયદો, IPC ની કલમ ૪૯૭, પિતૃસત્તાક વિચારસરણી પર આધારિત હતો.

**મહાભારતની દ્રૌપદીનો સંદર્ભ**

ન્યાયાધીશ નીના બંસલ કૃષ્ણાએ પોતાના ચુકાદામાં કહ્યું, મહિલાને તેના પતિની મિલકત માનવી અને તેના ભયંકર પરિણામોનું મહાભારતમાં સારી રીતે ચિત્રણ કરવામાં આવ્યું છે. દ્રૌપદીને યુધિષ્ઠિર દ્વારા જુગારમાં દાવ પર લગાવવામાં આવી હતી. તેના અન્ય ચાર ભાઈઓ ચૂપચાપ જોતા રહ્યા અને દ્રૌપદી પાસે પોતાની ગરિમા માટે વિરોધ કરવાનો કોઈ અવાજ નહોતો.

**સુપ્રીમ કોર્ટે તેને ગેરબંધારણીય ગણાવ્યું હતું**

દિલ્હી હાઈકોર્ટના ન્યાયાધીશે પોતાના નિર્ણયમાં ૨૦૧૮ના સુ્પ્રીમ કોર્ટના નિર્ણયનો પણ ઉલ્લેખ કર્યો. તે નિર્ણયમાં, વ્યભિચારને ગુનાની શ્રેણીમાંથી દૂર કરવામાં આવ્યો. સુપ્રીમ કોર્ટે IPCની કલમ ૪૯૭ ને ગેરબંધારણીય જાહેર કરી હતી. કોર્ટે કહ્યું હતું કે આ કલમ ફક્ત એવી મહિલાને પીડિત માને છે, જેની પોતાની કોઈ ઈચ્છા નથી. જસ્ટિસ કૃષ્ણાએ કહ્યું કે કાયદા હેઠળ, વ્યભિચાર કરતી સ્ત્રીને સજા થતી નથી. તેણીને ફસાવવામાં આવેલી પીડિતા માનવામાં આવતી હતી. આ પિતૃસત્તાક વિચારસરણીને પ્રતિબિંબિત કરે છે.



**આનાથી મહાભારતનું મહાન યુદ્ધ થયું**

કોર્ટે વધુમાં કહ્યું, જેમ બન્યું તેમ, તે (દ્રૌપદી) જુગારની રમત હારી ગઈ અને ત્યારબાદ મહાભારતનું યુદ્ધ થયું, જેના પરિણામે જાનમાલનું ભારે નુકસાન થયું અને ઘણા પરિવારોનો નાશ થયો સ્ત્રીઓને મિલકત ગણવાના વાહિયાત વિચારના પરિણામો દર્શાવતા આવા ઉદાહરણો હોવા છતાં, આપણા સમાજની પુરુષ અરાજકતાવાદી માનસિકતા આ વાત ત્યારે જ સમજી જ્યારે સુપ્રીમ કોર્ટે IPCની કલમ ૪૯૭ ને ગેરબંધારણીય જાહેર કરી.

**દિલ્હી હાઈકોર્ટેઅરજી ફગાવી દીધી**

આ કેસમાં, પતિએ આરોપ લગાવ્યો હતો કે તેની પત્ની અને પુરુષ વચ્ચે અફેર હતું. તેણે કહ્યું કે તે બંને એક શહેરમાં ગયા, એક હોટલમાં રોકાયા અને તેણીની સંમતિ વિના સેક્સ કર્યું. અગાઉ મેજિસ્ટ્રેટ કોર્ટે તે વ્યક્તિને નિર્દોષ જાહેર કર્યો હતો. પરંતુ, સેશન્સ કોર્ટે તે નિર્ણય ઉલટાવી દીધો અને સમન્સ જારી કર્યા. જોકે, હાઈકોર્ટે ફરિયાદ રદ કરી દીધી છે. કોર્ટે કહ્યું કે IPCની કલમ ૪૯૭ હેઠળ કોઈ કેસ બનતો નથી કારણ કે આ કલમ હવે રદ કરવામાં આવી છે.

**પતિ-પત્નીના સંબંધમાં છેતરપિંડી એ એક ખાનગી બાબત છે**

સુપ્રીમ કોર્ટના ચુકાદાને ટાંકીને બેન્ચે કહ્યું, જ્યારે વૈવાહિક સંબંધમાં એક પક્ષ નૈતિક પ્રતિબદ્ધતા ગુમાવે છે, ત્યારે તે સંપૂર્ણપણે ગોપનીયતાનો મામલો છે. વ્યભિચારને ગુનો ગણવો એ એક પ્રતિગામી પગલું હશે.

આનો અર્થ એ થયો કે જો પતિ-પત્નીના સંબંધમાં કોઈ છેતરપિંડી થઈ હોય, તો તે તેમનો અંગત મામલો છે. આને ગુનો માનવો યોગ્ય નથી.

**કોર્ટે આરોપીને નિર્દોષ જાહેર કર્યો**

કોર્ટે મહિલાઓ પર માલિકી હકોનો દાવો કરવાની જૂની વિચારસરણીની ટીકા કરી. ન્યાયાધીશે કહ્યું કે કાયદો લગ્નની પવિત્રતા જાળવવા વિશે નથી, પરંતુ પતિના નિયંત્રણને જાળવવા વિશે છે. કોર્ટે કહ્યું, તેથી, એ સ્પષ્ટ છે કે આ જૂનો કાયદો હવે તેનો હેતુ ગુમાવી ચૂક્યો છે. આ આજના બંધારણીય નૈતિકતા અનુસાર નથી. જે હેતુ માટે તે બનાવવામાં આવ્યું હતું તે હવે મનસ્વી બની ગયું છે. આજના સમયમાં આ સંપૂર્ણપણે અતાર્કિક છે. કોર્ટે આરોપીને નિર્દોષ જાહેર કર્યો છે.(૩૮.૫)

---

દેશભરમાં ઔરંગઝેબને લઈને વિવાદ શાંત થવાનું નામ નથી લેતો

## હિન્દુવાદી સંગઠનના નેતાઓએ ભાંગરો વાટ્યો, ઔરંગઝેબ સમજીને કોઈ બીજાની તસવીર પર કાળી સ્યાહી લગાવી દીધી

ગાજિયાબાદ રેલવે સ્ટેશન પર એક ડઝન જેટલા લોકો હાથમાં ઝંડા અને કાળી સ્યાહી લઈને પહોંચી ગયા હતા

ગાજિયાબાદ,તા.૧૯: દેશભરમાં ઔરંગઝેબને લઈને વિવાદ શાંત થવાનું નામ નથી લેતો. આ દરમિયાન ઉત્તર પ્રદેશના ગાજિયાબાદમાંથી એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. હકીકતમાં જોઈએ તો ગાજિયાબાદ રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર ૪ પર બનેલી બહાદુર શાહ ઝફરની તસવીરને ઔરંગઝેબની તસવીર સમજીને તેના પર કાળી સ્યાહી લગાવી દીધી. હવે આ મામલામાં રેલવે પ્રોટેકશન ફોર્સ (RPF) તરફથી ફરિયાદ નોંધવામાં આવી રહી છે. આ કાળી સ્યાહી લગાવવાનું કામ હિન્દુ રક્ષા દળ તરફથી કરવામાં આવ્યું છે.

ગાજિયાબાદ રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર ૪ પર અચાનક ત્યારે અફરાતફરી મચી ગઈ, જ્યારે એક ડઝન જેટલા લોકો હાથમાં ઝંડા અને કાળી સ્યાહી લઈને પ્લેટફોર્મ પર પહોંચી ગયા હતા. આ તમામે પ્લેટફોર્મની દિવાલો પર બનેલી તસવીરો પર કાળી સ્યાહી લગાવવાનું શરૂ કરી દીધું. કહેવાય છે કે આ લોકો હિન્દુ રક્ષા દળ સાથે જોડાયેલા હતા. તેમનું કહેવું હતું કે આ તસવીર ઔરંગઝેબની છે. હિન્દુ રક્ષા દળના રાષ્ટ્રીય અધ્યક્ષ પિન્કી ચૌધરીએ કહ્યું કે, હિન્દુસ્તાનમાં ઔરંગઝેબના ચિત્ર અને ઔરંગઝેબની કબરનું શું કામ છે. ઔરંગઝેબ એક રાક્ષસ હતો. જેણે મંદિરો તોડ્યા હતા. ભાઈ અને બહેનોની હત્યા કરી હતી. જો ફરી વાર મુગલ આવી જાય તો શું હાલત થશે કોઈ વિચારી પણ નહીં શકે.



ગાજિયાબાદ રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર ૪ પર થયેલી આ ઘટના ડીઆરએમ દિલ્હી પુષ્પેશ રમન ત્રિપાઠીનું નિવેદન સામે આવ્યું છે. તેમના જણાવ્યા અનુસાર, આ તસવીર ઔરંગઝેબની નહીં પણ બહાદુર શાહ ઝફરની હતી. જેમણે દેશની આઝાદીમાં ૧૮૫૭ની લડાઈમાં ખૂબ જ યોગદાન આપ્યું હતું. તેમણે એવું પણ જણાવ્યું કે, આ મામલામાં હવે રેલવે પ્રોટેકશન ફોર્સ તરફથી કેસ નોંધવામાં આવ્યો છે.(૪૦.૨)

ભારતીય રૂપિયાના ઘટાડાને કારણે ભારતીયોની મુશ્કેલીઓ વધી રહી છેઃ સમગ્ર વિશ્વમાં ૧૩ લાખ ભારતીયો અભ્યાસ કરી રહ્યા છે

# ડોલર સામે રૂપિયો તૂટ્યોઃ લોનનો બોજઃ બજેટ બગડ્યુંઃ વિદેશમાં અભ્યાસ ભારતીયો માટે એક સમસ્યા

## જોકે, વિદેશમાં અભ્યાસ કરવો પણ સરળ નથી કારણ કે રૂપિયાના ઘટાડાને કારણે વિદેશી યુનિવર્સિટીમાંથી ડિગ્રી મેળવવાનું પડકારજનક બન્યું છ



નવી દિલ્હી તા.૧૯: ભારતીય વિદ્યાર્થીઓમાં વિદેશી શિક્ષણ તરફનો ટ્રેન્ડ સતત વધી રહ્યો છે. વૈશ્વિક ધોરણો ધરાવતી ડિગ્રીઓ, આંતરરાષ્ટ્રીય કારકિર્દીની સંભાવનાઓ તેમને વિદેશમાં અભ્યાસ કરવા માટે પ્રેરિત કરે છે. શિક્ષણ માટે વિદેશ જવું હવે માત્ર એક શૈક્ષણિક નિર્ણય નથી રહ્યો પણ આર્થિક સંઘર્ષ પણ બની રહ્યો છે. ભારતીય ચલણ એટલે કે રૂપિયો, જે થોડા સમય પહેલા ડોલર સામે ? ૭૦ પર હતો, તે હવે ? ૮૫ પર પહોંચી ગયો છે.

જયપુરિયા સ્કૂલ ઓફ બિઝનેસના આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ. વિભા વર્માએ જણાવ્યું હતું કે ચલણના મૂલ્યમાં આ ઘટાડો વિદેશમાં શિક્ષણ મેળવી રહેલા વિદ્યાર્થીઓને સીધી અસર કરે છે. જ્યારે રૂપિયો નબળો પડે છે, ત્યારે વિદેશી યુનિવર્સિટીઓની ફી, રહેઠાણ, આરોગ્ય વીમો, મુસાફરી અને રોજિંદા જીવનના તમામ જરૂરી ખર્ચાઓ સ્વાભાવિક રીતે જ વધે છે.

ઉદાહરણ તરીકે, જો કોઈ વિદ્યાર્થીની ટ્યુશન ફી ૨૦,૦૦૦ હોય, તો ડોલર રેટ ?૭૦ હોય ત્યારે કુલ ખર્ચ ?૧૪ લાખ થશે. પરંતુ જો ડોલર ? ૮૫ થાય છે, તો તે જ ખર્ચ વધીને ? ૧૭ લાખ થાય છે. આ તફાવત ફક્ત ટ્યુશન પૂરતો મર્યાદિત નથી - હોસ્ટેલ ફી, રહેવાનો ખર્ચ, પુસ્તકો, મુસાફરી અને અન્ય રોજિંદા ખર્ચ પણ ડોલરમાં છે, જેનો બોજ રૂપિયાના ઘટતા મૂલ્યને કારણે વધુ વધે છે.

**વિદ્યાર્થીઓ અને વાલીઓ કયા પડકારોનો સામનો કરી રહ્યા છે?**

મોટાભાગના ભારતીય પરિવારો વિદેશમાં અભ્યાસ માટે શિક્ષણ લોન લે છે. જ્યારે રૂપિયાનું મૂલ્ય ઘટે છે, ત્યારે તેમને વધુ પૈસા ચૂકવવા પડે છે, જેનાથી દેવાનો બોજ વધે છે. રૂપિયાના મૂલ્યમાં ઘટાડાને કારણે, વિદ્યાર્થીઓએ તેમની શિક્ષણ લોનની રકમ વધારવી પડે છે અથવા વધારાની વ્યક્તિગત લોન લેવાની જરૂર પડે છે. અમેરિકા અને અન્ય દેશોમાં ફુગાવો પહેલાથી જ એક મોટી સમસ્યા બની ગયો છે. જ્યારે રૂપિયાનું અવમૂલ્યન આમાં ઉમેરવામાં આવે છે, ત્યારે ભારતીય વિદ્યાર્થીઓ માટે સામાન્ય જીવન પણ એક પડકાર બની જાય છે.

ઘણા વિદ્યાર્થીઓ ગુજરાન ચલાવવા માટે પાર્ટ-ટાઈમ નોકરી કરે છે. પરંતુ આની પોતાની મર્યાદાઓ છે - સમય, નિયમો અને અભ્યાસ પરની અસર. મર્યાદિત બજેટમાં વિદેશમાં અભ્યાસ કરવાનું આયોજન કરનારા પરિવારોને અચાનક તેમના નાણાકીય સંતુલનનું પુનઃસંતુલન કરવાની ફરજ પડી છે.

**વિદ્યાર્થીઓ આ કટોકટીનો સામનો કેવી રીતે કરી રહ્યા છે?**

વિદ્યાર્થીઓ હવે બિનજરૂરી ખર્ચાઓ ટાળી રહ્યા છે - જેમ કે બહાર ખાવાનું, મુસાફરી કરવી અથવા મોંઘી બ્રાન્ડનો ઉપયોગ કરવો. તેઓ શેર કરેલા રહેઠાણમાં રહેવાનું, જાહેર પરિવહનનો ઉપયોગ કરવાનું અને સેકન્ડ હેન્ડ પુસ્તકો ખરીદવાનું પસંદ કરી રહ્યા છે. ઘણા વિદ્યાર્થીઓ હવે ટ્યુશન ફીનો બોજ ઘટાડવા માટે શિષ્યવૃત્તિ, સંશોધન સહાયકતા અથવા કેમ્પસ નોકરી જેવા વિકલ્પો શોધી રહ્યા છે. વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓ હવે ચલણના વિનિમય દરો પર નજર રાખે છે અને જ્યારે પણ રૂપિયો થોડો મજબૂત થાય છે ત્યારે ડોલર ખરીદે છે અથવા ફી જમા કરે છે.

કેટલાક વિદ્યાર્થીઓ ફ્રીલાન્સિંગ, ઓનલાઈન ટ્યુટરિંગ અથવા અન્ય ડિજિટલ પ્લેટફોર્મ દ્વારા ડોલર કમાવવા માટે તેમની કુશળતાનો ઉપયોગ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. ભારતીય રૂપિયામાં ઉધાર લેવું ઘણા કિસ્સાઓમાં વિદેશી ચલણમાં ઉધાર લેવા કરતાં ઓછું જોખમી અને સલામત હોય છે, ખાસ કરીને એવી સંસ્થાઓ અને કંપનીઓ માટે જેમની આવક મુખ્યત્વે ભારતીય રૂપિયામાં હોય છે.

**સરકાર માટે શું સૂચન છે?**

સરકાર અને નાણાકીય સંસ્થાઓએ આ સમસ્યાની ગંભીરતા સમજવી જોઈએ. આ પડકારજનક પરિસ્થિતિમાં, સરકાર, બેંકિંગ સંસ્થાઓ અને યુનિવર્સિટીઓની ભૂમિકા અત્યંત મહત્વપૂર્ણ બની જાય છે. અહીં કેટલાક સૂચનો છે

**શિક્ષણ લોનના વ્યાજ દરમાં રાહત**

ચલણ વિનિમય દરો માટે ખાસ વિદ્યાર્થી યોજનાઓ

વિદેશ મંત્રાલય દ્વારા ''વિદ્યાર્થી સહાય પોર્ટલ'' ની સ્થાપના

વિદેશમાં ભારતીય મિશન દ્વારા માર્ગદર્શન અને સહાય.(૩૮.૭)

નરેન્દ્રભાઇ અને અમિતભાઇના નેતૃત્વમાં ક્રાંતિકારી કદમઃ દિલીપ સંઘાણી

# ત્રિભૂવન સહકારી વિશ્વવિદ્યાલય એટલે સહકારી ક્ષેત્ર અને યુવાનોનું ઉજજવળ ભાવિ



**દિલીપ સંઘાણી, અધ્યક્ષ ઇફકો અને ગુજકોમાસોલ પૂર્વ મંત્રી ગુજરાત**

રાજકોટઃ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી જીના નેતૃત્વમાં દેશના પ્રથમ સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહ નવા સહકાર મંત્રાલય ની જવાબદારી સંભાળી રહ્યા છે. ભારતમાં સહકારી આંદોલનને નવી દિશા આપવી અને યુવાનો માટે રોજગારીના નવા અવસરો ઊભા કરવાના હેતુથી ભારત સરકારે ત્રિભુવન સહકારી વિશ્વવિદ્યાલય ની સ્થાપનાનું સૂચન કર્યું હતું. આજે એ સપનું સાકાર થયું છે, કારણ કે ત્રિભુવન સહકારી વિશ્વવિદ્યાલય બિલ લોકસભા અને રાજ્યસભા બંનેમા પાસ થઈ ચુક્યું છે. વધુમાં આ વિશ્વવિદ્યાલયના કાર્યકારી કુલપતિની પણ નિમણુક થઈ ગયેલ છે. આ વિશ્વવિદ્યાલય માત્ર સહકારી શિક્ષણ, સંશોધન અને તાલીમને વેગ આપશે એટલું જ નહીં, પણ સમગ્ર સહકારી ક્ષેત્રને વધુ વ્યાવસાયિક અને અસરકારક બનાવવામાં પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

સહકારી પ્રવૃતિ લોકાભિમુખ જરૂર છે, યુવા શકિતને આવકારી રહી છે, બદલાવ ઈચ્છી રહેલ છે. સહકાર સામાજીક ઉત્થાનનુ અંગ છે અને તેથી આપણા જનપ્રિય પ્રધાનમંત્રી .શ્રી નરેન્દ્રભાઈ મોદી અને સહકાર મંત્રી .શ્રી અમીતભાઈ શાહ ભારતની સહકારી પ્રવૃતિને ભાર આપી રહ્યા છે. તેમના કુશળ અને સક્ષમ નેતૃત્વમાં આઝાદીના ૭૫ વર્ષ બાદ દેશની સર્વ પ્રથમ ત્રિભૂવન સહકારી વિશ્વવિદ્યાલય ની સ્થાપના ગુજરાતની ભૂમિ ઉપર સાકાર થવા જઈ રહેલ છે તે બદલ સરકાર અને સહકાર અભિનંદનિય છે.

વ્યાવસાયીક શિક્ષણની ઉણપ ને કારણે યુવાનો સહકારની નજીક આવી શકતા ન હોવાથી આ ઉણપ દૂર કરવા ત્રિભૂવન સહકારી વિશ્વવિદ્યાલય યુવાનોને સહકારી તાલીમ, પ્રચાર, શિક્ષણ, માર્કેટિંગ, ડીજીટલ શિક્ષણ, મંડળી વ્યવસ્થાપન વિગેરેનું જ્ઞાન આ વિશ્વવિદ્યાલયમા મેળવી શકશે. યુવા તાલીમ ના માધ્યમથી સહકાર ક્ષેત્ર હવે કોર્પોરેટ સેકટર સાથે વ્યવસાયીક તાલમેલ સાધવા સક્ષમ બની રહેલ છે તેનું એકમાત્ર કારણ સહકાર ને વેગ અને સહકારમા યુવાનોનું પર્દાપણ છે.

ગુજરાતની સહકારી પ્રવૃતિ અનેક દિવંગત અને વર્તમાન મહાનુભાવોની પ્રવૃતિથી ઓજસ્વી છે તેમા હવે ભારતની યુવા પ્રતિભાઓ સહકારી ડિગ્રી પ્રાપ્ત કરવાનું માધ્યમ પણ આ વિશ્વવિદ્યાલય બની રહેશે જેનો આનંદ ગુજરાતી હોવાના નાતે અનહદ થાય છે. પ્રાચીન કૌટિલ્યના અર્થશાસ્ત્રમા સહકાર એ ગામડાનું નાણું તરીકે ઓળખાય છે.

ત્રિભૂવન સહકારી વિશ્વવિદ્યાલય ''સહકાર થી સમૃધ્ધિનો'' માર્ગ બનશે જેમા પશુપાલન, ડેરી, મત્સ્યોદ્યોગ, મધ ઉછેર અને ગૃહ ઉદ્યોગ જેવી અનેક પ્રવૃતિઓ દ્વારા ગ્રામ્ય વિસ્તારમાં જાગૃતિ કેળવી શકાશે. જેના થકી અસંખ્ય યુવાનો પગભર બની રહેશે વિશ્વવિદ્યાલયના ડિગ્રી શિક્ષણમા યુવાનોની સામેલગીરી સહકારને નવી શક્તિ પ્રદાન કરશે. ભારત સરકારનું લક્ષ્ય છે - વિકસિત ભારત ૨૦૪૭. આ ઉદ્દેશ પ્રાપ્ત કરવા સહકારી ક્ષેત્ર મહત્વપૂર્ણ સહયોગ આપશે.

ભારત વૈશ્વિક નેતા તરીકે ઉભરી આવી રહ્યું છે તેનુ કારણ વિશ્વના અન્ય દેશોના વિકાસ માટે એક પ્રેરણાદાયી માળખા તરીકે સહકાર કામ કરી રહેલ છે. પ્રધાનમંત્રી નું સુત્ર ''સહકાર થી સમૃધ્ધી'' ભારત સહિત વિશ્વ સ્વિકૃત બન્યું છે. દેશની સર્વપ્રથમ સહકારી વિશ્વવિદ્યાલય યુવા શકિતમા સહકારી શિક્ષણના બીજ રોપશે જે લાંબાગાળે ઉગશે અને આપણને ઉગારશે.(૩૮.૧૩)

# ગુજરાતના ગામડાઓમાં પીવાના પાણીની સમસ્યા હવે ભૂતકાળ! ૯૯%થી વધુ ફરિયાદોનું ટોલ ફ્રી નંબર ૧૯૧૬ દ્વારા સફળ નિવારણ

ગ્રામ્ય વિસ્તારના લોકોને પીવાના પાણી સંબંધિત કોઈપણ સમસ્યાના તાત્કાલિક નિવારણ માટે ૨૪×૭ ટોલ ફ્રી નંબર ૧૯૧૬ની સેવા પણ શરૂ

ગાંધીનગર, તા. ૧૯ : એક સમયે પાણીની તીવ્ર અછતનો સામનો કરનારું ગુજરાત આજે જળ વ્યવસ્થાપન અને જળક્રાંતિના પરિણામે દેશભરમાં 'પાણીદાર ગુજરાત' તરીકે ઓળખાય છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના દૂરંદેશી નેતૃત્વ અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજય સરકારે પાણીનું સુચારું આયોજન કરીને નાગરિકોને પીવા માટે, ખેડૂતોને સિંચાઈ માટે અને ઉદ્યોગોને ઉત્પાદન માટે પૂરતું પાણી ઉપલબ્ધ કરાવ્યું છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સરકાર શહેરી વિસ્તારોની જેમ જ ગ્રામીણ વિસ્તારોના તમામ ઘરો સુધી શુદ્ધ પીવાનું પાણી પહોંચાડવા માટે સતત કાર્યરત છે. પાણી પુરવઠા વિભાગે માત્ર પાણી પહોંચાડવા સુધી જ પોતાની જવાબદારી સીમિત નથી રાખી, પરંતુ ગ્રામ્ય વિસ્તારના લોકોને પીવાના પાણી સંબંધિત કોઈપણ સમસ્યાના તાત્કાલિક નિવારણ માટે ૨૪×૭ ટોલ ફ્રી નંબર ૧૯૧૬ની સેવા પણ શરૂ કરી છે. આ ટોલ ફ્રી નંબરના કારણે ગામડાંના લોકો સરળતાથી પોતાની ફરિયાદ સરકાર સુધી પહોંચાડી શકે છે અને તેનું નિરાકરણ મેળવી શકે છે. નોંધનીય છે કે આ સેવા શરૂ થયાથી અત્યાર સુધીમાં ગ્રામ્ય વિસ્તારોની ૯૯%થી વધુ પીવાના પાણી સંબંધિત ફરિયાદોનું સફળતાપૂર્વક નિવારણ કરવામાં આવ્યું છે.

**૯૯.૬૬% ફરિયાદોનું સફળ નિવારણ : આંકડા બોલે છે**

પાણી પુરવઠા વિભાગ દ્વારા શરૂ કરવામાં આવેલી ટોલ ફ્રી નંબર ૧૯૧૬ટ્રક સેવા ગ્રામજનો માટે આશીર્વાદરૂપ સાબિત થઈ છે. આ સેવાની કાર્યક્ષમતાનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે અત્યાર સુધીમાં કુલ ૨,૨૨,૧૧૬ ફરિયાદો નોંધાઈ છે, જેમાંથી ૨,૨૧,૩૬૪ એટલે કે ૯૯.૬૬% ફરિયાદોનું સંતોષકારક નિવારણ કરવામાં આવ્યું છે. એટલું જ નહી, વર્ષ ૨૦૨૩-૨૪માં નોંધાયેલી ૮૯,૪૧૦ ફરિયાદોમાંથી ૮૮,૯૯૨ (૯૯.૫૩%) અને જાન્યુઆરી ૨૦૨૪થી માર્ચ ૨૦૨૫ સુધીમાં નોંધાયેલી ૬૫,૫૫૩ ફરિયાદોમાંથી ૬૫,૫૦૯ (૯૯.૯૩%) ફરિયાદોનું સફળતાપૂર્વક નિવારણ કરવામાં આવ્યું છે. આ આંકડા દર્શાવે છે કે સરકાર ગ્રામજનોની પાણીની સમસ્યાઓને કેટલી ગંભીરતાથી લઈ રહી છે.

**કેવી રીતે કામ કરે છે ટોલ ફ્રી સેવા?**

ગ્રામજનોને પીવાના પાણી સંબંધિત કોઈ પણ સમસ્યા હોય તો તેઓ તાત્કાલિક ટોલ ફ્રી નંબર ૧૯૧૬ પર ફોન કરીને પોતાની ફરિયાદ નોંધાવી શકે છે. ફરિયાદ મળ્યા બાદ, તેને સંબંધિત વિભાગો જેમ કે સિવિલ, મિકેનિકલ અને વાસ્મોને તાત્કાલિક જાણ કરવામાં આવે છે. ફરિયાદ કરનારનું નામ, ગામ, તાલુકો, જિલ્લો, મોબાઈલ નંબર અને ફરિયાદની વિગતવાર માહિતી નોંધીને તેને ઓનલાઈન ERP પોર્ટલ પર અપલોડ કરવામાં આવે છે. ઓનલાઈન નોંધણી થયા બાદ ફરિયાદીને SMS અને ઈ-મેઈલ દ્વારા ફરિયાદ નંબર મોકલવામાં આવે છે. જે જિલ્લામાંથી ફરિયાદ આવી હોય, તેના સંબંધિત વિભાગના સબ ડિવિઝન અધિકારીને પણ SMS અને ઈ-મેઈલ દ્વારા ફરિયાદની માહિતી આપવામાં આવે છે.

જિલ્લા કક્ષાના અધિકારી ફરિયાદ મળ્યાના ૪૮ કલાકની અંદર સ્થળની મુલાકાત લઈને સમસ્યાનું નિરાકરણ લાવે છે. નિરાકરણ બાદ અધિકારી સ્થ્ભ્જાકત્ત ફરિયાદને રિસોલ્વ કરે છે અને ફરિયાદીને ફ્લ્પ્ દ્વારા જાણ કરવામાં આવે છે. એટલું જ નહીં, પાણી પુરવઠા વિભાગના કોલ સેન્ટર દ્વારા ફરિયાદીને ફોન કરીને નિવારણ અંગેનો પ્રતિભાવ પણ મેળવવામાં આવે છે, જેથી સેવાની ગુણવત્તા જળવાઈ રહે.

**કયા પ્રકારની ફરિયાદો કરી શકાય છે?**

ટોલ ફ્રી નંબર ૧૯૧૬ પર ગ્રામ્ય પેયજળ યોજનાને લગતી કોઈપણ ફરિયાદ કરી શકાય છે, જેવી કે ગામમાં પીવાનું પાણી ન મળવું, આંતરિક પાઈપલાઈનમાં લીકેજ, બોરમાં ખરાબી, પમ્પિંગ મશીનરીની મરામત, ઓપરેટરની ગેરહાજરી, જૂથ યોજનાનું પાણી ન મળવું, પાણી ચોરીની ફરિયાદ, પાણીની ગુણવત્તા સંબંધિત ફરિયાદ, મિની સ્કીમ અને સોલાર પેનલની મરામત તેમજ હેન્ડ પમ્પ રિપેરિંગ જેવી સમસ્યાઓ માટે તાત્કાલિક મદદ મેળવી શકાય છે. આમ, ગુજરાત સરકારે ટોલ ફ્રી નંબર ૧૯૧૬ દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં પીવાના પાણીની સમસ્યાઓના નિવારણ માટે એક અસરકારક અને પારદર્શક વ્યવસ્થા ઊભી કરી છે, જેના પરિણામે લાખો ગ્રામજનોને સમયસર અને સરળતાથી પાણીની સમસ્યાઓનું નિરાકરણ મળી રહ્યું છે.(૩૭.૭)

સ્વ. રસિકભાઈ દામજીભાઈ બાવરીયા (ગોળવાળા)ના સુપુત્ર

# સુનિલભાઈ રસિકભાઈ ગોળવાળાનું દુઃખદ અવસાનઃ આજે રાત્રે ૮ વાગ્યે સ્મશાનયાત્રાઃ સોમવારે બેસણું અને સાદડી



રાજકોટઃ સ્વ. રસિકભાઈ દામજીભાઈ બાવરીયા (ગોળવાળા)ના સુપુત્ર તેમજ સ્વ.શૈલેષભાઈ, શીલાબેન રાજેશભાઈ કાકુભાઈ ગણાત્રા (મુંબઈ), દિનેશભાઈ, જયેન્દ્રભાઈના નાના ભાઈ તથા મનીષભાઈના મોટાભાઈ તેમજ શ્રી ત્રિભુવનભાઈ ગોરધનભાઈ પાવ ના જમાઈ, માનસી સોરબ કુમારના પિતાશ્રી, સાઈના નાના, શ્રી સુનિલભાઈ રસિકભાઈ ગોળવાળા (રિલાયંસ પેટ્રોલપંપ) તે શ્રી રાજેશભાઈ કેસરિયા (આર્કિટેક) ના સાઢુભાઈનું આજરોજ તા ૧૯/૦૪/૨૦૨૫ ના બપોરે ૧.૪૫ વાગે શ્રીજીચરણ પામેલ છે.

સદ્ગતની અંતિમયાત્રા તા.૧૯/૦૪/૨૦૨૫ ના રાત્રે ૮ વાગે એમના નિવાસ સ્થાન સદમન, ૨-ઓમકાર રેસીડેન્સી, લીંબુડીવાડી મેઈન રોડ, રાજકોટ ખાતે થી નીકળશે.

સદગત્ નુ બેસણું અને સાસરા પક્ષ ની સાદડી તા. ૨૧/૦૪/૨૦૨૫ ને સોમવાર, સાંજે ૪ થી ૬ કાઠિયાવાડ જીમખાના ખાતે રાખેલ છે.(૯.૨૫)

મેરઠના બ્રહ્મપુરીમાં અઝીમે ભાઈ અને ભાભી પર ૨૫ વર્ષ મોટી વિધવા મહિલા સાથે છેતરીને લગ્ન કરાવવાનો આરોપ લગાવ્યો છે. જોવા ગયા ત્યારે ૨૦ વર્ષની દીકરી બતાવી પણ લગ્ન તેની માતા ૪૫ વર્ષની વિધવા મહિલા સાથે કરાવી દીધા. વિરોધ કર્યો તો ખોટા કેસમાં ફસાવવાની ધમકી આપી દીધી

# વરરાજાનો મામું બની ગયોઃ જોવા ગયા ત્યારે ૨૦ વર્ષની જવાન દીકરી બતાવી પણ પરણાવી દીધી ૪૫ વર્ષની વિધવા મહિલા



મેરઠ તા.૧૯: પશ્ચિમ ઉત્તર પ્રદેશનો મેરઠ જિલ્લો હાલમાં ખૂબ જ ચર્ચામાં છે. સૌરભ રાજપૂત હત્યાકાંડ બાદથી મેરઠ મીડિયામાં છવાયેલું છે. હવે મેરઠના બ્રહ્મપુરી પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાંથી એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. એક યુવકે પોતાની ભાભી અને ભાઈ પર ગંભીર આરોપ લગાવતા ન્યાયની માગણી કરી છે. યુવકનો આરોપ છે કે, તેના ભાઈ અને ભાભીએ મળીને તેને છેતરી ૨૫ વર્ષ મોટી વિધવા મહિલા સાથે લગ્ન કરાવી દીધા. વિરોધ કરતા તેને દુષ્કર્મના કેસમાં ફસાવી દેવાની ધમકી આપી રહ્યા છે. બુધવારે યુવકે એસએસપીને મળ્યો અને મદદ માગી છે.

આ મામલો મેરઠના બ્રહ્મપુરી વિસ્તારનો છે. જ્યાં તારાપુરીના રહેવાસી અઝીમ નામના યુવકે બુધવારે મેરઠ એસએસપી કાર્યાલયે પહોંચી એક આવેદન પત્ર સોંપ્યું હતું. અઝીમનું કહેવું છે કે, તેના માતા-પિતાનું નિધન થઈ ચૂક્યું છે અને મોટા ભાઈ નદીમ અને ભાભી શાયદા સાથે પૈતૃક ઘરમાં રહે છે. આવેદનમાં અઝીમે આરોપ લગાવ્યો કે, ૩૧ માર્ચ ૨૦૨૫ના ઈદના રોજ તેની ભાભી શાયદાએ એવું કહીને ફાઝલપુર બોલાવ્યો કે તેના લગ્ન પોતાની મોટી વિધવા બહેન તાહિરાની દીકરી મંતશા સાથે કરાવશે. અઝીમ વિશ્વાસ મૂકીને ત્યાં પહોંચી ગયો, ત્યાં તેને છોકરી બતાવવામાં આવી, ત્યારબાદ તેણે લગ્ન માટે હા પાડી દીધી અને તે જ સાંજે લગ્ન નક્કી થઈ ગયા.

ફાઝલપુરની મોટી મસ્જિદમાં જ્યારે મૌલાના નિકાહ પઢવા લાગ્યા, તો અઝીમને ખબર પડી કે તેના લગ્ન મંતશા સાથે નહીં પણ તેની માતા, ૨૫ વર્ષ મોટી વિધવા તાહિરા સાથે થઈ રહ્યા છે. જ્યારે અઝીમે વિરોધ કર્યો તો આરોપ છે કે તેના મોટા ભાઈ નદીમ, ભાભી શાયદા અને અન્ય પરિવારના લોકોએ તેની સાથે મારપીટ કરી અને ધમકી આપી કે તેણે કોઈને ફરિયાદ કરી તો દુષ્કર્મના ખોટા કેસમાં તેને ફસાવી દેવામાં આવશે.

યુવકે આરોપ લગાવ્યો કે, જ્યારે તેને સતત હેરાન કરવામાં આવ્યો તો તે માનસિક રીતે ખૂબ જ હેરાન થયો. અઝીમનું કહેવું છે કે તેને ન્યાય જોઈએ છે અને દોષિતો વિરુદ્ધ કડક કાર્યવાહી થવી જોઈએ. આ મામલાની ગંભીરતા જોતા ઉચ્ચ અધિકારીઓએ સંબંધિત પોલીસ સ્ટેશનને તપાસ કાર્યવાહી કરવાના નિર્દેશ આપ્યા છે.(૩૮.૨)

તેલંગાણામાં એક હૃદયદ્રાવક ઘટના પ્રકાશમાં આવી

# પ્રેમી સાથે નવું જીવન શરૂ કરવા મહિલાએ પોતાના 3 બાળકોને દહીંમાં ઝેર ભેળવીને ખવડાવ્યું




હૈદ્રાબાદ,તા.૧૯: તેલંગાણામાં એક હૃદયદ્રાવક ઘટના પ્રકાશમાં આવી છે. અહીં એક મહિલાએ પોતાના પ્રેમી સાથે નવું જીવન શરૂ કરવા માટે કથિત રીતે પોતાના ત્રણ બાળકોને દહીં અને ભાતમાં ભેળવેલું ઝેર ખવડાવ્યું અને પોતે પણ થોડું ઝેર ખાઈ લીધું જેથી કોઈને શંકા ન થાય. બાદમાં, તેણીને પણ બાળકો સાથે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી, જ્યાં તેનો જીવ બચી ગયો પરંતુ બાળકોને બચાવી શકાયા નહીં.

સ્થાનિક પોલીસના જણાવ્યા અનુસાર, ગયા મહિને સંગારેડીમાં બનેલી આ ઘટનાની તપાસ ચાલુ છે. આરોપી રજીતા એક ખાનગી શાળામાં શિક્ષિકા તરીકે નોકરી કરે છે. જે રાત્રે તેણીએ તેના ત્રણ બાળકોને ઝેરી દહીં ભાત ખવડાવ્યું તે રાત્રે તેનો પતિ ઘરે હાજર નહોતો. ત્રણ બાળકો અને માતા પર ઝેરની અસર જોઈને પોલીસને પહેલો શંકા પતિ પર પડી. કારણ કે પરિવારમાં તે એકમાત્ર વ્યક્તિ બચ્યો હતો, પરંતુ પૂછપરછ દરમિયાન પોલીસને તેની પાસેથી વધુ કોઈ માહિતી મળી ન હતી.

ઈન્ડિયા ટુડેના રિપોર્ટ મુજબ, રજિતાએ ત્રણેય બાળકોની હત્યાનું આયોજન ખૂબ જ કાળજીપૂર્વક કર્યું હતું. પોલીસે જણાવ્યું હતું કે રજીતા તેના એક ભૂતપૂર્વ સહાધ્યાયીને સ્કૂલ રિયુનિયન દરમિયાન મળી હતી... જ્યાંથી તેઓએ વાત કરવાનું શરૂ કર્યું અને પછી ધીમે ધીમે લગ્નેત્તર સંબંધ શરૂ થયો. રજિતા પોતાના લગ્નજીવનથી નાખુશ હતી અને પોતાના પ્રેમી સાથે નવું જીવન શરૂ કરવા માંગતી હતી પરંતુ તેના બાળકો તેના માટે સૌથી મોટી સમસ્યા બની રહ્યા હતા. તેણીને લાગ્યું કે તે બાળકો સાથે ઘરની બહાર નીકળી શકશે નહીં.

તેથી, તેણે એક યોજના બનાવી અને દહીં અને ભાતમાં ઝેર ભેળવીને બાળકોને ખવડાવ્યું. બાળકોએ તે ખાધું અને ત્યારબાદ તેમને ગંભીર બીમારીના લક્ષણો દેખાવા લાગ્યા. બીજા દિવસે સવારે, જ્યારે ચેન્નાઈ તેની રાત્રિ શિફ્ટમાંથી પાછો ફર્યો, ત્યારે રજીતા અને બાળકો બેભાન થઈ ગયા હતા. તે તેમને ઉપાડીને હોસ્પિટલ લઈ ગયો પણ ત્યાં સુધીમાં બાળકો મૃત્યુ પામ્યા હતા.(૪૦.૧૧)

આઠ વર્ષ જૂનાં વાહનો પર ટેક્સ, પેનલ્ટી, વ્યાજની રકમ માફ થશે

# સ્ક્રેપ પોલિસીનો પહેલી મેથી અમલ રાજ્યમાં અંદાજે ૪૫ લાખ વાહનો

અમદાવાદ,તા.૧૯: રાજ્ય સરકારની સ્ક્રેપ પોલિસીનો પહેલી મેથી અમલ શરૂ થઈ રહ્યો છે. પોલીસી અંતર્ગત રાજ્યમાં આઠ વર્ષ કે તેનાથી વધુ વર્ષ જૂનાં વાહનો પર સરકાર માન્ય સ્ક્રેપિંગ સેન્ટરમાં આપવામાં આવશે તો વાહન સ્ક્રેપની કિંમત મળવાની સાથે વાહન પર બાકી આરટીઓ ટેક્સ, પેનલ્ટી, વ્યાજ અને ચલણની રકમ પણ માફ થઈ જશે. સ્ક્રેપ પોલિસી હેઠળ ડિટેઈન વાહનો સ્ક્રેપમાં આપી શકાશે નહીં અને વાહન પર ટેક્સ સહિતની રકમ માફીનો પણ કોઈ લાભ નહીં મળે. પોલિસીની સમયમર્યાદા માત્ર પહેલી મેથી ૩૦મી એપ્રિલ-૨૦૨૬ એટલે કે, એક વર્ષ સુધી જ રહેશે. રાજ્યમાં અંદાજે ૪૫ લાખ વાહનો આઠ વર્ષ કે તેથી વધુ જૂના છે જ્યારે અમદાવાદમાં અંદાજે ૧૯ લાખ વાહનો છે.

હાલ રાજ્યમાં અંદાજે ૨.૦૬ કરોડ વાહનની સંખ્યા છે, આમાંથી આઠ વર્ષ જૂના અંદાજે ૪૫ લાખ વાહનો છે. જેમાંથી ૭.૮૦ લાખ ટ્રાન્સપોર્ટ અને ૩૭.૨૦ લાખ વાહનો ખાનગી છે. સરકારની સ્ક્રેપ પોલિસી હેઠળ વાહન સ્ક્રેપમાં આપીને વાહન સ્ક્રેપની કિંમત. વિવિધ ટેક્સ અને વ્યાજ માફી ઉપરાંત તેના સર્ટિફિકેટથી નવા વાહન પર સરકારની અન્ય યોજનાનો લાભ મેળવી શકશે. વાહન ડીલરે નવા વાહનના પુરાવાની સાથે સરકાર માન્ય સ્ક્રેપ સેન્ટરનું વાહન માલિકના નામનું સર્ટિફિકેટ મૂકવાનું રહેશે.(૪૦.૬)

## આરટીઓ ટેક્સની રકમમાં ૨૫ ટકા ડિસ્કાઉન્ટ

સ્ક્રેપ પોલિસી અંતર્ગત ખાનગી વાહન સરકાર માન્ય સ્ક્રેપ સેન્ટરમાં આપશે ત્યારે વાહન માલિકને સેન્ટર પરથી સર્ટિફિકેટ ઓફ ડિપોઝિટનો પત્ર મળશે. જે નવા વાહનની ખરીદી વખતે આરટીઓ ટેક્સની ૬ ટકા પ્રમાણે ભરવાની થતી કુલ રકમમાંથી ૨૫ ટકા રકમ વાહન માલિકને ડિસ્કાઉન્ટ મળશે. રિબેટની રકમનો એક જ વાર ફાયદો થશે.

**ટ્રાન્સપોર્ટ વાહનમાં ટેક્સની રકમમાં ૧૫ ટકા રાહત**

સરકાર માન્ય સ્ક્રેપ સેન્ટરમાં પોતાનું કોમર્શીયલ વાહન સ્ક્રેપમાં આપનાર માલિકને વાહનની કિંમત ઉપરાંત સર્ટિફિકેટ ઓફ ડિપોઝિટનો પત્ર મળશે. વાહન માલિક સર્ટિફિકેટના આધારે નવા કોમર્શિયલ વાહનની ખરીદી વખતે વાહન પર આરટીઓ ટેક્સની ૬ ટકા પ્રમાણે થતી કુલ રકમમાંથી ૧૫ ટકા રાહત મેળવી શકશે. ટેક્સનો ફાયદો સમાંતર કેટેગરીના કોમર્શિયલ વાહન પર જ મળશે.

ઉત્તર પ્રદેશના અલીગઢનો મામલો હજુ શાંત નથી પડ્યો ત્યાં બદાયૂંમાંથી એક વિચિત્ર ઘટના સામે આવી

# ભારે કરીઃ વેવાણને વેવાઈ સાથે પ્રેમ થયો, બાળકોને મૂકી બંને ઘર છોડી ભાગી ગયા



બદાયૂં તા.૧૯: આ ચોંકાવનારો કિસ્સો જિલ્લાના દાતાગંજ કોતવાલી વિસ્તારના એક ગામનો છે. અહીં રહેનારા એક શખ્સે પોલીસ ચોકીમાં ફરિયાદ નોંધાવી છે કે તેણે પોતાની દીકરીના લગ્ન સિવિલ લાઈન વિસ્તારમાં રહેતા એક યુવક સાથે નક્કી કર્યા હતા. લગ્ન બાદ યુવકના પિતા પોતાના દીકરાના સાસરિયામાં આવતા-જતા રહેતા. આ દરમ્યાન યુવકના પિતા અને તેની સાસુ વચ્ચે પ્રેમ થઈ ગયો.

બાદમાં બંનેએ એકસાથે જિંદગી જીવવાનો નિર્ણય લીધો. ત્યારબાદ મહિલા એટલે કે યુવકની સાસુ પોતાના વેવાઈ સાથે ફરાર થઈ ગઈ. આ મામલો ધ્યાનમાં આવ્યા બાદ સમગ્ર વિસ્તારમાં ચર્ચાનું કેન્દ્ર બન્યો.

કહેવાય છે કે, પીડિત વ્યક્તિ વ્યવસાયે ડ્રાઈવર છે અને મહિનાઓ સુધી ઘરે નથી આવતો. તે પોતાની પત્નીને સમયસર પૈસા મોકલતો રહે છે. પણ આ દરમ્યાન પત્ની અને વેવાઈ વચ્ચે પ્રેમ થઈ ગયો.

પીડિતનો આરોપ છે કે, તેની ગેરહાજરીમાં તેની પત્ની હંમેશા વેવાઈને બોલાવી લેતી. ઘટનાના દિવસે મહિલા ઘરેથી ઘરેણાં અને રોકડ રકમ લઈને વેવાઈ સાથે ભાગી ગઈ. ત્યારબાદ આખા ગામમાં આ પ્રેમ પ્રસંગને લઈને અલગ અલગ ચર્ચાઓ થઈ રહી છે.

આ મામલામાં પ્રભારી નિરીક્ષક દાતાગંજ ગૌરવ બિશ્નોઈએ જણાવ્યું કે, આ મામલે તપાસ ચાલી રહી છે. હાલમાં પોલીસ બંનેને શોધી રહી છે.(૩૮.૩)

Owned, Printed and published by AJITKUMAR GUNVANTRAI GANATRA printed at JAY SAURASHTRA PRINTING PRESS, NEAR MOTI TANKI, RAJKOT-360001, GUJARAT and published at NEAR MOTI TANKI, RAJKOT-360001, GUJARAT editor AJITKUMAR GUNVANTRAI GANATRA. Ph. No.0281-2445111 Email-akiladailyad@gmail.com

# ભોપાલમાં કથીરિયાનું સન્માન : જી.સી.સી.આઇ. દ્વારા જયપુરમાં તા.૩૦મીથી ગૌ મહાકુંભ



ગુજરાત ફેડરેશન ઓફ કાઉબેઝડ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા જયપુરમાં યોજાનાર ગૌ મહાકુંભ સંદર્ભે ભોપાલમાં યોજાયેલ બેઠકમાં ડૉ. વલ્લભભાઈ કથીરિયાનું સન્માન કરાયેલ તે પ્રસંગની તસ્વીર. (૯.૧૪)

રાજકોટ, તા. ૧૯ : ગ્લોબલ ફેડરેશન ઑફ કાઉ-બેઝ્ડ ઈન્ડસ્ટ્રીઝ (GCCI) અને દેવરાહા બાપા ગૌ સેવા પરિવારના સંયુક્ત ઉપક્રમે આગામી ૩૦ મે થી ૨ જૂન ૨૦૨૫ સુધીં ગૌ ટેક ૨૦૨૫ - ગૌ મહાકુંભે નું આયોજન રાજસ્થાનની રાજધાની જયપુરમાં થવા જઈ રહ્યું છે.

પૂર્વ કેન્દ્રીયમંત્રી અને GCCI ના અધ્યક્ષ ડૉ. વલ્લભભાઈ કથીરિયાના માર્ગદર્શન હેઠળ મધ્ય પ્રદેશ રાજ્યની ભોપાલમાં વિશેષ બેઠક યોજાઈ, જેમાં GCCI મધ્ય પ્રદેશના પ્રદેશ અધ્યક્ષ શ્રી દિલીપ ધનરાજ ગુપ્તાના નેતૃત્વ હેઠળ રાજયના તમામ જિલ્લાઓમાંથી GCCIના જિલ્લા અધ્યક્ષો અને અન્ય હોદ્દેદારોએ ભાગ લીધો હતો.

બેઠકમાં એકમતથી સંકલ્પ લેવાયો કે દરેક જિલ્લામાંથી પ્રતિનિધિમંડળ જયપુર મુલાકાત કરશે. તથા દરેક જિલ્લામાંથી ઓછામાં ઓછો એક સ્ટૉલ લાગશે તેના માટે પ્રયાસ કરવામાં આવશે.

આ સ્ટૉલ દ્વારા મધ્ય પ્રદેશ જિલ્લાની ગૌ આધારિત પ્રવૃત્તિઓ, ઉત્પાદનો, મોડેલ ગૌશાળાઓ, મહિલા સ્વ-સહાય જૂથો, પંચગવ્ય આયુર્વેદ, જૈવિક ખેતી, દેશી ગાયોની જાતો, નવાચ્ચારો વગેરે પ્રસ્તુત કરવામાં આવશે.

Gau Tech 2025 માત્ર એક પ્રદર્શન નહીં, પણ ગૌ આધારિત અર્થવ્યવસ્થા અને રાષ્ટ્ર નિર્માણ માટે અધ્યાત્મ, વિજ્ઞાન, ઉદ્યોગકારિતા અને સંસ્કૃતિના સમાગમનું પ્રતીક હશે.

આયોજન દરમિયાન વિવિધ ગૌ સેવા વિષયક સેમિનાર ટેકનિકલ સત્રો, પ્રદર્શન, સ્ટાર્ટઅપ ઝોન, ગૌ આધારિત કૃષિ, ગૌ-પર્યટન, પંચગવ્ય આયુર્વેદ તેમજ યુવાનો અને મહિલાઓ માટે તાલીમ અને નેટવર્કિંગ સત્રો યોજાશે.

સાંસ્કૃતિક કાર્યક્રમો, ગૌ કવિતા સંમેલન, ગૌ-ગાન સંધ્યા અને પરંપરાગત લોકકળાઓ પણ કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવશે.

GCCI ના અધ્યક્ષ ડૉ. વલ્લભભાઈ કથીરિયાનું માનવું છે કે ભારતને આત્મનિર્ભર બનાવવા માટે ગૌ આધારિત અર્થવ્યવસ્થાની કેન્દ્રિય ભૂમિકા છે.

બેઠકમાં LNCT યુનિવર્સિટીના સચિવ ડૉ. અનુપમ ચોકસે અને કુલપતિ શ્રી નરેન્દ્ર થાપકે બેઠકમાં GCCI અધ્યક્ષ ડૉ. વલ્લભભાઈ કથીરિયાનું સન્માન કર્યું.

પ્રાદેશિક બેઠકમાં મુખ્યત્વે શ્રી જવાહરલાલ ગુપ્તા, શૈલેષ પાળીવાલ (ઈન્દોર), સુમનલતા તામ્રકાર, અજય નરેલિયા (શાજાપુર), ગંભીરસિંહ રાજપૂત (નર્મદાપુરમ), રાજેશ ચૌહાણ (ઝાબુઆ), રામ રઘુવંશી (અશોકનગર), રાજવીરસિંહ (મોરેના), મનોજપ્રતાપસિંહ (સતના), ઈશ્વર અંબોદિયા (ઉજ્જૈન), ભગવાનસિંહ સિંગોરિયા (રાયસેન), શિશિર વિશ્વકર્મા (છિન્દવાડા), ભાગીરથ તિવારી (નરસિંહપુર), એ.એલ. દ્વિવેદી (ભોપાલ), હુકમસિંહ પાટીદાર (નીલબડ), દીપાલી ઉપાધ્યાય, અજય સોની (ભોપાલ) સહિત સમગ્ર પ્રદેશમાંથી ગૌસેવા સંસ્થાઓના પ્રતિનિધિઓએ સહભાગિતા નોંધાવી હતી. બેઠકનું સંચાલન શૈલેન્દ્ર તેનગરીયા દ્વારા કરવામાં આવ્યું હતું અને પવન દુબેએ આભાર વિધિ કરી હતી.

GCCI દેશભરના ગૌસેવકો, ખેડૂત સંસ્થાઓ, શિક્ષણ સંસ્થાઓ, મહિલા જૂથો, યુવા સંગઠનો અને સ્વૈચ્છિક સંસ્થાઓને આહવાન કરે છે કે તેઓ ૩૦ મે થી ૨ જૂન ૨૦૨૫ દરમ્યાન જયપુરના વિદ્યાધર નગર સ્ટેડિયમ ખાતે યોજાનારા GAU Tech 2025 - ગૌ મહાકુંભ માં ભાગ લઈ વધુ માહિતી માટે મો. ૯૩૫૧૦૪૧૯૧૩ / ૬૩૬૭૯૦૨૩૦૪ ઉપર સંપર્ક સાધવો.

# સ્વયંભુ બ્રહ્મ સેવક દ્વારા પરશુરામ જન્મોત્સવનું પાંચ દિવસીય આયોજનઃ ગુરૂવારે સ્થાપના રેલી

## દરરોજ મહાઆરતી અને સાંસ્કૃતિક કાર્યક્રમો થશે : ૨૯ મીએ હવન સાથે સમાપન

રાજકોટ તા. ૧૯ : સ્વયંભૂ બ્રહ્મ સેવક રાજકોટ દ્વારા સતત તૃતીય વર્ષે તા. ૨૪ થી ૨૯ સુધી પરશુરામ જન્મોત્સવની ઉજવણીનું આયોજન કરાયુ છે.

'અકિલા' ખાતે વિગતો વર્ણવતા બ્રહ્મ સેવકના આગેવાનોએ જણાવ્યુ હતુ કે તા. ૨૪ ના ગુરૂવારે ગૃહમંદિર એપાર્ટમેન્ટ, અયોધ્યા રેસીડેન્સી અયોધ્યા ચોકથી સાંજે ૪ વાગ્યે વાજતે ગાજતે સ્થાપના રેલી યોજી આલાપ ગ્રીન સીટી પાસે, પ્રમુખ સ્વામી ઓડીટોરીયમ સામે વિધિવત સ્થાપના કરાશે. એજ દિવસે રાત્રે ૮ વાગ્યે મહાઆરતી કરાશે.

તા. ૨૫ ના મહાઆરતી અને ત્યાર બાદ મહિલા પાંખ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો અને બાળકો માટે અલગ અલગ સ્પર્ધાઓ યોજવામાં આવશે. તા. ૨૬ ના મહાઆરતીબાદ રાત્રે ૯ કલાકે બ્રહ્મરત્ન લોકસાહિત્યકાર હર્ષિલભાઈ કનૈયા અને લોકગાયક સાગરભાઈ મેસવાણીયાનો લોકડાયરો રાખેલ છે. તા. ૨૭ ના રાત્રે ૮ વાગ્યે મહાઆરતી બાદ અલ્પાહાર અને ત્યારબાદ દાંડીયારાસની રમઝટ બોલાવાશે.

તા. ૨૮ ના સાંજે ૪ વાગ્યે ભગવાન શ્રી સત્યનારાયણની કથા અને બાદમાં અન્નકોટ તથા રાત્રે ૮ વાગ્યે મહાઆરતી તેમજ બાદમાં શિવ ડાન્સીંગ ગ્રુપ મેહુલભાઈ તથા તેમની ટીમ દ્વારા નૃત્ય અને ડાન્સ રજુ થશે.

છેલ્લે દિવસે તા.૨૯ ના સવારે ૮.૩૦ વાગ્યાથી યજ્ઞ પ્રારંભ થશે. બાદમાં બપોરે ૧૨.૩૦ વાગ્યે પરશુરામ દાદાનુ ઉથાપન કરાશે.

આમ તા. ૨૪ થી ૨૯ સતત પાંચ દિવસ સુધી વિવિધ સાંસ્કૃતિક ધાર્મિક કાર્યક્રમો સાથે આલાપ ગ્રીન સીટી મધ્યે, પ્રમુખ સ્વામી ઓડીટોરીયમ સામે પરશુરામ જન્મોત્સવ ઉજવાશે. આ માટે તડામાર તૈયારીઓ આરંભવામાં આવી છે.

સમગ્ર આયોજનને સફળ બનાવવા સ્વયંભૂ બ્રહ્મ સેવક સમાજ રાજકોટના આનંદ પુરોહિત, વિરલભાઈ ભારદ્વાજ (દવે), સમીરભાઈ પંડયા, તેજસભાઈ રાવલ, હર્ષભાઈ રાવલ, મહેશભાઈ પાઠક, મિતેષભાઈ પંડયા, મનીષભાઈ દવે, હેતલભાઈ શુકલ, વિમલભાઈ વ્યાસ, સંકેતભાઈ આચાર્ય, જયેશભાઈ પંડયા, નીતિનભાઈ પાઠક, કૌશિકભાઈ રાવલ, સિધ્ધાર્થ દેસાઈ, વિજયભાઈ વ્યાસ, હાર્દીકભાઈ પાઠક, ઋષિભાઈ ત્રિવેદી, ધર્મેશભાઈ રાવલ, રાજભાઈ વ્યાસ, વિરાગભાઈ જોશી, વિવેકભાઈ મહેતા, અલ્પેશભાઈ લહેરૂ, નિપુલભાઈ જોશી, દર્શનભાઈ પાઢ, નિલેશભાઈ ત્રિવેદી, ગુરૂ રાવલ, કિશાન ઠાકર, હાર્દીકભાઈ રાજગોર, કુણાલભાઈ દવે, સ્વયંભુ બ્રહ્મશક્તિના દેવિકાબેન રાવલ, નેહલબેન રાવલ, જાનકીબેન દવે, ઉર્વીબેન આચાર્ય, તનવીબેન લહેરૂ, કોમલબેન રાવલ, દેવયાનીબેન રાવલ, હેમાનીબેન રાવલ, દક્ષાબેન વ્યાસ, મનીષાબેન આચાર્ય, બંસીબેન પાઠક, પ્રીતિબેન વ્યાસ જહેમત ઉઠાવી રહ્યા છે.



તસ્વીરમાં 'અકિલા' ખાતે વિગતો વર્ણવતા સ્વયંભુ બ્રહ્મ સેવક રાજકોટના આગેવાનો નજરે પડે છે. (તસ્વીર : અભિજીત બગથરીયા) (૧૬.૧)

## મહારાષ્ટ્ર મંડળ દ્વારકાની સાધારણ સભા

રાજકોટઃ તા. ૧૯, મહારાષ્ટ્ર મંડળ દ્વારકાની વાર્ષિક સાધારણ સભા તા. ૨૭ ના રવિવારે સવારે ૧૧ વાગે મહારાષ્ટ્ર મંડળ, યોગી ટાવર, મોટી ટાંકી પાસે, રાજકોટ ખાતે રાખેલ છે. સર્વે આજીવન સભાસદોને ઉપસ્થિત રહેવા, અને સભા પછી ભોજન વ્યવસ્થા કરેલ હોવાનું અધ્યક્ષની યાદિમાં જણાવાયું છે. (૩૬-૨)

## બજરંગ ગૃપ દ્વારા ચકલીના માળાનું વિતરણ

રાજકોટઃ તા. ૧૯, બજરંગ ગૃપ ઓફ રાજકોટ સીટી દ્વારા દર રવિવારે સવારે ૧૦થી ૧૨, પંચમુખી હનુમાનજી મંદિર પાસે, ગરેડીયા કુવા રોડ ખાતે નિઃશુલ્ક ચકલીના માળા, કુંડાનું વિતરણ કિશોરભાઈ ધનજીભાઈ કારીઆ, હસુભાઈ ગણત્રા, સુનિલભાઈ મજેઠીયા, મનુભાઈ ભગત, બટુકભાઈ રાચ્છ, જયોતિબેન કે. ભટ્ટ, વી.કે. ભટ્ટના હસ્તે કરવામાં આવશે. તેમ વાહીદ મારફાણીયા યાદિમાં જણાવાયું છે. (૩૬

## જન કલ્યાણ ટ્રસ્ટ દ્વારા ચક્ષુદાન

રાજકોટઃ તા. ૧૯, જનકલ્યાણ સાર્વજનિક ચેરીટેબલ ટ્રસ્ટની યાદિ મુજબ રજનીકાંત લક્ષ્મીશંકર ત્રિવેદીનું અવસાન થતા પરિવારની ઈચ્છા અને ટ્રસ્ટની પ્રેરણાથી ચક્ષુદાન કરેલ છે. તેમ ટ્રસ્ટના ચેરમેન ઉમેશભાઈ આર. મહેતાની યાદીમાં જણાવાયું છે. (૩૬

સદગુરૂદેવ પૂ.પારસમુનિ મ.સા.ની પ્રેરણા-નિશ્રામાં

# સમસ્ત મહાજન આયોજિત નિશુલ્ક છાસ કેન્દ્રનો કેકેવી ચોક ખાતે પ્રારંભ



રાજકોટ, તા.૧૯ઃ સદગુરુ દેવ પૂજ્ય શ્રી પારસમુનિ મહારાજ સાહેબની પ્રેરણા તથા તેમની શુભ નિશ્રામાં, દાતા મધુબેન પ્રમોદભાઈ દેસાઈ, હસ્તેઃ અમિતભાઈ દેસાઈ તરફથી... કાલાવડ રોડ, કે.કે.વી હોલ પાસે નિઃશુલ્ક ઠંડી છાસ વિતરણ કેન્દ્રનો શુભારંભ રાજકોટ-૬૯નાં ધારાસભ્ય ડૉ.દર્શિતાબેન શાહના હસ્તે કરેલ. આ સેવાકીય સત્કાર્યનાં શુભારંભ અવસરે... રોયલ પાર્ક સ્થા. જૈન મોટા સંઘનાં ઉપપ્રમુખ બીપીનભાઈ પારેખ, સત્કાર્ય સેવા સમિતિના સંયોજક રાકેશભાઈ ડેલીવાળા, યુવા ભાજપ અગ્રણી મોનિલભાઈ શાહ, વિશ્વ વણીકના પ્રશાંતભાઈ, બિલ્ડર રુદ્રેશભાઈ ગાંધી, ચંદ્રેશ બારોટ, અંકિતાબેન મહેતા, ભવ્ય સૌરાષ્ટ્રના તંત્રી રેખાબેન, મહાવીર ભાઈ જૈન, વિરલભાઈ બારોટ, પ્રશાંતભાઈ ચોકસી, અમિતભાઈ પુનારા, મારવાડી ચિરાગભાઈ, સમસ્ત મહાજનના કાર્યકર મુકેશભાઈ મહેતા જૈન મહેતા આદી સેવાભાવી ઉપસ્થિત રહી આ કાર્યની અનુમોદના કરી હતી. ભરઉનાળે બળબળતા તાપમાં લોકોની જઠરાગ્નિ ઠારવા માટે સતત ચાર વર્ષથી સમસ્ત મહાજન સંચાલિત જીવદયાપ્રેમી કેતનભાઈ સંઘવી જહેમત ઉઠાવી રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે ચાર વર્ષથી ચાલતા છાશ વિતરણ કેન્દ્રને મંડપ તથાં ટેબલ આદી વસ્તુની ફ્રી સર્વિસ આપી એવર માસ્ટર મંડપ સર્વિસનાં અમિતભાઈ દોશી આ સેવાકીય પ્રવૃતિઓ સાથે જોડાયાં છે.

કેતનભાઈ સંઘવી સાથે નીતિનભાઈ મહેતા તથા સમગ્ર ટીમ પોતાના સમયનું અનુદાન આપી પુણ્યનું ભાથું બાંધી રહ્યાં છે. આ છાસ કેન્દ્રનો લોકો સારાં પ્રમાણમાં લાભ લઈ રહ્યા છે. (૨૨.૧૩)

# પશ્ચિમ રેલ્વે દ્વારા રાજકોટ-મુંબઈ સેન્ટ્રલ વચ્ચે સુપરફાસ્ટ તેજસ સ્પેશિયલ ટ્રેન ચલાવવામાં આવશે

રાજકોટ, ૧૮ : પશ્ચિમ રેલ્વેએ મુસાફરોની સુવિધા માટે અને ખાસ કરીને ઉનાળા દરમિયાન તેમની મુસાફરીની માંગને પહોંચી વળવા માટે રાજકોટ અને મુંબઈ સેન્ટ્રલ રેલ્વે સ્ટેશનો વચ્ચે વિશેષ ભાડા પર સુપરફાસ્ટ તેજસ સ્પેશિયલ ટ્રેનો ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.



આ ખાસ ટ્રેનની વિગતો નીચે મુજબ છે.

ટ્રેન નં. ૦૯૦૦૬/૦૯૦૦૫ રાજકોટ-મુંબઈ સેન્ટ્રલ

સુપરફાસ્ટ સ્પેશિયલ (૧૭-૧૭ ટ્રિપ્સ)

ટ્રેન નં. ૦૯૦૦૬ રાજકોટ - મુંબઈ સેન્ટ્રલ સ્પેશિયલ દર મંગળવાર, ગુરુવાર અને શનિવારે રાજકોટ થી સાંજે ૬.૩૦ વાગ્યે ઉપડશે અને બીજા દિવસે સવારે ૭.૩૦ વાગ્યે મુંબઈ સેન્ટ્રલ પહોંચશે. આ ટ્રેન ૨૨ એપ્રિલથી ૨૯ મે, ૨૦૨૫ સુધી દોડશે. તેવી જ રીતે, ટ્રેન નં. ૦૯૦૦૫ મુંબઈ સેન્ટ્રલ - રાજકોટ સ્પેશિયલ મુંબઈ સેન્ટ્રલથી દર સોમવાર, બુધવાર અને શુક્રવારે ૨૩.૨૦ વાગ્યે ઉપડશે અને બીજા દિવસે ૧૧.૪૫ વાગ્યે રાજકોટ પહોંચશે. આ ટ્રેન ૨૧ એપ્રિલથી ૨૮ મે, ૨૦૨૫ સુધી ચાલશે.

આ ટ્રેન બંને દિશામાં બોરીવલી, વાપી, સુરત, વડોદરા, આણંદ, અમદાવાદ, વિરમગામ, સુરેન્દ્રનગર અને વાંકાનેર સ્ટેશનો પર ઉભી રહેશે.

આ ટ્રેનમાં ફર્સ્ટ એસી, એસી ૨-ટાયર અને એસી ૩-ટાયર કોચ હશે. ટ્રેન નંબર ૦૯૦૦૫ અને ૦૯૦૦૬ નું બુકિંગ ૧૯.૦૪.૨૦૨૫ થી તમામ પીઆરએસ પર ખુલ્લું રહેશે.

કાઉન્ટર અને IRCTC વેબસાઈટ પર શરૂ થશે. ટ્રેનોના સ્ટોપેજ, સમય અને રચના અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry. indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે. (૯.૧૩)

# ગોરખપુર સ્ટેશન પર નોન-ઇન્ટરલોકીંગ કાર્યના કારણે પોરબંદર-મુઝફ્ફરપુર એક્સપ્રેસ ટ્રેન ડાયવર્ટ કરાયેલા રૂટ પર દોડશે

રાજકોટ, તા.૧૯ઃ પૂર્વોત્તર રેલવેના કુસમ્હી-ગોરખપુર-ગોરખપુર કેન્ટ સ્ટેશનો વચ્ચેની ત્રીજી લાઈનમાં નોન-ઈન્ટરલોકીંગ કાર્યને કારણે, રાજકોટ ડિવિઝન થી પસાર થતી પોરબંદર-મુઝફ્ફરપુર એક્સપ્રેસ ટ્રેન ડાયવર્ટ કરાયેલા રૂટથી ચાલશે. વિગતવાર માહિતી નીચે મુજબ છેઃ-

૧.૨૪.૦૪.૨૦૨૫, ૨૫.૦૪.૨૦૨૫, ૦૧.૦૫.૨૦૨૫ અને ૦૨.૦૫.૨૦૨૫ની ટ્રેન નંબર ૧૯૨૬૯ પોરબંદર-મુઝફ્ફરપુર એક્સપ્રેસને તેના નિર્ધારિત રૂટ ગોરખપુર કેન્ટ-પનિયાહવા-નરકટિયાગંજ જં.-મુઝફ્ફરપુર ને બદલે ડાયવર્ટેડ રૂટ વાયા ગોરખપુર કેન્ટ-ભટની જં.-છપરા ગ્રામિણ-મુજફ્ફરપુર જં. થઈને ચાલશે.

૨.૨૭.૦૪.૨૦૨૫ અને ૨૮.૦૪.૨૦૨૫ની ટ્રેન નંબર ૧૯૨૭૦ મુઝફ્ફરપુર-પોરબંદર એક્સપ્રેસ તેના નિર્ધારિત રૂટ મુઝફ્ફરપુર જં.-નરકટિયાગંજ જં.-પનિયાહવા-ગોરખપુર કેન્ટ ને બદલે ડાયવર્ટેડ રૂટ વાયા મુજફ્ફરપુર૫ જં.-છપરા ગ્રામિણ-ભટની જં.-ગોરખપુર કેન્ટ થઈને ચાલશે. યાત્રીઓને વિનંતી છે કે કૃપા કરીને ઉપરોક્ત ફેરફારને ધ્યાનમાં રાખીને યાત્રા કરે. ટ્રેનોના સમય, ઠહરાવ અને સંરચના વિશે વિગતવાર માહિતી માટે, યાત્રી કૃપા કરીને વેબસાઈટ www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે. (૯.૧૩)



# સમાજ સતા લીઝથી આપે છે, ઓનરશીપથી નહીંઃ પૂ.ધીરજમુનિ મ.સા.

## પૂ.ધીરગુરૂદેવની પ્રેરણાથી દાતાના નામને કાયમી રાખવા ૨૧ લાખનો ચેક અર્પણઃ સમાજ માટે ઉમદા ઉદાહરણ



રાજકોટઃ શ્રી સૌરાષ્ટ્ર શિક્ષણ અને સેવા સમાજ- શિશુમંદિર (મારૂતિનગર)માં વર્ષો પૂર્વ શારદાબેન રમણીકલાલ શાહ (ઓમાનવાલા) અને છબીલદાસ ગુલાબચંદ શાહ - સરસ્વતી માધ્યમિક વિદ્યામંદિર નામકરણમાં અનુદાન મળેલ.

તાજેતરમાં કરોડોના ખર્ચે સરસ્વતી શિશુ મંદિર શાળાનું નવનિર્માણ કરવામાં આવેલ છે. જેમાં જૈન દાનવીર શશીકાંત જી. બદાણી, દયાબેન જી. શેઠ, બીનાબેન અજયભાઈ શેઠ દ્વારા માતબર અનુદાન અર્પણ કરવામાં આવેલ.

કોરોના પછી ઓમાનવાલા શાળા મહાત્મા ગાંધી ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત માતૃમંદિર ઈંગ્લિશ મીડીયમ સ્કુલ સંકુલમાં બપોરની શિફટમાં ચાલે છે. જેમાં કોઈ શૈક્ષણિક ફી લેવામાં આવતી નથી.

આજે શનિવારે સવારે ૮ કલાકે પૂ.શ્રી ધીરગુરૂદેવની પ્રેરણાથી મુળ નામથી શાળાના નામકરણની તકતી અનાવરણ વિધિ પ્રસંગે શ્રી સૌરાષ્ટ્ર શિક્ષણ અને સેવા સમાજના ચેરમેન અપૂર્વ મણિઆર ડો. બળવંત જાની, પલ્લવીબેન દોશી વગેરે ટ્રસ્ટી મંડળના હસ્તે મહાત્મા ગાંધી ચેરિ. ટ્રસ્ટના હેલીબેન ત્રિવેદી, તેમજ હરિકૃષ્ણ પંડયાના કરકમલોમાં ૨૧ લાખનો ચેક અર્પણ કરાયો હતો. પિયૂષ મહેતાના હસ્તે હેલીબેન ત્રિવેદી વગેરેના નવકાર મહામંત્રીની ફ્રેમ અર્પણ કરવામાં આવેલ. આ પ્રસંગે પૂ. ગુરુદેવ સમારોહમાં ઉપસ્થિત શિક્ષણપ્રેમીઓ તથા સમાજ સેવક ટ્રસ્ટીઓને જણાવેલ કે જીવનમાં સતાનો કયારેય દુરૂપયોગ ન થાય તેની છેલ્લા શ્વાસ સુધી કાળજી રાખશો. દુનિયામાં દાતાઓ છે તો ટ્રસ્ટીઓની કિંમત છે. માટે નાનામાં નાના દાતાને અન્યાય ન થઈ જાય તેવી વફાદારી રાખીને કાર્ય કરશો.

કહેવાતા સમાજના ઠેકેદારો અને ટ્રસ્ટીઓ જ મનમાની કરવા લાગશે તો સમાજ વ્યવસ્થા ખોખલી થઈ જશે. કોઈકના દાન અને નામ ઉપર પોતાના નામો ચડાવનાર કે લખાર દાનવીર બની શકે નહી! સમાજ સત્તા લીઝ પર આપે છે, ઓનરશીપ થી નહી! તે કદી ભૂલવું નહી. (૨.૨૫)



# રાજકોટ જિલ્લા ભાજપ દ્વારા ડો. બાબા આંબેડકર જયંતિ નિમિતે યોજાયુ પ્રબુધ્ધ નાગરિક સંમેલન

## પ્રદેશ વકતા પલ્લવીબેન ઠાકર અને લાલજીભાઇ સોલંકીનું પ્રેરક સંબોધન : અનુ.જાતિના લોકોને સહાય અંગે માહીતગાર

રાજકોટ : ડો. બાબાસાહેબ આંબેડકરની જન્મ જયંતી નિમિત્તે રાજકોટ જીલ્લા ભાજપ દ્વારા રાજકોટ જીલ્લા ભાજપ કાર્યાલય ખાતે ડો.બાબા સાહેબ આંબેડકરજીના જીવન-કવન પર પ્રબુદ્ધ નાગરીક સંમેલન યોજાયુ હતુ. આ સંમેલનમાં રાજકોટ જીલ્લા ભાજપ મહામંત્રી નરેન્દ્રસિંહ જાડેજા, રવિભાઈ માંકડિયા, જીલ્લા પંચાયત પ્રમુખ પ્રવિણાબેન સંજયભાઈ રંગાણી, પ્રદેશ કારોબારી સભ્ય દિનેશભાઈ અમૃતિયા, પૂર્વ ધારાસભ્ય લાખાભાઈ સાગઠીયા સહિત જીલ્લા ભાજપના હોદેદારો, જીલ્લા મોરચાના પ્રમુખ-મહામંત્રીઓ, જીલ્લાના મંડલના પ્રમુખ-મહામંત્રી, જીલ્લા પંચાયતના સભ્યો, તાલુકા પંચાયત અને નગરપાલીકાના પ્રમુખ-ઉપપ્રમુખ અને કારોબારી ચેરમેનો, અનુ.જાતી મોરચાના જીલ્લા હોદેદાર, મંડલના પ્રમુખ-મહામંત્રીઓ સહીતના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે પ્રદેશ વકતા પલ્લવીબેન ઠાકર અને લાલજીભાઈ સોલંકીએ જણાવ્યું હતું કે, વિશ્વ વિભૂતિ ડો.બાબા સાહેબ આંબેડકરને કોંગ્રેસના શાસનમાં માત્ર ફૂલહારના કાર્યક્રમો થતા. જ્યારે ભારતીય જનતા પાર્ટીના શાસનમાં ડો.બાબા સાહેબ આંબેડકરજીના જીવન ચરિત્ર મુજબ છેવાડાના માનવીને સહાય પુરતી મળી રહે તેવા પ્રયત્નો સરકાર કરતી રહે છે. ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી, ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના વડપણ હેઠળની સરકારે અનુ.જાતીના લોકોને વિવિધ યોજનાના લાભાન્વિત કરીને આર્થિક પગભર બનાવ્યા છે. પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલ, પ્રદેશ મોરચા પ્રમુખ ગૌતમભાઈ ગેડીયા દ્વારા અનુ.જાતીના લોકોને વધુમાં વધુ યોજનાકીય લાભ મળે એ માટે ભારતીય જનતા પાર્ટી પણ આ બાબતે પ્રયત્નો કરીને ગામડે ગામડે છેવાડાના માનવી સુધી જઈને જન-જનને સરકારની યોજનાઓની સમજણ આપે છે. આ સમગ્ર સંમેલનનું સંચાલન જીલ્લા મહામંત્રી નરેન્દ્રસિંહ જાડેજાએ સંભાળેલ. સ્વાગત તેમજ આભારવિધિ જીલ્લા મહામંત્રી રવિભાઈ માંકડિયાએ કરેલ. તેમ રાજકોટ જીલ્લા પ્રેસ મીડિયા ઈન્ચાર્જ રાજેશભાઈ ગોંડલીયા અને સહ-ઈન્ચાર્જ પ્રકાશભાઈ સોલંકીની યાદીમાં જણાવેલ છે. (૧૬.૨)

ધીરગુરુદેવના સાંનિધ્યે

# જશ-પ્રેમી-ધીર સંકુલમાં કાલે જૈન શાળા તકતી અનાવરણ

રાજકોટઃ તા.૧૯ઃ શ્રી જશ-પ્રેમ-ધીર સંકુલ વૈશાલીનગરમાં પૂ. શ્રી ધીરગુરુદેવની નિશ્રામાં કાલે તા.૨૦ ને રવિવારે સવારે ૯ કલાકે અનુપુર્વી જાપ અને ૯-૩૦ કલાકે લાભુબેન અનંતરાય અદાણી પ્રેરિત જૈન શાળા અનુમોદન તકતી અનાવરણ વિધિ જીતુભાઈ અદાણીના હસ્તે યોજાયેલ છે. જયારે તા. ૪ મે ના શ્રમજીવી ઉપાશ્રયે જૈન શાળા અનુમોદના તકતી અનાવરણ યોજાશે.

તાજેતરમાં પૂ. ધીરગુરુદેવની નિશ્રામાં જૈન અગ્રણી જીતુભાઈ બેનાણીના હસ્તે પ્રદીપભાઈ શાહ પરિવારનું મોમેન્ટોથી અભિવાદન કરાયુ હતુ. (૩.૧૩)



# રાજકોટ મશીનરી સ્પેર્સ સપ્લાય એસોસીએશન દ્વારા એન્યુઅલ જનરલ મીટીંગ-સ્નેહમીલન



રાજકોટઃ મશીનરી સ્પેર્સ સપ્લાયર્સ એસોસીએશન-રાજકોટ દ્વારા નવા નાણાંકીય વર્ષને સ્નેહમિલનનું આયોજન કરવામાં આવેલ, બહોળી સંખ્યામાં સભ્ય સંખ્યા પરિવાર સહિત ઉપસ્થિત રહયા હોવાનું સંસ્થાની યાદીમાં જણાવે છે. સહમંત્રીશ્રી વિનોદભાઈ અકબરીએ પ્રાર્થના દ્વારા મિટીંગનો પ્રારંભ કરાવેલ, પ્રમુખશ્રીએ સમીરભાઈ ચંદે સર્વે સભ્યો મિત્રો સાથે આવકાર્યા હતા, મુખ્ય મહેમાન પદેશ્રી વિજયભાઈ ડોબરીયા, સદભાવના વૃધ્ધાશ્રમ વાળા ઉપસ્થિત રહી તેમનું પૂર્વ પ્રમુખશ્રી મેઘજીભાઈ ઘેલાણી અને પૂર્વ ટ્રેઝરરશ્રી પ્રમોદભાઈ મહેતાએ સન્માન કરેલ..આખા ગુજરાતમાં વૃક્ષો વાવી હરીયાલી લાવવાનું કાર્ય કરતા વિજયભાઈને મોમેન્ટો તથા માતબાર રોકડ રકમનું કવર આપેલ, ટ્રેઝરર શ્રી પરેશભાઈ અઢીયા તથા શ્રીમતિ સેજલબેન પી. અઢીયાએ જ્ઞાનવર્ધક રમત રમાડેલ. વિજેતાઓને હદેદારો દ્વારા પુરસ્કાર આપેલ. નવી કમીટીએ સર્વે ઉપસ્થિતોને આવકારી આભારની લાગણી પ્રદર્શીત કરી એસોસીએશન નવા સભ્ય થવા પ્રમુખ સમીરભાઈ ચંદે મો. ૯૮૨૪૨ ૩૪૧૦૨, માનદ મંત્રી અશ્વિનભાઈ પટેલ મો. ૯૮૨૫૧ ૯૫૯૫૫ અને ટ્રેઝરર પરેશભાઈ અઢિયા મો. ૯૮૨૪૨ ૦૪૨૯૪ નો સંપર્ક કરવા અનુરોધ કરેલ. કાર્યક્રમને યશસ્વી બનાવવામાં પ્રમુખ સમીરભાઈ ચંદે (ગોપાલ એન્ટરપ્રાઈઝ), ઉપપ્રમુખ રામજીભાઈ લાડાણી (માઈક્રો બેરીંગ કોર્પો.), માનદમંત્રી અશ્વિનભાઈ પટેલ (ગીતા એન્જી.કોર્પો), સહમંત્રી વિનોદભાઈ અકબરી (કિશન મેન્યુફેચર્સ), ટ્રેઝરર પરેશ અઢીયા (સપના સેલ્સ કોર્પો.), કારોબારી મેમ્બરમાં ઈશ્વરભાઈ બ્રાંભોલીયા (જયંત બેરીંગ), પિયુષભાઈ પટેલ (કિરીટ એન્જી. કોર્પો.) મુકેશભાઈ પાંભર (સહજાનંદ એન્જી. વર્કસ) રાજેશભાઈ અઢીયા (જલારામ ટ્રેડીંગ કું.) ચેતનભાઈ ગણાત્રા (મારૂતિ સેલ્સ એજન્સી), સુનીલભાઈ ત્રાંબડીયા (સ્વસ્તીક એન્જીનીયરીંગ કંપની) કાર્યરત રહેલ. કાર્યક્રમનું સંચાલન અશ્વિનભાઈ પટેલ તથા પરેશભાઈ અઢીયાએ કરેલ એન્કરીંગ સેવા પિયુષભાઈ પટેલે પુરી પાડેલ. આભાર વિધી ઉપપ્રમુખ રામજીભાઈ લાડાણીએ કર્યાનું સંસ્થાના માનદમંત્રી અશ્વિનભાઈ પટેલની યાદીમાં જણાવાયું છે. (૩૬-૫)

પાલીતાણા સ્થિત સુવિખ્યાત શ્રી કાલભૈરવ મંદિરના મહંત અને પ્રખર ભાગવતાચાર્યની આ ૬૭૭ મી કથા

# પ્રભાસપાટણના સોમનાથ મંદિરે રમેશભાઇ શુકલ દ્વારા શ્રી રામ કથા





કાનજીભાઈ કુહાડા મેમોરીયલ ટ્રસ્ટ દ્વારા આયોજીત કથાનો લાભ લેવા કિશોરભાઈ કુહાડા અને જીતુભાઈ કુહાડા દ્વારા નિમંત્રણ અપાયું છે. (૩૬-૬)

## ૨૪ એપ્રિલ ગુરૂવારથી કથા શરૂ થશે અને ૨ મેં ના શુક્રવારે કથાનો વિરામ: પોથીના મુખ્ય યજમાન કુહાડા પરિવાર

રાજકોટ: શ્રી વેરાવળ પાટણ (સોમનાથ) સનાતન હિન્દુ સેવા સમાજ તથા સ્વ. મોહનભાઈ કાનજીભાઈ કુહાડા મેમોરીયલ ટ્રસ્ટ દ્વારા પ્રભાસ પાટણ સ્થિત શ્રી સોમનાથ મંદિરે શ્રી રામ કથાનું આયોજન કરવામાં આવેલ છે.

તા. ૨૪ એપ્રિલના ગુરૂવારથી તા. ૨ મેં શુક્રવાર સુધી પ્રભાસપાટણના શ્રી સોમનાથ મંદિરે સાગર દર્શન હોલ ખાતે આયોજીત શ્રી રામકથામાં વ્યાસપીઠ ઉપર ખ્યાતનામ કથાવકતા પ્રખર ભાગવતાચાર્ય શ્રી કાલભૈરવ મંદિરના મહંત શ્રી રમેશભાઈ શુકલ (પાલીતાણાવાળા) કથાનું સંગીતમય રસપાન કરાવશે. કથાનો સમય બપોરે ૩ થી ૬ સુધીનો રહેશે.

શ્રી રામકથામાં શ્રી શિવ વિવાહ, શ્રી રામ જન્મ ઉત્સવ, શ્રી રામ વિવાહ, શ્રી કેવટ પ્રસંગ, શ્રી ભરત મિલાપ, શ્રી સુંદરકાંડ, શ્રી રામેશ્વર પૂજન, શ્રી રામરાજયાભિષેક જેવા પ્રસંગો ધામધુમથી ઉજવવામાં આવનાર છે.

ભાગવતાચાર્ય અને પાલીતાણા કાલભૈરવ મંદિરના મહંત શ્રી રમેશભાઈ શુકલએ જણાવેલ છે કે આ કથાનું નામ 'માનસવંદેમાતરમ' રાખવામાં આવેલ છે.

આ શ્રી રામકથાના મુખ્ય યજમાન કુહાડા પરિવાર છે. શ્રી વેરાવળ પાટણ(સોમનાથ) સનાતન હિન્દુ સેવા સમાજ તથા સ્વ. મોહનભાઈ

# ગુણુભાઇ ડેલાવાળા ઉપર સફળ બાયપાસ સર્જરી: તબીયત સુધારા ઉપર

## હજુ એકાદ અઠવાડીયુ હોસ્પિટલમાં જ રહેવું પડશે



રાજકોટ: સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા ઉપર અમદાવાદમાં એપિક હોસ્પિટલમાં ડો. અનીલ જૈને બાયપાસ સર્જરી કરી છે અને તે સફળ થઈ છે. ગુણવંતભાઈ ડેલાવાળાને તાજેતરમાં હૃદયરોગનો હુમલો આવ્યો હતો અને સિનર્જી હોસ્પિટલ માં ખસેડાયા બાદ વધુ સારવાર માટે અમદાવાદ એપિક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

અમદાવાદમાં ડો. અનીલ જૈને તેમના ઉપર બાયપાસ સર્જરી કરી હતી અને તે સફળ થઈ હતી. તેઓની બે નળીમાં બ્લોકેજ હતું. હવે તેમની તબિયત સુધારા ઉપર છે. (૩૬-૯)

# લોધિકાના ચાંદલીમા પાદરવાળી આઇ શ્રી ખોડિયાર મંદિર જીર્ણોદ્ધાર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ અંતર્ગત શ્રીમદ્ ભગવદ્ કથા: પરસોત્તમભાઈ રૂપાલા, રામભાઇ મોકરીયા સહિતના ઉપસ્થિત







લોધિકા: તાલુકાના ચાંદલી ગામ સમસ્ત પાદરવાળી આઈ શ્રી ખોડિયાર મંદિર જીર્ણોદ્ધાર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ અંતર્ગત શ્રીમદ્ ભગવદ્ કથા નું શ્રવણ કરતાં રાજકોટ જીલ્લા સાંસદ પરસોત્તમભાઈ રૂપાલા રાજ્ય સભાના સાંસદ રામભાઈ મોકરીયા તેમજ જેન્તીભાઈ સરધારા ડી.કે. સખીયા નિતિનભાઈ ઢાંકેચા ચેતનભાઈ રામાણી પરસોત્તમભાઈ સાવલીયા સહિત ઉપસ્થિત રહેલ તેમજ ગામ સમસ્ત ઉપસ્થિત રાજદ્વારીઓ નું સન્માન કરવામાં આવેલ હતું.(૩૮.૧૧)

# સુદામા સેતુ આજે પણ બંધ: પ્રવાસીઓમાં ઉંડી નિરાશા



યાત્રાધામ દ્વારકામાં આવેલો સુદામા સેતુ, જે મિત્રતા અને સુંદરતા માટે જાણીતો છે,

છેલ્લા બે વર્ષથી વધુ સમયથી બંધ છે. ખાસ કરીને ૩૦ ઑક્ટોબર ૨૦૨૨ના રોજ મોરબીમાં થયેલી પુલ દુર્ઘટનામાં ૧૩૫ લોકોએ દુ:ખદ મૃત્યુ મેળવ્યા બાદ સુરક્ષા અંતર્ગત સુધામા સેતુ પણ તત્કાલ બંધ કરી દેવામાં આવ્યો હતો. દુર્ઘટનાને હવે લાંબો સમય વીતી ગયો હોવા છતાં, સુદામા સેતુને ફરીથી શરૂ કરવાની કામગીરીમાં કોઈ સ્પષ્ટતા કે ગતિ જોવા મળતી નથી. પરિણામે આજે પણ દ્વારકામાં આવતા યાત્રાળુઓ અને સ્થાનિક લોકોએ ઉંદી નિરાશા અનુભવી રહી છે.

મુખ્ય મુદ્દાઓ: સુદામા સેતુ, દ્વારકાનું ઓળખાણ અને આકર્ષણનું કેન્દ્ર રહ્યો છે, પણ છેલ્લા લગભગ ૨ વર્ષથી બંધ છે., સરકાર તથા સ્થાનિક તંત્રને અનેકવાર રજુઆત કર્યા છતાં પુલ ખોલવાની કાર્યવાહી ચાલુ થતી નથી. પ્રવાસીઓમાં સતત-પ્રશ્નો ઉઠી રહ્યા છે કે આખરે આ સેતુ ફરી ક્યારે શરૂ થશે?, પંચકૂઈ બીચ તરફ જવા ઈચ્છતા યાત્રાળુઓ માટે આ પુલ મુખ્ય માર્ગ રહ્યો છે, જે હવે બંધ હોવાથી વૈકલ્પિક માર્ગોથી મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.,સ્થાનિક લોકો અને યાત્રાળુઓ તરફથી હવે ફરીથી દબાણ વધ્યું છે કે સુદામા સેતુ તાત્કાલિક પુન:શરૂ કરવો જોઈએ. વિશ્વપ્રસિદ્ધ યાત્રાધામ દ્વારકા માટે સુદામા સેતુ માત્ર એક પુલ નથી, તે દ્વારકાની ધરોહર અને અનુભવનો ભાગ છે.(આલાપ ભરતભાઈ બારાઈ-ઓખા) (૩૬-૭)

# કાલે સંતશ્રી લાલબાપાની ૮૪ મી પુણ્યતિથિ મહોત્સવ: આરતી, મહાપ્રસાદ, સંતવાણીના કાર્યક્રમો

રાજકોટ: શ્રી રાધેશ્યામ ગૌશાળા-શ્રી મોચી સમાજ તેમજ સર્વે સમાજ દ્વારા આયોજીત સંતશ્રી લાલબાપાની ૮૪ મી પુણ્યતીથી મહોત્સવ કાલે રવિવારના રોજ ગૌશાળા રૈયાધાર પાણીના ટાંકા પાસે, રામાપીર ચોકડી ખાતે ઉજવવામાં આવશે.

કાલે મહાપ્રસાદ રાત્રીના ૭ થી ૯, સંતવાણી રાત્રીના ૧૦ કલાકે રાખેલ છે. શ્રી લાલબાપાની આરતી સાંજે ૭ કલાકે, સામૈયા સાંજે ૫ કલાકે શ્રી શૈલેષભાઈ હેંમતભાઈ ચૌહાણ, રામાપીર ચોકડી, ૮૦ ફુટ રોડ, ૧૩ માળીયા કવાર્ટરની સામે યમના ઘરઘંટીવાળી શેરી ખાતેથી નિકળશે. શ્રી લાલજીભાઈ દામજીભાઈ ચાવડા, શ્રી શૈલેષભાઈ હેમંતભાઈ ચૌહાણ દ્વારા મહાપ્રસાદનું આયોજન થયું છે. ભાવિકોને લાભ લેવા રાધેશ્યામ બાપુ મો. ૯૨૨૮૩ ૫૩૭૮૦ દ્વારા નિમંત્રણ અપાયું છે. (૩૬-૧૧)

## અવસાન નોંધ

### મોંઘીબેન ગોહેલ

રાજકોટ: મોંઘીબેન બચુભાઈ ગોહેલ (ઉ.વ.૮૯) તે જગદીશભાઈ ગોહેલના માતા, નારણભાઈ ગોહેલના કાકી અને વનરાજભાઈ ગોહેલના દાદીમાનું તા. ૧૭/૪ના અવસાન થયું છે. સદગતનું બેસણું તા. ૨૧ના સોમવારે ઓડ સમાજની વાડી, માટેલ પાન સામે કૈલાસ ચોક, જુની જેલ સામે દૂધ સાગર રોડ રામનાથપરા ખાતે રાખેલ છે.

### દિલીપસિંહ ઝાલા

રાજકોટ: મુળ તનમનીયા નિવાસી હાલ રાજકોટના વતની દિલીપસિંહ ચંદુભા ઝાલા (ઉ.વ.૬૦) તે મહેન્દ્રસિંહ ચંદુભા ઝાલાના નાના ભાઈ, પાર્થરાજસિંહ ઝાલા તથા યશરાજસિંહ ઝાલાના પિતાજી તેમજ ભગીરથસિંહ ઝાલા અને ધર્મજીતસિંહ ઝાલાના કાકાનું તા. ૨૧ના અવસાન થયું છે. સદગતનું બેસણું ૨૧ના સોમવારે સાંજે ૫ થી ૭, તેમના નિવાસ સ્થાન ૮૫૫-ગુ.હા.બોર્ડ દુધ સાગર રોડ વિમાના દવાખાના પાછળ રાખેલ છે. (૧૪.૯)

# ચાલોને...માણસ... માણસ...રમીએ... માનવયજ્ઞ... જીવદયા યજ્ઞ... જળયજ્ઞ... સંસ્કૃતિ યજ્ઞ...: કાલે અનોખો કાર્યક્રમ

## સેવાકીય પ્રવૃતિ કરતી સંસ્થાઓનું સન્માન, ''લોકઉપયોગી સપ્તાહ''નો પ્રારંભ થશે



રાજકોટ: શાશ્વત ફાઉન્ડેશન દ્વારા સાંપ્રત સમયમાં એક અનોખો અભિગમ ધરાવતો કાર્યક્રમ ''ચાલોને... માણસ... માણસ...રમીએ...., માનવતા યજ્ઞ, જીવદયા યજ્ઞ, જળયજ્ઞ, સંસ્કૃતિ યજ્ઞ'' શિર્ષક હેઠળ આવતી કાલે તા.૨૦ રવિવારનાં રાજકોટ એન્જીનીયરીંગ એસોસિએશન હોલ ખાતે સાંજે ૬.૩૦ થી ૮.૩૦ દરમ્યાન યોજાશે.

જે અંતગર્ત રાજકોટની છેલ્લા બે દશકોથી સેવારત સંસ્થાઓને બોલબાલા ચેરીટેબલ ટ્રસ્ટ કરૂણા ફાઉન્ડેશન એનિમલ હેલ્પ લાઈન જલક્રાંતિ ટ્રસ્ટ, શ્રી ભગીની સેવા ફાઉન્ડેશન ને વિશેષ સન્માનિત કરવામાં આવશે. આ પ્રસંગે મોટીવેશનલ સ્પીકર હર્ષલ માંકડ તથા જલક્રાંતિ અને ગૌક્રાંતિ પર મનસુખભાઈ સુવાગિયા તથા જીવદયા વાદ પર લેખક અને તત્વચિંતક પ્રો.એમ.ડી.મેઘનાથી પોતાનો સંવાદ રજૂ કરશે. સાથે જ આ કાર્યક્રમથી શાશ્વત ફાઉન્ડેશન દ્વારા ''લોક ઉપયોગી સપ્તાહ'' નો શુંભારંભ થશે જેમાં વિવિધ સેવાકાર્યો કરવામાં આવશે.

સંસદ સભ્યશ્રી પરસોતમભાઈ રૂપાલા, ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ, ડો. દર્શિતાબેન શાહ, રમેશભાઈ ટીલારા, મેયર નયનાબેન પેઢડીયા, સ્ટે. ચેરમેન વિક્રમભાઈ પૂજારા, પૂર્વ મહામંત્રી કિશોરભાઈ રાઠોડ અને ફાયર બ્રિગેડ કમીટી ચેરમેન દિલીપભાઈ લુણાગરીયા ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે શાશ્વત ફાઉનડેશનનાં પ્રમુખ નિલેશપુરી ગોસ્વામી, પરેશભાઈ સખિયા, હિમાંશુભાઈ કયાડા, ઉદયભાઈ માંડલિયા, ગિરીશભાઈ ગોહેલ, પરેશભાઈ ટોપીયા, પરેશભાઈ ઢોલરીયા, અને નલિનભાઈ સાંગડીયા જહેમત ઉઠાવી રહ્યા છે. (તસ્વીર: અભિજીત બગથરીયા) (૩૮.૧૬)



**હેરીટેજ વોક :** ભગિની સેવા ફાઉન્ડેશન સંચાલિત અને અ.સૌ. રાણી કાદમ્બરીદેવી જાડેજાના નેજા હેઠળ હેરીટેજ વોકનું આયોજન દર મહિનામાં એક દિવસ ગોઠવવામાં આવે છે. જે અંગર્તત આ વખતે જયુબેલી ગાર્ડનથી લઈ લેંગ લાયબ્રેરી, વોટસન મ્યુઝિયમ, બેન્ડ સ્ટેન્ડ, ધર્મેન્દ્રસિંહજી કાપડ બજાર, જુની શાકમાર્કેટ, ઠોસા ગલી, દાણાપીઠ, ચબુતરો, જુનાગઢનો ઉતારો, દરજી બજાર, રૈયા નાકા ટાવર, સોની બજાર, કૃષ્ણરાયજીની હવેલી, દરબાર ગઢ, બેડી નાકા ટાવર સહીતની વિરાસત સમાન જગ્યાઓની મુલાકાત લેવાં આવી હતી. આ હેરીટેજ વોકને સફળ બનાવવા ભગિની સેવા ફાઉન્ડેશનના જાનકીબા ઝાલા, દેવયાનીબા રાણા, ધ્રુવીબા જાડેજા, મહેશ્વરીબા જાડેજા, દર્શીતાબા જાડેજાએ જહેમત ઉઠાવી હતી. (૧૬.૪)



**લોકવિજ્ઞાન કેન્દ્રમાં ઠંડાપીણાની સ્પર્ધા :** ઓ.વે.શેઠ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર ખાતે તાજેતરમાં ઉનાળામાં ઠંડક આપતા ઠંડા પીણા બનાવવાની સ્પર્ધા યોજવામાં આવી હતી. બહેનોએ આ સ્પર્ધામાં ઉત્સાહભેર ભાગ લઈ ઘરેથી પીણા બનાવી તે કઈ રીતે બનાવ્યા તેની રીત અને કયા પોષકતત્વો ઉમેરાયા તેની જાણકારી સ્પર્ધા સ્થળે રજુ કરી હતી. બે વિભાગમાં યોજાયેલ આ સ્પર્ધાના 'અ' વિભાગમાં પ્રથમ ક્રમે અવનીબેન ઠકકર, દ્વીતીય ક્રમે કૃપાબેન ભટ્ટ તેમજ તૃતિય ક્રમે પલ્લવીબેન ઠકકર અને સ્પેશિયલ ઈનામમાં આરતી સંઘવી વિજેતા બન્યા હતા. દરેક સ્પર્ધકને ઈનામો અપાયા હતા. નિર્ણાયક તરીકે મહિલા કોલેજના ડો. ભાવનાબેન વૈદ્યએ સેવા આપેલ. સમગ્ર આયોજન શ્રીમતી સ્વાતિબેન દવે અને અંજનાબેન દવેએ કર્યુ હતુ. સંસ્થાના નિયામક ડો. રમેશભાઈ ભાયાણીએ ઉપસ્થિત રહી ઉનાળામાં ઠંડક આપતા પીણામાં રહેલ પોષકતત્વોની માહીતી આપી હતી. (૧૬.૧)

# સોમવારથી રાજકોટમાં ક્રિકેટ ટૂર્નામેન્ટનો પ્રારંભ

## ખાસ ખબર દ્વારા શાસ્ત્રીમેદાન ખાતે જીતેન્દ્ર વરૂ મેમોરિયલ કપ: ૬૪ ટીમો વચ્ચે રાત્રિ ટેનિસ ક્રિકેટનો મહામુકાબલો



રાજકોટ: ખાસ ખબર દ્વારા રાત્રિ પ્રકાશ ક્રિકેટ ટુનામેન્ટનું જાજરમાન આયોજન આગામી ૨૧ એપ્રિલ થી ૪ મે દરમિયાન જીમખાના ક્રિકેટ ગ્રાઉન્ડ શાસ્ત્રી મેદાન ખાતે કરવામાં આવ્યું છે. જેમાં ક્રિકેટ પ્રેમીઓને ૧૪ દિવસનો જબરદસ્ત જસલો માણવા મળશે.

આ ટુર્નામેન્ટની ખાસિયત એવી કે કવાર્ટર ફાયનલથી ફેસબૂક અને યુટયુબ ઉપર તેનું લાઈવ પ્રસારણ થશે. સાથોસાથ મેદાનમાં હાજર પ્રેક્ષકો માટે મોટી એલઈડી સ્ક્રીન રાખવામાં આવેલ છે. બીસીસીઆઈ માન્ય સ્ટેટ લેવલના અમ્પાયરિંગ પેનલ દ્વારા જ તમામ મેચોનું અમ્પાયરિંગ કરવામાં આવશે.

આ મહામુકાબલામાં રાજયભરમાંથી ૬૪ ટીમો ભાગ લઈ રહી છે. ટુર્નામેન્ટમાં વિજેતા થનાર ટીમને લાખેણા ઈનામો સાથોસાથ રનર્સઅપ તેમજ મેન ઓફ ધી મેચ, બેસ્ટ બોલર, બેસ્ટ બેટરને પણ આર્કષક ઈનામો આપવામાં આવશે. ખાસ ખબર , ન્યુઝ, સર્વેશ્વર ચોક ચેરીટેબલ ટ્રસ્ટ, પંચનાથ મિત્રમંડળની ટીમ દ્વારા આયોજનકરવામાં આવ્યું છે.

૬૪ ટીમો વચ્ચેના ડ્રો તેમજ મેચોનું શેડયુલ બની ચૂકયા છે. જે ટુંક સમયમાં જાહેર કરવામાં આવશે. તમામ ટીમોનું રજીસ્ટ્રેશન થઈ ગયું હોવાથી વધારે ટીમોનો સમાવેશ થઈ શકે તેમ ન હોવાનું યાદીમાં જણાવાયું છે. આ રાત્રિ પ્રકાશ ટુર્નામેન્ટ ૨૧ થી ૪ મે સુધી જીમખાના ક્રિકેટ ગ્રાઉન્ડ શાસ્ત્રીમેદાન રાજકોટ ખાતે યોજાશે તેમ જણાવાયું છે. (૩૬-૧૦)



# મોડાસા મુલાકાત સમયે રાહુલ ગાંધીએ નઇમ ઇરશાદ મીરઝા પરિવાર સાથે મુલાકાત માટે ખાસ સમય ફાળવ્યો





રાજકોટ: લોકસભામાં વિરોધપક્ષના લડાયક નેતા રાહુલ ગાંધી ગુજરાતમાં કોંગ્રેસ પક્ષના સંગઠનને મજબુત કરવા સતત પ્રયત્નશીલ બન્યા છે. બહુ થોડા સમયમાં ગુજરાતની ત્રીજી મુલાકાત લીધી.

અરવલ્લી જીલ્લાના મોડાસા ખાતે રાહુલ ગાંધીએ પક્ષના પાયાના કાર્યકરો સાથે બેઠક કરી તેનો જુસ્સો વધારેલ હતો. મોડાસાએ કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રીય નેતા રહી ચુકેલા ગુજરાતના ઈરશાદ બેગ મીરઝાનું વતન. જેમણે ઈંદીરાજી, રાજીવજી, સોનીયાજી અને રાહુલ ગાંધી સાથે વિશ્વાસુ સાથી બની પક્ષના સંગઠનમાં કાર્ય કરેલ. આ સબંધને યાદ કરી રાહુલ ગાંધીએ મોડાસા મુલાકાત સમયે સ્વ.ઈરશાદ બેગ મીરઝાના પુત્ર અને પ્રદેશ કોંગ્રેસના મહામંત્રી નઈમ બેગ મીરઝા (મો.૯૮૨૫૩ ૭૧૦૭૯) અને તેના પરીવારની સાથે ખાસ સમય આપી ગાંધી પરીવાર અને મીરઝા પરીવારના સબંધો તાજા કર્યા. આ સમયે નઈમ બેગે રાજીવ ગાંધી અને તેના વિશ્વાસુ એવા ઈરશાદ મીરઝાની લાક્ષણીક તસ્વીર. રાહુલ ગાંધીને આદરપુર્વક ભેટ આપેલ હતી.

આ સમયે નઈમ બેગ મીરઝાના પુત્ર હૈદર મીરઝા સાથે રાહુલ ગાંધીએ પ્રેમ પુર્વક અનેક સવાલ-જવાબ કરી પોતાની લાગણી વ્યકત કરી આશીર્વાદ આપ્યા હતાં અને પ્રસન્નતા સાથે હૈદરની માંગણી સ્વીકારી શુભેચ્છા સાથે ઓટોગ્રાફ આપેલ હતાં. નઈમ બેગ મીરઝા પોતાના પિતા માફક ખુબ સારા વકતા છે. અંગ્રેજી, ગુજરાતી, હિન્દી, ઉર્દુ ભાષા ઉપર પકડ ધરાવે છે. છેલ્લા ચાર વર્ષ થયા પ્રદેશ કોંગ્રેસ સમિતીના હોદેદાર તરીકે પક્ષમાં સતત સક્રિય ભુમીકા બજાવી રહેલ છે.

તસ્વીરમાં મોડાસા મુલાકાત સમયે રાહુલ ગાંધી મીરઝા પરીવારને મળ્યા. તસ્વીરમાં ઈરશાદ મીરઝાના મોટા પુત્ર રીઝવાન, નાના પુત્ર નઈમ અને તેના પુત્ર હૈદર સાથે રાહુલ ગાંધી નજરે પડે છે. (૩૫.૧૯)

રિક્ટર સ્કેલ પર તીવ્રતા ૬.૮ નોંધાઇ : લોકોમાં ભયનો માહોલ

# અફઘાનિસ્તાનમાં ભૂકંપ : દિલ્હીથી પાકિસ્તાન સુધી આંચકા અનુભવાયા




નવી દિલ્હી, તા.૧૯: અફઘાનિસ્તાન-તાજિકિસ્તાન સરહદી વિસ્તારમાં આવેલા ૬.૮ ની તીવ્રતાના ભૂકંપને કારણે ઉત્તર ભારતના ઘણા ભાગોમાં હળવાથી મધ્યમ ભૂકંપના આંચકા અનુભવાયા હતા. બપોરે ૧૨:૧૭ વાગ્યે કાશ્મીર ખીણ અને દિલ્હી-એનસીઆરમાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા હતા, જેના કારણે લોકોમાં ગભરાટ ફેલાયો હતો. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી (NCS) અનુસાર, ભૂકંપની ઊંડાઈ જમીનથી ૮૬ કિલોમીટર નીચે હતી અને તેનું કેન્દ્ર અફઘાનિસ્તાનપ્રતાજિકિસ્તાન સરહદી વિસ્તારમાં હતું. આ વિસ્તાર પહેલાથી જ ભૂકંપની પ્રવૃત્તિઓ માટે સંવેદનશીલ માનવામાં આવે છે.

કાશ્મીર ખીણમાં આવેલા ભૂકંપ પછી લોકો પોતાના ઘરો અને ઓફિસોમાંથી બહાર નીકળી આવ્યા હતા. વાયરલ થયેલા વીડિયોમાં, શ્રીનગરમાં એક ઈમારતમાંથી લોકો ભાગી રહ્યા હતા. તેવી જ રીતે, દિલ્હીપ્રએનસીઆરમાં ઘણા લોકોએ પણ ભૂકંપના આંચકા અનુભવ્યા હોવાની પુષ્ટિ કરી અને સોશિયલ મીડિયા પર પોતાની પ્રતિક્રિયાઓ શેર કરી.

અત્યાર સુધી કોઈ પણ પ્રકારના જાનમાલના નુકસાનના અહેવાલ નથી. વહીવટીતંત્રે જણાવ્યું હતું કે પરિસ્થિતિ પર નજર રાખવામાં આવી રહી છે અને રાહત અને બચાવ ટીમોને સતર્ક રાખવામાં આવી છે. જોકે, નિષ્ણાતો માને છે કે આ ઊંડાઈએ ભૂકંપથી વ્યાપક નુકસાન થવાની શક્યતા ઓછી હોય છે.

યુરેશિયન અને ઈન્ડો-ઓસ્ટ્રેલિયન પ્લેટોની અથડામણને કારણે અફઘાનિસ્તાન-તાજિકિસ્તાન સરહદી પ્રદેશ ભૂકંપની દ્રષ્ટિએ અત્યંત સક્રિય છે. અહીં નિયમિત અંતરાલે ભૂકંપ આવતા રહે છે. તાજેતરના વર્ષોમાં પણ, આ વિસ્તારમાં ઘણી વખત તીવ્ર ભૂકંપના આંચકા નોંધાયા છે.(૨૩.૧૮)

કોઠારીયા રોડની સોસાયટીમાં મકાન તોડી પાડવા મળેલ નોટસથી રહેવાસીઓમાં ચિંતા

# શિવધારા-રણુજાધામ સોસાયટીમાં બનનાર હોલ અન્યત્ર બનાવો

## અમે ૨૫-૩૦ વર્ષથી રહીએ છીએ: લાઇટ-બીલ-વેરા બીલ ભરીએ છીએ: રહેવાસીઓએ હૈયા વરાળ ઠાલવી

રાજકોટ: તા. ૧૯: શહેરના વોર્ડ નં. ૧૮ ના કોઠારીયા રોડ વિસ્તારની શિવધારા સોસાયટી, રણુજાધામ સોસાયટીમાં મકાન તોડી પાડવા નોટીસ અપાતા લોકોમાં ભારે ચિંતાનું મોજુ વ્યાપી ગયેલ છે. મનપામાં સોસાયટી દ્વારા આ અંગે મ્યુનિસીપલ કમિશ્નરશ્રીને આવેદન અપાયું છે.

'અકિલા' કાર્યાલય ખાતે મુલાકાત દરમિયાન સોસાયટીના આગેવાનો વિજયભાઈ પટેલ, દિપકભાઈ ડાભી, અશ્વીનભાઈ આહિર, વિક્રમભાઈ બોરીચા, નરેશભાઈ ગઢવી તથા યોગેશભાઈ કારેણા સહિતના સ્થાનીકોએ જણાવેલ કે અમે અહીં ૨૫ વર્ષથી રહીએ છીએ. લાઈટ બીલ, વેરા બીલ સહિત ટેક્ષ પણ ચુકવીએ છીએ ત્યારે મકાન તોડી પાડવાની નોટીસથી અમારા આશીયાના છીનવાઈ જશે.

આવેદનમાં જણાવ્યા મુજબ શિવધારા સોસાયટી/ રણુજાધામ સોસાયટી કોઠારીયા રોડ ખાતે આશરે ૩૫ પરિવાર રહીએ છીએ, અમોને કોઠારીયા ટી.પી. સ્કીમ નં. ૧૨ માં આવેલ અંતિમ ખંડ નં. ૪૨/એ સામાજિક માળખાના હેતુ માટેના અનામત પ્લોટમાં કોમ્યુનીટી હોલ બનાવવા કામે બાંધકામ શાખા દ્વારા કલમ-૬૮ હેઠળ નોટીસ પાઠવવામાં આવેલ છે. જે અન્વયે અમો શિવધારા સોસાયટી/રણુજાધામ સોસાયટીના રહેવાસીઓને તા. ૧૯/૦૪/૨૦૨૫ના રોજ સવારે ૧૧ થી ૧ કલાકે હાજર રહેવા જણાવવામાં આવેલ છે. અમો લતા વાસીઓ અમારા નોટીસના જવાબ સાથે ૭/૧૨, ૮/અ, સોસાયટી બનાવનાર તરફથી આપવામાં આવેલ પ્રમાણપત્રો, પંચાયતમાં ભરેલ વેરાની પહોંચ, લાઈટ બીલ વિ. આ સાથે રજુ રાખેલ છે.

આ સર્વે નંબરવાળા જગ્યા વર્ષ ૨૦૧૪ થી રાજકોટ મહાનગરપાલિકામાં ભળેલ છે અને તે પહેલા આ જમીન કોઠારીયાના સર્વે નંબરથી ઓળખાતી હતી તે મુજબ અમો આશરે છેલ્લા ૩૦ વર્ષથી જગ્યા પર અમારા પરિવાર સાથે વસવાટ કરીએ છીએ. અને સોસાયટીઓ રેગ્યુલરાઈ થવા માટે પણ આવી ગયેલ હતી પરંતુ યેનકેન પ્રકારે મોડુ થતાં હાલ રેગ્યુલરાઈઝ થઈ શકેલ નથી. શિવધામ-૨ સોસાયટીમાં કોમન પ્લોટની ખુબ મોટી જગ્યા આવેલી છે, જો જમીન અંતિમ ખંડ નં. ૪૨/એ સામાજીક માળખાના હેતુના કામમાં ઉપયોગ કરવામાં આવે તો અમારા જેવા નાના માણસોએ વર્ષોની મહેનત કરીને ઉભા કરેલા મકાનોને તોડી પાડવા માટે નોટીસો આપવામાં આવેલ છે. નોટીસ આપેલ લોકોની જમીનની કુલ માપણી કરતા પણ ત્યાં કોમ્યુનીટી હોલ બની શકે તેટલી જગ્યા થતી નથી.

રજુઆતના અંતે જણાવેલ કે, આ જગ્યાઓને અંતિમખંડ નં. ૩૨/એ સામાજીક માળખાના હેતુના અનામત પ્લોટમાં ભેળવવાના બદલે આજુબાજુમાં રહેલ કોમન પ્લોટમાં સ્કીમ તબદીત કરવામાં આવે જેથી અમારા મકાનો હાલની સ્થિતિમાં જળવાઈ રહે અને અમારી વર્ષોની પરસેવાની કમાણીમાંથી બનાવેલ મકાનો જળવાઈ રહે અને મકાનો રેગ્યુલરાઈ કરીઆપવા જણાવાયુંહતું.(૬.૧૫)




શિવધારા સોસાયટી-રણુજાધામ સોસાયટીમાં ડીમોલીશનની નોટીસ મળતા સ્થાનીકોએ ''અકિલા'' કાર્યાલય ખાતે હૈયા વરાળ ઠાલવી તંત્રને કોમ્યુનીટી હોલ અન્યત્ર બનાવવા માંગ કરી હતી ત્યારની તસ્વીર. (તસ્વીરઃ અશોક બગથરીયા)(૬.૧૫)

# કચ્છના પૂર્વ કલેક્ટર પ્રદીપ શર્મા સહિત ૪ ને ૫ વર્ષની સજા

## જિંદાલ જમીન ફાળવણી કેસમાં ભ્રષ્ટાચાર બદલ ભુજ કોર્ટે સજા ફટકારી

(વિનોદ ગાલા દ્વારા)ભુજ, તા.૧૯: કચ્છના પૂર્વ કલેક્ટર પ્રદિપ શર્મા જમીન ફાળવણીના કેસમાં દોષિત જાહેર કરાયા, જિંદાલ ગ્રુપને જમીન ફાળવણી કરવાના ગોટાળાના કેસમાં ભુજ કોર્ટે દોષી જાહેર કર્યા, જિંદાલ ગ્રુપને જમીન આપી તેમાં નિયમોનું ઉલ્લંઘન થયું હતુ, પ્રદીપ શર્મા સહિત ચાર આરોપીઓ ભુજ કોર્ટમાં હાજર રહ્યા હતા, પ્રદીપ શર્મા સહિત તમામ આરોપીને પાંચ વર્ષની સજા ફટકારી છે. ચુકાદાની વિગતવાર વધુ વિગતો મેળવાઈ રહી છે.

# અકસ્માત સર્જી ચાલક ટેન્કર લઇ ભાગ્યો: કારચાલકે પીછો કરી ઝડપી લીધો

## બેડી ચોકડીથી માધાપર ચોકડી વચ્ચે બનાવ: લક્ષ્મણભાઇ પરમારની ટેન્કર ચાલક યુપીનો વિક્રમ નિશાદ વિરૂધ્ધ બી ડીવીઝન પોલીસમાં ફરીયાદ

રાજકોટ, તા. ૧૯ : બેડી ચોકડી નજીક અકસ્માત સર્જી કારમાં નુકશાન કરી ચાલક ટેન્કર લઈને નાશી છુટતા કારના ચાલકે તેનો પીછો કરી ટેન્કરના ચાલકને પકડી લેતા ફરીયાદ થઈ છે.

મળતી વિગત મુજબ રામાપીર ચોકડી પાસે રાણીમા રૂડીમાં ચોકડી સામે બાર માળીયા આવાસના કવાર્ટરમાં રહેતા લક્ષ્મણભાઈ હિરજીભાઈ પરમાર (ઉ.વ.૫૦) ગઈકાલે મોટાબાપુના દિકરાની કારમાં પત્ની, પુત્ર અને ભત્રીજો ચારેય વતન પારડી દસાડાના લીંબડ ગામેથી પરત રાજકોટ આવતા હતા ત્યારે બેડી ચોકડી નજીક એક જી.જે. ૦૬-એટી -૭૫૨૩ નંબરનું ટેન્કર પુરઝડપે આવી કાર સાથે અથડાવતા કારમાં ડ્રાઈવર સાઈડના બંને દરવાજામાં તથા જમણી બાજુ બંને ટાયરની ઉપરના ભાગે રૂા. ૩૫૦૦૦ જેટલું નુકશાન કરી ચાલક ટેન્કર લઈને નાશી છુટતા કારચાલક લક્ષ્મણભાઈએ તેનો પીછો કરી માધાપર ચોકડી નજીકથી પકડી લઈ બી-ડીવીઝન પોલીસમાં ફરીયાદ નોંધાવતા પોલીસે ટેન્કરના ચાલક વિક્રમ બાબુરામ નિશાદ (ઉ.૨૫)(રહે. ઉત્તરપ્રદેશના પ્રહપીગામ) વિરૂધ્ધ ગુનો દાખલ કરી પીએસઆઈ એમ.એન. પીઠીયાએ તપાસ હાથ ધરી છે. (૪.૨૭)

# મારા નામનું મંદિર છે - ઉર્વશી રૌતેલા નિવેદનથી હોબાળો

## સંતોએ કહ્યું માફી માંગો...નિવેદનના કારણે સમગ્ર તીર્થ-પુરોહિત સમાજ ટીકા કરી રહ્યું છે



મુંબઈ, તા.૧૯: બોલિવૂડ એક્ટ્રેસ ઉર્વશી રૌતેલા ફરી એકવાર વિવાદમાં આવી છે. ઉર્વશી રૌતેલાએ એક ઈન્ટરવ્યુમાં ઉત્તરાખંડના એક મંદિરને લઈને વિવાદિત નિવેદન આપ્યું હતું, જેના કારણે હાલ વિવાદ થઈ રહ્યો છે. ઉર્વશીએ બદ્રીનાથ ધામ પાસે આવેલા ઉર્વશી મંદિરને લઈને કહ્યું હતું કે, મારા નામનું મંદિર છે. આ નિવેદનના કારણે સમગ્ર તીર્થ-પુરોહિત સમાજ ટીકા કરી રહ્યું છે.

ઉર્વશી રૌતેલાએ પોતાના ઈન્ટરવ્યુ દરમિયાન કહ્યું હતું કે, ઉત્તરાખંડમાં પહેલાંથી જ મારા નામનું મંદિર છે. ઉર્વશી મંદિર. તમે બદ્રીનાથ મંદિરે દર્શન કરવા જશો તો તેની એકદમ બાજુમાં મારા નામનું ઉર્વશી મંદિર છે. મારી ઈચ્છા છે કે, સાઉથમાં જેમ સુપરસ્ટાર્સના મંદિર છે. તો સાઉથમાં એવું કંઈક મારા ફેન્સ માટે થાય અને મારા નામનું મંદિર બને.

એક્ટ્રેસ રૌતેલાનું આ નિવેદન હાલ સોશિયલ મીડિયામાં ખૂબ જ વાઈરલ થઈ રહ્યું છે. નિવેદનને લઈને લોકો વિવિધ પ્રકારની ટિપ્પણી કરી રહ્યા છે. ઉર્વશીના વિવાદિત નિવેદન પર ઉત્તરાખંડ ચારધામ તીર્થ પુરોહિત મહા પંચાયતે વાંધો ઉઠાવ્યો છે. મહા પંચાયતે ચેતવણી આપી છે કે, એક્ટ્રેસ પોતાના નિવેદનને લઈને માફી નહીં માંગે, તો તેની સામે કેસ દાખલ કરવામાં આવશે. મહા પંચાયતે સરકાર સામે આ મુદ્દે કાર્યવાહી કરવાની માંગ કરી છે. આ સિવાય મહાપંચાયતે કહ્યું કે, ઉર્વશી મંદિર બદ્રીનાથની પાસે આવેલું છે, આ મંદિર આ વિસ્તારની અધિષ્ઠાત્રી દેવી છે.

ઉત્તરાખંડ ચારધામ તીર્થ મહા પંચાયતના પ્રવક્તા અનુરૂદ્ધ પ્રસાદ ઉનિયાલે નિવેદન આપીને કહ્યું કે, આ ખૂબ જ દુઃખદ છે કે, અમુક લોકો દ્વારા સસ્તી લોકપ્રિયતા હાંસલ કરવા માટે આ પ્રકારના નિવેદનો આપવામાં આવી રહ્યા છે. આનાથી લોકો વચ્ચે ખોટો સંદેશ જાય છે. એક્ટ્રેસ દક્ષિણ ભારતીય ફિલ્મોમાં કામ કરી રહી છે અને તે ઈચ્છે છે કે, તેમના નામ પર દક્ષિણ ભારતમાં મંદિર બને તો દક્ષિણ સિનેમામાં એવું કંઈક કામ કરે જેનાથી તેનું પણ મંદિર બને.

ઉર્વશી રૌતેલાએ બદ્રીનાથમાં મંદિરને લઈને આપેલા એક ઈન્ટરવ્યુને લઈને તેની માતા મીરા રૌતેલાએ સ્પષ્ટતા કરી છે. તેમણે કહ્યું કે, ઉર્વશી આ ઈન્ટરવ્યુમાં કહેવા ઈચ્છે છે કે, બદ્રીનાથમાં સ્વર્ગની અપ્સરા ઉર્વશીનું એક મંદિર છે, કારણ કે તેનું નામ પણ ઉર્વશી છે. (૨૨.૧૬)

# વરિયાવંશ પ્રજાપતિ સુરાણી પરિવારના માતાજીનો કેશવાળા મુકામે યજ્ઞ

## સોમવાર સુધીમાં નામ નોંધાવી દેવા

રાજકોટ તા. ૧૯: રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્ર ગુજરાતમાં વસતા વરિયાવંશ પ્રજાપતિ સુરાણી પરિવારના કેશવાળા મુકામે બિરાજતા ખોડીયાર માતાજીનો આ વર્ષે યજ્ઞ તા.૨૭-૪ના રોજ યોજવાનું નક્કી થયેલ છે. યજ્ઞમાં સાતક બેસવા ઈચ્છુકોએ તા.૨૧-૪ સોમવાર સુધીમાં નામ નોંધણી કરાવી ૨૬-૪ના રોજ કેશવાળા મુકામે પહોંચી જવા અને વધુ વધુ માહિતી ૯૮૯૮૦ ૨૪૮૦૭, ૯૮૨૫૨ ૬૮૨૬૩, ૯૪૨૬૪ ૨૨૮૩૩ ઉપર સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે. (૧૪.૮)

મનપાની ટાઉન પ્લાનીંગ શાખા દ્વારા અનામત પ્લોટમાં ગેરકાયદે બાંધકામનું ડીમોલીશન

# મોટા મવા વિસ્તારમાં ૧૨ મકાનો તોડી પડાયાઃ ૧૦૮ કરોડની જમીન ખુલ્લી




રાજકોટ,તા. ૧૯ :મનપાની ટાઉન પ્લાનીંગ શાળા દ્વારા શહેરના મોટા મવા વિસ્તારમાં અનામત પ્લોટમાં ડીમોલીશનની કાર્યવાહી હાથ ધરી રૂ. ૧૦૮ કરોડની ૧૧૦૩૬ ચો.મી. જમીન ખુલ્લી કરવામાં આવી હતી.

મનપાની સત્તાવારની યાદી મુજબ નાયબ મ્યુનિસિપલ કમિશનર ચેતન નંદાણીના આદેશાનુસાર તથા સીટી એન્જીનીયર(સ્પે.) વેસ્ટ ઝોન- કુંતેશ કે. મહેતાના માર્ગદર્શન હેઠળ ટાઉન પ્લાનીંગ શાખા દ્વારા આજ રોજ રાજકોટ મહાનગરપાલિકાને પ્રાપ્ત થયેલ અનામત પ્લોટ પર થયેલ અનઅધિકૃત બાંધકામ દુર કરવા ડિમોલીશનની કામગીરી હાથ ધરવામાં આવેલ. જેની વિગતો નીચે મુજબ છે.

જેમાં વેસ્ટ ઝોનના વોર્ડ નં. ૧૧ ટી. પી. સ્કીમ નં.૧૦-મોટામવા, અંતિમખંડ નં. ૭૩/બી (વાણીજ્ય વેચાણ), તાલુકા પોલીસ સ્ટેશનની સામે, કાલાવડ રોડ, લક્ષ્મીનો ઢોરો, મોટામવા, ખાતે ૧૨ પાકા મકાન તોડી પાડી રૂ.૧૦૮.૧૫ કરોડની ૧૧૦૩૬.૦૦ ચો.મી. જગ્યા ખુલ્લી કરાઈ હતી

આ ડીમોલીશનમાં ટાઉન પ્લાનીંગ શાખા, વેસ્ટ ઝોનનાં આસી. ટાઉન પ્લાનર તથા તમામ આસી. એન્જીનીયર, એડી. આસી. એન્જીનીયર, હેડ સર્વેયર, સર્વેયર અને વર્ક આસિસ્ટન્ટ તેમજ અન્ય જુદી-જુદી શાખાઓ જેવી કે, જગ્યા રોકાણ શાખા, ફાયર વિભાગ, રોશની વિભાગ, વિજિલન્સનો પોલીસ સ્ટાફ તથા કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે P.G.V.C.L. નો સ્ટાફ સ્થળ પર હાજર રહેલ.(૬.૧૬)

# કણકોટ રોડ ઉપર બનશે અદ્યતન એસી કોમ્યુનિટી હોલ

## ટ્રાઈડન હાઈટ્સની સામે ટીપી નં. ૨૭ ફાઈનલ પ્લોટ ૨૧૮ પર ૧૭૭૮ ચો.મી. એરિયામાં સાકાર લેશે



રાજકોટ તા. ૧૯: મહાનગરપાલિકા દ્વારા શહેરના છેવાડાના વિસ્તારોમાં વિકાસના કામોની ગતિ વધારી છે. વોર્ડ નં. ૧૧માં રેસીડેન્ટ વિસ્તારો ફુલ થઈ જતાં થોડા સમય પહેલા જ વોર્ડ નં. ૧૧માં કણકોટ રોડ ઉપર આરોગ્ય કેન્દ્ર અને વોર્ડ ઓફિસને મંજુરી આપવામા આવી છે અને હવે આ વિસ્તારને કોમ્યુનિટી હોલની સુવિધા આપવા માટે કણકોટ રોડ ઉપર ટ્રાઈડન હાઈટ્સ બિલ્ડીંગની સામે આવેલ ટીપી નં. ૨૭ના ૨૧૮ નંબરના ફાઈનલ પ્લોટ ઉપર રૂા. ૨૩.૦૭ કરોડના ખર્ચે કોમ્યુનિટી હોલ બનાવવા માટે ટેન્ડર પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

શહેરના મવડી વિસ્તારમાં મવડી સ્મશાન તરફ જતાં વોર્ડ નં. ૧૧ના કણકોટ રોડ ઉપર ટ્રાઈડન હાઈટ્સ બિલ્ડીંગની બાજુમાં આવેલ ટીપી નં. ૨૭ના ફાઈનલ પ્લોટ નંબર ૨૧૮ ઉપર રૂપિયા ૨૩.૦૭ કરોડના ખર્ચે અદ્યતન ચાર માળના એસી કોમ્યુનિટી હોલ બનાવવાનું ટેન્ડર પ્રસિદ્ધ કરવામાં આવ્યુ છે. આ હોલમાં ૧૭૭૮ ચો.મી. એરિયાનું બેઝમેન અને પાર્કિંગ સહિતનું બાંધકામ શરૂ કરવામાં આવશે. આ હોલમાં ૨૧૬૦ ચો.મી. એરિયાના ગ્રાઉન્ડ ફ્લોરમાં રોડ બાજુ કુલ ૨૧ દુકાનો બનાવવામાં આવશે. તથા સિક્યુરીટી રૂમ, સ્ટોર રૂમ અને ટોઈલેટની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે. કોમ્યુનિટી હોલના ફસ્ટ ફ્લોર પર ૧૭૬૫ ચો.મી. એરિયામાં આશરે ૪૦૦ માણસોની કેપેસીટી વાળો હોલ બનાવવામાં આવશે. જેમાં વરવધુનો રૂમ, કિચન તથા ટોઈલેટનો સમાવેશ થાય છે.

વોર્ડ નં. ૧૧માં તૈયાર થનાર કોમ્યુનિટી હોલના સેકન્ડ ફ્લોર પર ફસ્ટ ફ્લોરની જેમ ૪૦૦ માણસોની કેપીસીટીવાળો હોલ બનાવવામાં આવશે. તેવી જ રીતે થર્ડ ફ્લોર પર આશરે ૪૦૦ માણસોની કેપીસીટી વાળો સેન્ટ્રલ એસી હોલ તૈયાર કરવામાં આવશે. તેવી જ રીતે ફોર્થ ફ્લોર પર ૮ એસી ડિલક્સ રૂમ, એટેચ ટોઈલેટ સાથેના બનાવવામાં આવશે. મનપા દ્વારા વોર્ડ નં. ૧૧માં અત્યાર સુધી વોર્ડ ઓફિસ ન હોય તાજેતરમાં વોર્ડ ઓફિસનું ટેન્ડર પ્રસિદ્ધ કરવામાં આવ્યું હતું અને સાથો સાથ આરોગ્ય કેન્દ્ર વિહોણા વોર્ડને પણ આરોગ્ય કેન્દ્રની ભેટ આપવામાં આવી છે. જેમાં વોર્ડ નં. ૧૧ના પ્રાઈમ લોકેશન ધરાવતા કણકોટ રોડ ઉપર તમામ પ્રકારની સુવિધાઓ માટેના મહાનગરપાલિકાના ટીપી સ્કીમ નં. ૨૭ પૈકી અલગ અલગ ફાઈનલ પ્લોટ ખાલી હોવાથી આ તમામ પ્રોજેક્ટ એક જ રોડ ઉપર બનાવવાનો નિર્ણય લઈ ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં અ ાવી છે. જે પૂર્ણ થયે સ્ટેન્ડીંગમાં પ્રોજેક્ટને મંજુરી આપી વર્કઓડર આપી ઝડપથી કામ શરૂ કરવામાં આવશે.(૯.૨૦)

# રાજ્યના નાગરિકોના જીવ બચાવવા '૧૦૮ ઇમરજન્સી સેવા' અડીખમ : માર્ચ સુધીમાં ૧.૭૫ કરોડથી વધુ કોલ નોંધાયા

## ૫૭.૬૨ લાખથી વધુ પ્રસૂતિ અને ૨૧.૩૬ લાખથી વધુ માર્ગ અકસ્માતમાં ત્વરિત સેવા પૂરી પડાઈ : ૧૬.૬૯ લાખથી વધુ લોકોના જીવ બચાવવામાં સફળતા : અન્ય ઇમરજન્સી સેવાઓનો પણ લાખો નાગરિકોએ લીધો લાભ




ગાંધીનગર, તા. ૧૯: ગુજરાતમાં '૧૦૮ ઈમરજન્સી સેવા' રાજ્યના નાગરિકો માટે જીવનરક્ષક બનીને ઊભી છે. તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા વર્ષ ૨૦૦૭માં શરૂ કરાયેલી આ આરોગ્યલક્ષી સેવા આજે અન્ય રાજ્યો માટે પણ એક આદર્શ મોડેલ તરીકે ઉભરી આવી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન અને આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલના નેતૃત્વ હેઠળ, રાજ્યના દરેક શહેર, જિલ્લા, તાલુકા અને છેવાડાના ગામો સુધી આ સેવા ૨૪કલાક વિનામૂલ્યે ઉપલબ્ધ છે, જે કરોડો નાગરિકો માટે આશીર્વાદરૂપ સાબિત થઈ રહી છે.

રાજ્યમાં '૧૦૮ ઈમરજન્સી સેવા'ની શરૂઆતથી લઈને માર્ચ-૨૦૨૫ સુધીમાં કુલ ૧.૭૫ કરોડથી વધુ ઈમરજન્સી કોલ એટેન્ડ કરવામાં આવ્યા છે અને જરૂરિયાતમંદ દર્દીઓને તાત્કાલિક અને સફળતાપૂર્વક સેવાઓ પૂરી પાડવામાં આવી છે. આ સેવાની મદદથી ૫૭.૬૨ લાખથી વધુ પ્રસૂતિ સંબંધિત ઈમરજન્સી કેસોમાં અને ૨૧.૩૬ લાખથી વધુ માર્ગ અકસ્માતના કિસ્સાઓમાં તાત્કાલિક સેવાઓ આપવામાં આવી છે. અત્યાર સુધીમાં, જીવન અને મરણ વચ્ચે ઝોલા ખાતા ૧૬.૬૯ લાખથી વધુ લોકોના અમૂલ્ય જીવ બચાવવામાં આ સેવાએ મહત્વની ભૂમિકા ભજવી છે. એટલું જ નહીં, એમ્બ્યુલન્સમાં ૯૩,૪૫૦ જેટલી સગર્ભા મહિલાઓને અને ઘટનાસ્થળ પર જ ૫૬,૭૧૫ મહિલાઓને મળીને કુલ ૧.૫૦ લાખથી વધુ સગર્ભા મહિલાઓની સફળતાપૂર્વક પ્રસૂતિ કરાવવામાં આવી છે.

'૧૦૮ ઈમરજન્સી સેવા' ઉપરાંત રાજ્યમાં અન્ય વિવિધ ઈમરજન્સી સેવાઓ પણ કાર્યરત છે, જેનો લાખો નાગરિકોએ લાભ લીધો છે. સપ્ટેમ્બર ૨૦૧૨થી કાર્યરત ૪૩૪ ખિલખિલાટ વાન દ્વારા વર્ષ ૨૦૨૪ સુધીમાં ૧.૨૩ કરોડથી વધુ લાભાર્થીઓને સેવાઓ પૂરી પાડવામાં આવી છે. વર્ષ ૨૦૧૫માં શરૂ થયેલી ૧૮૧ મહિલા હેલ્પલાઈન દ્વારા ૧૫.૮૪ લાખથી વધુ કોલ એટેન્ડ કરવામાં આવ્યા છે અને ૫૯ વાન દ્વારા ૩.૧૭ લાખથી વધુ મહિલાઓને સ્થળ પર જ જરૂરી સહાયતા પૂરી પાડવામાં આવી છે.

વધુમાં, વર્ષ ૨૦૧૭માં શરૂ કરાયેલી ૧૦૪ હેલ્થ હેલ્પલાઈન દ્વારા વર્ષ ૨૦૨૪ સુધીમાં કુલ ૫૧.૨૬ લાખથી વધુ કોલ એટેન્ડ કરીને યોગ્ય માર્ગદર્શન આપવામાં આવ્યું છે. દરિયાકાંઠાના વિસ્તારોમાં તાત્કાલિક સેવાઓ પૂરી પાડવા માટે વર્ષ ૨૦૧૮માં શરૂ કરાયેલી ૧૦૮ બોટ એમ્બ્યુલન્સ દ્વારા ૭૫૩ જેટલા નાગરિકોને આપાતકાલીન સેવાઓ આપવામાં આવી છે. હાલમાં ગુજરાતમાં બે ૧૦૮ બોટ એમ્બ્યુલન્સ સેવા કાર્યરત છે. રાજ્યના ૭ જિલ્લાઓમાં વર્ષ ૨૦૧૯થી કાર્યરત ૧૧૨ ઈમરજન્સી સેવા દ્વારા પોલીસ, ફાયર, મેડીકલ અને ડિઝાસ્ટર ઈમરજન્સી સંબંધિત ૧.૪૮ કરોડથી વધુ કોલ એટેન્ડ કરવામાં આવ્યા છે. પશુધનની સારવાર માટે વર્ષ ૨૦૨૦માં ૧૦ ગામ દીઠ ફરતું પશુ દવાખાનું અને વર્ષ ૨૦૨૩માં કેન્દ્ર સરકાર પુરસ્કૃત ફરતું પશુ દવાખાનાની કુલ ૫૮૬ વાન કાર્યરત છે, જેના દ્વારા ૭૯ લાખથી વધુ પશુઓની સારવાર કરવામાં આવી છે, તેમ ઈ.એમ.આર.આઈ. ગ્રીન હેલ્થ સર્વિસની યાદીમાં જણાવવામાં આવ્યું છે. (આલેખનઃ **જીગર બારોટ**). (૯.૧૭)

# ઉનાળામાં કપાસને ગુલાબી ઇયળથી બચાવવા ખેડૂતો માટે મહત્વપૂર્ણ પગલાં : વાવેતર પહેલાં જ કાળજી લેવી જરૂરી

## ખેતી નિયામક કચેરી દ્વારા ખેડૂતોને આગોતરી તકેદારી રાખવા સૂચના : ઊંડી ખેડ અને જૂના પાકના અવશેષોનો નાશ કરવા

ગાંધીનગર તા.૧૯: ખરીફ સીઝન વર્ષ ૨૦૨૫માં કપાસના પાકની વાવણીને ધ્યાનમાં રાખીને, ખેડૂતોને તેમના પાકને ગુલાબી ઈયળ એટલે કે પિંક બોલવોર્મ નામની જીવાતથી બચાવવા માટે ખેતી નિયામક કચેરી દ્વારા કેટલાક મહત્વપૂર્ણ આગોતરા પગલાં લેવાની સલાહ આપવામાં આવી છે. કપાસનું વાવેતર કરવા ઈચ્છુક ખેડૂતોએ હાલના ઉનાળા દરમિયાન જ આ પગલાં ભરવા અત્યંત જરૂરી છે, જેથી ભવિષ્યમાં પાકને નુકસાનથી બચાવી શકાય.

ખેતી નિયામક કચેરી દ્વારા સૂચવવામાં આવેલા મહત્વપૂર્ણ પગલાં નીચે મુજબ છે.

- ખેતરમાં ઉનાળા દરમિયાન ઊંડી ખેડ કરવી: ખેડૂતોને ખાસ સૂચના આપવામાં આવે છે કે તેઓ પોતાના ખેતરમાં ઉનાળાના સમયગાળા દરમિયાન જ ઊંડી ખેડ કરે. આમ કરવાથી જમીનમાં અગાઉના કપાસના પાકના અવશેષોમાં રહેલી ગુલાબી ઈયળના કોશેટા સૂર્ય પ્રકાશની તીવ્ર ગરમીના સંપર્કમાં આવશે અને કુદરતી રીતે નાશ પામશે. આ ઉપરાંત, જમીનમાં રહેલા અન્ય જીવાતોના ઈંડા અને લાર્વા પણ નાશ પામશે, જે આગામી પાક માટે ફાયદાકારક સાબિત થશે.

- જૂના પાકના અવશેષોનો નાશ કરવો: કપાસના પાકની વાવણીની શરૂઆત કરતાં પહેલાં જ ખેતરમાં રહેલા જૂના પાકના તમામ અવશેષોને કાળજીપૂર્વક વીણી લેવા જોઈએ અને ત્યારબાદ તેનો યોગ્ય રીતે નાશ કરવો જોઈએ. ખેતરમાં જૂના પાકના અવશેષો રહેવાથી ગુલાબી ઈયળને આશ્રય મળી શકે છે અને તે નવા પાકને પણ નુકસાન પહોંચાડી શકે છે. આથી, ખેતરને સંપૂર્ણપણે સાફ કરવું ખૂબ જ મહત્વનું છે.



- પાકનો કચરો ખેતરની આસપાસ ન કરવો: કપાસના ખેતરની આજુબાજુના વિસ્તારમાં પાકનો કચરો, કરસાંઠી અથવા અન્ય કોઈપણ પ્રકારના અવશેષોના ઢગલાં કરવાનું સદંતર ટાળવું જોઈએ. આવા ઢગલાં ગુલાબી ઈયળ અને અન્ય જીવાતો માટે આશ્રયસ્થાન બની શકે છે અને ત્યાંથી તે સરળતાથી ખેતરમાં ફેલાઈ શકે છે, જેનાથી પાકને નુકસાન થવાની સંભાવના વધી જાય છે. આમ, ખેતી નિયામક કચેરી દ્વારા જણાવેલા આ સરળ પરંતુ અસરકારક પગલાં ભરીને ખેડૂતો ઉનાળા દરમિયાન જ તેમના કપાસના પાકને ગુલાબી ઈયળના સંભવિત નુકસાનથી બચાવી શકે છે અને આગામી ખરીફ સીઝનમાં સારો પાક મેળવી શકે છે. (આલેખનઃનિતિન રથવી) (૯.૧૮)

### રાજકોટ કોંગ્રેસ મેદાનમાં ચાર રથ ખુણે-ખુણે ફરીને કુશાસનને ઉજાગર કરશે

# ભ્રષ્ટ ભાજપીઓને ઉઘાડા પાડવા કોંગ્રેસની રથયાત્રા

### ઇન્દ્રનીલ રાજગુરૂ આક્રમક: ભ્રષ્ટ ભાજપ હજુ કેટલાં નિર્દોષોની આહૂતિ લેશે: આજથી જ ચાર રથ રાજકોટનો ખુણેખુણે ફરીને વીડિયા પ્રુફ સાથે અવદશ ઉજાગર કરશે: કાયદો-વ્યવસ્થાથી માંડીને નશાખોરી અને અસુવિધાના વીડિયા વાયરલ થશે

રાજકોટ, તા. ૧૯: ભાજપ સરકારના ભ્રષ્ટાચારને ઉજાગર કરશે શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા શહેરભરમાં ચાર રથ ફરશે. રાજકોટમાં પૂર્વ ધારાસભ્ય ઇન્દ્રનીલ રાજગુરુ એ પત્રકાર પરિષદમાં ભાજપ પર આકરા આ પ્રહારો કર્યા છે. રાજકોટ પૂછે છે ભ્રષ્ટાચારી ભાજપને હજુ કેટલા નિર્દોષની આહુતિ જોઈએ છે ?

આજરોજ રાજકોટ ૪૧ જાગનાથ પ્લોટ, રાજકોટ શહેર કોંગ્રેસ કાર્યાલય ખાતે પત્રકાર પરિષદને સંબોધતા પૂર્વ ધારાસભ્ય ઈન્દ્રનીલ રાજગુરુ એ જણાવ્યું હતું કે ગુજરાતને હપ્તા વાળું ગુજરાત તરીકે ઓળખાય તે હદ સુધી ભાજપ સત્તાનો દુરુપયોગ કરી લોકોના જાનની પરવા કર્યા વગર ભાજપ બેફામ બન્યો છે. તાજેતરમાં સીટી બસના એક ડ્રાઈવરે ચાર લોકોની જિંદગી છીનવી લીધી છે અનેક ને ઘાયલ કર્યા છે પોલીસ મહાનગરપાલિકાનું તંત્ર IAS, IPS ને ભાજપના ભ્રષ્ટાચારના ભાગીદાર થવું પડે છે. જે ડ્રાઈવરે ચારની જિંદગી છીનવી લીધી છે તે ડ્રાઈવરના લાઈસન્સ ની અવધી પણ સમાપ્ત થઈ ગઈ હતી એટલે કે લાયસન્સ વગરના ડ્રાઈવરે ચાર લોકોની જિંદગી છીનવી લીધી છે. સીટી બસના સંચાલકોની હજુ સુધી ધરપકડ કરી નથી પરંતુ ચાર લોકોને જિંદગી છીનવી લીધી અને લોકો ના ટોળા દ્વારા રોષ બતાવેલ તેવા લોકોની પોલીસે ગુનો નોંધી તાત્કાલિક ધરપકડ કરી છે. પરંતુ સીટી બસના સંચાલકો સામે પોલીસ હજી ગુનો નોંધવામાં ફીફા ખાંડે છે. ભાજપના પૂર્વ મહામંત્રી અને સીટી બસના ડ્રાઈવરો પૂરો પાડતા કોન્ટ્રાક્ટર વિક્રમ ડાંગર ને બચાવવા માટે પૂરી સરકાર અને રાજકોટમાં આખું ભાજપ ઊભું રહી ગયું છે. પોલીસ એક્શનમાં છે નહીં. આરટીઓ દ્વારા તપાસ કરતા બસની બ્રેક ડાઉન હતી નહીં ભાજપની સરકાર આપણને બચાવશે કે નહીં તેની કોઈ ગેરેન્ટી નથી કારણ કે ટીઆરપી ગેમ ઝોન, વડોદરા નો હરણીકાંડ, સુરતનો તક્ષશિલા કાંડ, મોરબીનો ઝુલતો પુલ અને રાજકોટની સીટી બસની જે દુર્ઘટનાઓ ભાજપ સરકારની લાપરવાહી અને ભ્રષ્ટાચારી મળતીયાઓને લીધે બની છે. આ પ્રકારની બનતી ઘટનાઓમાં અધિકારીઓ નામ પૂરતા થોડા સમય જેલમાં રાખી ભાજપના આકાઓને બચાવવામાં આવે છે. ચાર રથ લોકો સમક્ષ આજે રાજકોટ શહેરમાં રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા શહેરભરમાં ફરશે ભાજપને ૩૦ વર્ષના સરકારને અમે ઉખાડીને ફેંકી શકીએ એમ નથી લોકોનો પૂરતો સાથ સહકાર જોઈશે ભાજપના ભ્રષ્ટાચારમાં લોહીના ગુણ થઈ ગયા છે. હવે હદ થાય છે લોકો જાગે સમજો અને નિર્ણય કરો અને લોકજાગૃતિ અર્થે જે રથ ફરશે તે દરેક વિધાનસભા ૬૮, ૬૯, ૭૦ અને ૭૧ તમામ વિસ્તારોમાં શેરી ગલીઓમાં અને મુખ્ય રસ્તા ઉપર ભાજપના ભ્રષ્ટાચાર ને લગતી પત્રિકા વિતરણ કરશે. આજે કોઈના ઘરે આજે અકસ્માત થયો નથી એવા પરિવારો પણ યાદ રાખે કે આગામી દિવસોમાં આપણો વારો ન આવે અને લોકો જાગૃત થઈ ભાજપને ઓળખે. દરેક રથ ફરશે તેમાં વોર્ડના પ્રમુખો, પ્રભારીઓ સાથે સંકલન કરી લોકોને જાગૃત કરશે. રાજકોટ શહેર એક હાદસાનું શહેર બની ગયું છે અને ગુજરાતમાં બનતી ઘટના એની સાક્ષી છે અને ગુજરાત પણ એક હાદસાનુ રાજ્ય છે. સરકારી તંત્ર ભ્રષ્ટાચારી ભાજપના ઘુટણીયે પડી ગયું છે અને ભાજપને ભ્રષ્ટાચારના પૈસા પહોંચાડે છે કોર્પોરેશન, પોલીસ બંને ભાજપના આકાઓને માટે કામ કરી રહી છે. ભાજપના આકાઓને બચાવવા માટે પોલીસ અને વહીવટી તંત્રને પાંગળુ બની ગયું છે.

